પ્રાચીન ગુજરાતના
સાંસ્કૃતિક ઇતિહાસની

# સાધન-સામગ્રી

મુનિશ્રી જિનવિજયજી



પ્રકાશક :
શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ: ૩૮૦ ૦૦૪.

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ ગ્રંથમાળા : ૮

પ્રધાન સંપાદક : જિતેન્દ્ર શાહ

# પ્રાચીન ગૂજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની
# સાધન-સામગ્રી

મુનિ શ્રીજિનવિજયજી

પ્રકાશન :
શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર,
'દર્શન', રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

સાધન-સામગ્રી (Sadhan-Samagri)
પ્રકાશક : શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર,
'દર્શન', રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
© શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
પુનર્મુદ્રણ

ડિસેમ્બર, ૧૯૯૫

નકલ : ૫૦૦

કિંમત : રૂ. ૪૦/-

પ્રાપ્તિસ્થાન :

૧.
શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ
રિસર્ચ સેન્ટર, 'દર્શન' બંગલો,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

૨.
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# પ્રકાશકીય

ઈસ્વીસન ૧૯૩૩માં ગુજરાતી સભાના ઉપક્રમે વ્યાખ્યાન માળાનું આયોજન થયું હતું. ત્યારે પુરાતત્ત્વવિદ્ મુનિશ્રી જિનવિજયજીએ એક અભ્યાસપૂર્ણ અને માહિતીસભર પહેલું વ્યાખ્યાન આપ્યું હતું. તેનો વિષય હતો - પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધન સામગ્રી. આ વ્યાખ્યાન વર્ષો પૂર્વે છપાયું હતું. પરંતુ તે સુલભ ન હોવાને કારણે તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં પ્રત્યેક ગુજરાતીને જાણવી ઘટે તેવી અનેક ઉપયોગી વિગતો આપી છે અને ભવ્ય ઈતિહાસના પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનથી વિદ્વાનોને, ઈતિહાસરસિકોને તથા ગુજરાતની પ્રજાને ગુજરાતના સાંસ્કૃતિક વારસાનો પરિચય થશે તેવી આશા છે.

પ્રસ્તુત પુસ્તકનું પુરોવચન પં. શ્રી પ્રદ્યુમ્ન વિજયજી ગણીશ્રીએ લખી આપ્યું છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી નારણભાઈ પટેલે પુસ્તકનાં પ્રૂફ કાળજીપૂર્વક જોયાં છે તે માટે તેમનો આભાર માનીએ છીએ તથા કૉમ્પ્યુટર ઉપર પુસ્તકપ્રકાશનનું કામ શ્રી અખિલેશ મિશ્રા(બિહારવાળા)એ કર્યું છે. તે બદલ તેમના આભારી છીએ.

૨૧ ડિસેમ્બર, ૧૯૯૫ — **જિતેન્દ્ર બાબુલાલ શાહ**

અમદાવાદ

□ □ □

# અભિનન્દનપૂર્વકનો आवकार

સંસ્કૃતિ એ એક સંપત્તિ છે. પ્રત્યેક દેશે તેના સ્રોતની સુરક્ષા કરવી એ એક અનિવાર્ય ફરજ છે. પૂર્વજોની ઘટનામાંથી ઇતિહાસનું સર્જન થાય છે. અને ઇતિહાસની ઘટનામાંથી કશુંક શીખીને પરંપરાથી પ્રાપ્ત સંસ્કૃતિમાં કશુંક ઉમેરીને તેને આગળ ને આગળ ધપાવવાની હોય છે અને એ રીતે તેને આગળ ધપાવવી તે પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે.

ગુજરાત દેશની પણ એક આગવી સંસ્કૃતિ છે, આગવો ઇતિહાસ છે. ગુજરાતને પોતાનો વૈભવભર્યો વારસો છે.

અહીં પુરાતત્ત્વવિદ મુનિ જિનવિજય મહોદયે ઘણો પરિશ્રમ લઈને ઘણા જ્ઞાન-ભંડારોમાંથી તેનું ચયન કરીને એ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સામગ્રી આપણી સામે મૂકી છે.

આવા ઇતિહાસની સાથે સંબદ્ધ વ્યાખ્યાનો નથી તો કાળની સરહદમાં બંધાતા, કે નથી તો તેનું સ્વરૂપ બંધિયાર હોતું. અને તેમાં ક્યારે પણ 'ઇતિ' પદ આવતું નથી. તેઓએ સને ૧૯૩૩ માં આ વ્યાખ્યાન આપ્યા પછી આજ સુધીમાં તો આ જ વિષયનું ઘણું નવું નવું ખેડાણ થયું અને તેમાંથી ગુજરાતના ઇતિહાસને સમજવામાં સહાયક થાય તેવી સામગ્રી મળતી જ રહી છે. ઉદાહરણ તરીકે :

ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ તરફથી પ્રકાશિત લઘુ પ્રબંધ સંગ્રહ નામની એક પ્રાચીન કૃતિ જોવામાં આવે તો તેમાં વંથલીનો પ્રસંગ અને ખાસ કરીને પાટણ (અણહિલપુર-પાટણ) રાજ્યના તે સમયના રીત-રિવાજ, માનવસ્વભાવ વગેરે બાબતો ઉપર પૂરતો પ્રકાશ મળે છે.

માત્ર નામની જ વિચારણા કરીએ તો પણ આશ્ચર્ય થાય તેમ છે. નામની જેમજ તે તે માણસોની અટકો પણ નોંધપાત્ર છે.

આવા આવા પ્રબંધોની શબ્દઆંગળીએ આપણે વળગીએ તો આપણને ઠેઠ આઠસો - નવસો વર્ષના કાળના પડદાને હઠાવીને તે કાળના તે દેશના વાતાવરણમાં મૂકી દે છે. આજ તો તેની મૌલિક વાસ્તવિકતા છે. ઘણી વાર પ્રબંધોના પ્રસંગ કે ઘટનામાં બહુ મહત્ત્વની કે નોંધપાત્ર વાત ન પણ હોય છતાં તે નિરૂપણમાં જે તત્કાલીન સમાજનું વાતાવરણ ઝિલાયું હોય છે, પ્રતિબિંબિત થયું હોય છે તે આપણને તે વખતના દેશ-કાળને સમજવામાં ખૂબ મદદગાર બની રહે છે.

મુનિશ્રી જિનવિજયજીએ તો આ વ્યાખ્યાનમાં તેઓએ પોતાના જીવનમાં જે કાંઈ જોયું જાણ્યું તે બધું જ અહીં ઠાલવી દીધું છે.

અહીં આપેલા ગ્રન્થોનાં નામ-ઠામ, વિષયનિરૂપણ વગેરે જોતાં તેઓનું ઇતિહાસ વિષયક વાચન-નિરીક્ષણનો કેટલો વિશાળ વ્યાપ હશે તેની કલ્પના થઈ શકે છે.

હસ્ત લિખિત ભંડારની નાનામાં નાની ચબરખીમાંથી પણ તેમને ઇતિહાસની કોઈક કડી શોધવાનો પ્રયાસ કર્યો છે.

આવા વ્યાપક ઇતિહાસના મહાલયમાં પહોંચવામાં કામ લાગે તેવી સ્વચ્છ કેડી કંડારી આપીને તેઓએ ઇતિહાસ-પુરાતત્ત્વ અને સંસ્કૃતિના અભ્યાસીને ઉપકૃત બનાવ્યા છે.

આના મનનપૂર્વકના અધ્યયનથી અનેક નવોદિતો ઇતિહાસ-વિદ્યાનો તાજો પ્રાણવાયુ મેળવી, મળેલા છતાં વીસરાતાં વૈભવપૂર્ણ વારસાને સમૃદ્ધ બનાવે.

નવી નવી શોધખોળ કરીને ફરીથી એ પ્રાચીન પરંપરાને જીવંત બનાવવા વિદ્યાનું અનુસંધાન સાધે એવી શુભેચ્છા.

અને છેલ્લે-

શારદાબહેન ચીમનભાઈ એજ્યુ. રિસર્ચ સેન્ટરે આનું પુનર્મુદ્રણ કરીને આ દુર્લભ અને અલ્પજ્ઞાત નિબંધને સર્વ વિદ્વજ્જન માટે સુલભ બનાવ્યો છે તે પણ સંસ્થા અભિનંદનને ધન્યવાદને પાત્ર છે.

જૈનનગર
પાલડી, અમદાવાદ - ૭
અનંત ચતુર્દશી, વિ. સં. ૨૦૫૧.

- પં. પ્રદ્યુમ્નવિજય ગણી

□ □ □

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકીય | ૩ |
| અભિનન્દનપૂર્વકનો આવકાર   પં. પ્રદ્યુમ્નવિજયગણી | ૪ |
| સંસ્કૃતિના જ્ઞાનમાં ઉપયોગી સાધન-સામગ્રી | ૧ |
| ૧૨ મા ૧૩ મા સૈકાનું સાહિત્ય | ૯ |
| ૧૪ મા સૈકાનું સાહિત્ય | ૨૧ |
| ૧૫ મા સૈકામાં લખાયેલું સાહિત્ય | ૩૦ |
| પ્રકીર્ણ સાહિત્ય | ૩૬ |
| ગૂજરાત બહારનાં રાજ્યોના ઇતિહાસમાં ગૂજરાતને લગતી બાબતોની નોંધો | ૪૧ |
| ગ્રન્થપ્રશસ્તિઓ | ૪૪ |
| શિલાલેખો અને તામ્રપત્રો | ૫૬ |
| સિક્કાઓ-મુદ્રાઓ | ૫૮ |
| વિદેશી સાહિત્ય | ૫૯ |
| સ્થાપત્ય અને ભાસ્કર્ય | ૬૬ |
| ઉપસંહાર | ૬૮ |
| વિશેષ નામો અને વિશિષ્ટ ઉલ્લેખોની અકારાદિ અનુક્રમણી | ૭૦ |
| સાલવારી-પ્રસંગો સાથે | ૮૭ |


□ □ □

**સાક્ષરવર અધ્યક્ષ મહાશય અને વિદ્યાવિલાસી સજ્જનવર્ગ !**

ગૂજરાત સાહિત્યસભાના સૂત્રધાર શ્રીયુત ચૈતન્યપ્રસાદ દીવાનજીએ અને તેમના સહમંત્રીઓએ થોડા સમય ઉપર મને આજ્ઞા કરી હતી કે, સાહિત્યસભાએ એવો એક અભિનવ પ્રસ્તાવ પસાર કર્યો છે કે, સભાના જેટલા માન્ય સભાસદો હોય તેમની પાસેથી અકેકું લેખિત વ્યાખ્યાન સભાએ પ્રાપ્ત કરવું અને તેને યોગ્ય રૂપે સદાના માટે સંગ્રહી રાખવું. એ પ્રસ્તાવાનુસાર મારે પણ સભાના શ્રીચરણે એક વ્યાખ્યાનરૂપી શ્રીફળ ભેટ કરી સભાના આદેશને સફળ બનાવવો. મારા માટે તો, 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' તેના જેવો જ આ પ્રિયકર આદેશ છે અને તેથી આનંદપૂર્વક, એ આદેશને અનુસરી, આજે આ વ્યાખ્યાનરૂપી શ્રીફળની મારી સાદી ભેટ લઈ આપની આગળ ઉપસ્થિત થયો છું.

આજના આ વ્યાખ્યાનનો શિરોલેખ **"પ્રાચીન ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રી"** એવો રાખ્યો છે. એમાં મેં, પ્રાચીનકાલીન ગૂજરાતની સંસ્કૃતિના જીવન-વિકાસનો એટલે કે ઇતિહાસનો સાંગોપાંગ અભ્યાસ કરવો હોય તો તે માટે અભ્યાસીઓએ કઈ કઈ જાતની સાધન-સામગ્રીનું અન્વેષણ-અવલોકન-વાચન-સંપાદન ઇત્યાદિ કરવું જોઈએ તેનું કેટલુંક દિગ્દર્શન કરાવવા પ્રયત્ન કર્યો છે.

ગૂજરાતના ઇતિહાસનાં સમગ્ર સાધનો અને ઉપકરણોને એકત્ર કરવાનું સુપ્રભાત તો કોણ જાણે ક્યારે ઊગશે ? પણ એવાં સાધનોની અડધી-ઊણી યાદીઓ કે ટૂટી-ફૂટી રેખાઓનું આલેખન પણ આપણે કરી શકીએ તેવી મંદ પ્રવૃત્તિવાળી અસ્પષ્ટ ઉષાનો પણ હજી ક્યાંયે આભાસ દેખાતો ન થી. બંગાલ, બિ[illegible] ઓરિસા, મદ્રાસ, કર્ણાટક, મહારાષ્ટ્ર

આદિ દેશોના ઇતિહાસ અને પુરાતત્ત્વને પ્રકાશમાં લાવવા માટે, એ પ્રાંતોમાં નાની મોટી રાજકીય અને પ્રજાકીય અનેક સંસ્થાઓ સ્થપાણી છે અને વ્યક્તિકૃત અને વર્ગકૃત અનેક પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ આપણે ત્યાં એમાંનું કશુંયે જણાતું નથી.

ગૂજરાતની અમૂલ્ય ગ્રંથસંપત્તિ, જેની બરાબરી હિંદુસ્થાનનો કોઈ પણ ભાગ કરી શકે તેમ નથી, તે મહારાષ્ટ્રના પાટનગર પૂનામાં, ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની ભીંતોથી ઘેરાયેલી કેદ પડી છે. પચીસેક હજાર જેટલી સંખ્યાવાળા એ મહાન ગ્રંથરાશિમાં, લગભગ ૨૦ હજાર જેટલા ગ્રંથો ગૂજરાતમાંથી ગયેલા છે ! આજ પચાસ કરતાંયે વધારે વર્ષોથી એ ગ્રંથો પૂનાની હવા ખાઈ રહ્યા છે પણ જેનાથી માત્ર એમનાં શુદ્ધ નામ-ઠામ જાણી શકાય તેવી સંક્ષિપ્ત યાદીઓના રૂપમાં પણ પ્રકાશમાં આવવાનું નૂર એમના ભાગ્યમાં હજી ચમક્યું નથી. સરકાર હસ્તક જ્યારે એ ખાતું હતું ત્યારે તો વળી કાંઈક થોડું ઘણું એ દિશામાં કામ થતું હતું; પરંતુ, મારે બહુ જ દિલગીરી સાથે કહેવું પડે છે કે, જ્યારથી એ ખાતું આપણા ભાઈઓની સત્તા નીચે ગયું છે ત્યારથી એકદેશીય અને એકપ્રાંતીય બન્યું છે. જોકે એ ખાતાને પ્રારંભમાં પગભર કરવામાં મેં પણ કાંઈક ભાગ લીધો છે તેમ જ ગૂજરાતીઓના પૈસાથી એ ખાતાનું પ્રારંભિક પિંડપોષણ થયું છે.

આ વ્યાખ્યાનમાં મેં જે ગ્રંથગત સાધન-સામગ્રીનો પરિચય કરાવ્યો છે તેમાંનો મોટો ભાગ એ પૂનાના ગ્રંથસંગ્રહમાં રહેલો છે અને એ ઉપરાંત બીજી પણ ઘણી સામગ્રી ત્યાં છે જેનો નિર્દેશ હું આમાં કરી નથી શક્યો. મારા મને ગૂજરાતની એ સૌથી મોટી અને અસાધારણ સંપત્તિ છે. જગતનો કોઈ પણ સંસ્કારી દેશ અને કોઈ પણ કૃતજ્ઞ પ્રજા પોતાની આવી સંપત્તિની ઉપેક્ષા કે અવગણના ન જ કરી શકે. આપણા પૂર્વજોએ પ્રાણ કરતાં પણ વધારે મૂલ્યવાન્ એ ગ્રંથસંપત્તિને ગણી હતી અને સંતતિ કરતાંયે વધારે પ્રિય એને માની એનું રક્ષણ કર્યું હતું.

મહારાષ્ટ્રના-પૂનાના એક નામાંકિત વિદ્વાન સાથે આજથી પંદરેક વર્ષ ઉપર જ્યારે, હું એ ગ્રંથરાશિ અને ગૂજરાતના સંબંધ વિષે

વાતો કરતો હતો, ત્યારે પ્રસંગવશ એ સ્વદેશાભિમાની પુરુષે મને વ્યંગ્યમાં જણાવ્યું હતું કે ગૂજરાતીઓમાં જો પૂર્વજાભિમાન અને વિદ્યાપ્રેમ હોત તો આ ગ્રંથો પૂનામાં ન હોઈ ગૂજરાતના પાટનગર અમદાવાદમાં વિદ્યમાન હોત. કટાક્ષરૂપે ઉચ્ચરાયેલી એ કડવી વાણી પણ મને બહુ જ પ્રેરક લાગી અને તે દિવસથી મને એવી ઝંખના થવા માંડી કે શું ગૂજરાત અને ગૂજરાતીઓ સાવ એવા ગૌરવહીન અને સંસ્કારશૂન્ય છે કે જેઓ પોતાના પૂર્વજોની કીર્તિને પ્રકાશમાં લાવવા કે સાચવી રાખવા ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ જેવું એકાદું પણ સંગ્રહસ્થાન કે સ્મૃતિમંદિર ઊભું ન કરી શકે ? મારી એ ઝંખનામાં, મારા મિત્ર શ્રી રસિકલાલ પરીખ સાક્ષી હતા. સદ્‌ભાગ્યે બે'કજ વર્ષમાં એ ઝંખના સફળ થતી દેખાણી. અમારી પ્રેરણાથી ગૂજરાત વિદ્યાપીઠે, ગૂજરાત પુરાતત્ત્વ મંદિરની સ્થાપના કરી અને તે દ્વારા ગૂજરાતના ઇતિહાસ, સાહિત્ય અને પુરાતત્ત્વ સ્વરૂપ ગૌરવગરિમાનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન આરંભ્યો. સ્વર્ગસ્થ શેઠ પૂંજાભાઈ હીરાચંદની નિષ્કામ જ્ઞાનભક્તિના પ્રતાપે, પુરાતત્ત્વ મંદિરને ૨૫-૩૦ હજાર રૂપિયા જેટલી આરંભમાં જ ઉદાર સખાવત મળી અને તેની મદદથી અમે શોધખોળના કાર્યને અત્યાવશ્યક એવો મુદ્રિત ગ્રંથોનો સુંદર ભંડાર ભરવા માંડ્યો. પાંચેક વર્ષમાં પુરાતત્ત્વ મંદિરનો એ ગ્રંથ ભંડાર એક ઘણો ઉપયોગી અને વિશિષ્ટ સંગ્રહ બન્યો હતો. મંદિરના પૂજારીઓમાં પણ ગુણ અને શક્તિ પ્રમાણમાં ઘણાંક અનુરૂપ હતાં, અને તેથી આશાપ્રદ કાર્ય થવાની સંભાવના ઊભી થઈ હતી. પરંતુ ભાવિને એ કાર્ય ગમતું નહોતું એમ કહેવું જોઈએ.

ગૂજરાત સાહિત્યસભાએ, મને પોતાનો માન્ય સભાસદ બનાવ્યો, ત્યાર પછી તો હું યુરોપ જઈ આવ્યો અને તેમાંયે ખાસ કરીને જર્મનીની સાહિત્યિક અને સંશોધનાત્મક અનેક સંસ્થાઓનો સારો પરિચય કરી આવ્યો. એ દેશની જ્ઞાનપ્રવૃત્તિ સાથે સરખાવી શકાય તેવું આપણે ત્યાં કશું છે જ નહિ, તેથી હું એ દુરાશાને તો દૂર જ રાખું છું. પરંતુ ૧૯૩૧ની જેલયાત્રા પછી હું ગૂજરાત બહાર બંગાળમાં-શાંતિનિકેતનમાં જઈ રહ્યો અને એ પ્રદેશની આ જાતની પ્રવૃત્તિઓ વિષે કેટલોક વિશિષ્ટ પરિચય મેળવ્યો; તે પરથી મારી એ પૂનાવાળી જૂની

ઝંખના પાછી વધારે તીવ્રતર થવા લાગી છે. ગૂજરાતની પુરાતન સંસ્કૃતિ વિષેની ઉપેક્ષા અને અવગણના ખરેખર ગૂજરાતીઓ માટે શરમાવનારી વસ્તુ થઈ પડી છે. ગૂજરાતમાં એકેય આંતરરાષ્ટ્રીય એવી જ્ઞાનપ્રપા નથી અને એકેય આંતરરાષ્ટ્રીય જ્ઞાનોપાસક વ્યક્તિ નથી. બંગ પ્રદેશમાં, બંગ પ્રજાની જાતીય સંસ્કૃતિનાં અન્વેષણસંશોધનાદિ કાર્ય કરનારી પ્રાંતવાર જ નહિ પણ જિલ્લાવાર સંસ્થાઓ, સમિતિઓ અને પત્રિકાઓ અસ્તિત્વમાં આવતી જાય છે ત્યારે આપણે ત્યાં માત્ર સમ ખાવા માટે પણ કોઈ સંસ્થા કે પત્રિકા વિદ્યમાન નથી !

આજે હું પ્રસંગવશ આપની આગળ આ કહું છું તેનું કારણ એ છે કે ગૂજરાત પાસે દ્રવ્ય છે, જ્ઞાન છે, કાર્ય કરવાની શક્તિ છે અને કાર્ય કરનારી વ્યક્તિઓ પણ છે. માત્ર સંગઠન કરવાની જરૂર છે અને કાર્યનું મહત્ત્વ સમજવાની જરૂર છે. મારા મને સ્વરાજ્ય કરતાંયે સંસ્કૃતિના રક્ષણનું મહત્ત્વ ઘણું મોટું છે. સંસ્કૃતિનું જ્ઞાન જો જીવંત હશે તો સ્વરાજ્ય મળ્યા વગર રહેવાનું નથી અને જો સંસ્કૃતિનું ભાન નષ્ટ થયું તો પછી સ્વરાજ્ય મળવાનું નથી. પ્રજાઓના ભૂતકાળ એ જ આપત્કાળમાં દીપસ્તંભ હોય છે અને એના જ આધારે પ્રજાજીવનનું નાવ વિકરાળ કાળસમુદ્રમાં અથડાતું-પછડાતું પણ પોતાનું દિશાભાન ટકાવી શકે છે. આર્ય પ્રજાની સંસ્કૃતિના સાચા રક્ષકો રામ કે યુધિષ્ઠિર નથી પણ વાલ્મીકિ અને વેદવ્યાસ છે. રામાયણ અને મહાભારતનું જ્ઞાન જ્યાં સુધી સંરક્ષિત અને જીવંત છે ત્યાં સુધી ભારતીય પ્રજાનું અસ્તિત્વ પણ જીવંત છે. અસ્તુ. આ તો કેટલુંક પ્રાસ્તાવિક કહેવાઈ ગયું છે.

હવે મુખ્ય વિષયમાં પ્રવેશ કરીએ તે પહેલાં એક વસ્તુનો ખુલાસો કરવો આવશ્યક છે. શિરોલેખમાં 'પ્રાચીન ગૂજરાત' એવો નિર્દેશ કરેલો છે. આપ સૌ જાણો જ છો કે પ્રાચીન શબ્દનો અર્થ તો બહુ વ્યાપક છે, સૃષ્ટિના આદિકાળથી લઈ, આપણી પહેલાના થોડાક જ દૂર સુધીના સમયને-નિકટભૂતનેય એ શબ્દ લાગુ પાડી શકાય છે તેથી અહીં એ પ્રાચીન શબ્દથી મને કયો કાળ અર્થાત્ સમય અભિપ્રેત છે તેનો ખુલાસો કરી દઉં છું. મેં પખવાડિયા પહેલાં જ (જૂન ૨૮થી તે જુલાઈ ૨-૩૩) મુંબઈ યુનિવર્સિટી તરફથી, ગૂજરાતની પ્રાચીન સંસ્કૃતિ વિષે

કેટલાંક ભાષણો ત્યાં આપેલાં તે વખતે મેં ગૂજરાતની સંસ્કૃતિના ત્રણ યુગો કલ્પ્યા હતા :- પ્રાચીન, મધ્ય અને અર્વાચીન. મારી એ કલ્પના પ્રમાણે, જે દિવસથી ગૂજરાતના રાજનગર અમદાવાદના બાદશાહી કિલ્લાના એટલે કે ભદ્રના બુર્જ ઉપર અંગ્રેજી સલ્તનતનો યુનિયન જેક ઊડવા લાગ્યો અને ખ્રિસ્તધર્માનુયાયી રાજદંડનું સર્વોપરી શાસન ગૂજરાતની પ્રજા ઉપર પ્રવર્તવા લાગ્યું, ત્યારથી ગૂજરાતની સંસ્કૃતિનો અર્વાચીન યુગ શરૂ થયો. તે પૂર્વનો જે મુસલમાની સત્તાનો સર્વ રાજ્યકાળ તેને મેં ગૂજરાતની સંસ્કૃતિનો મધ્યયુગ ગણ્યો છે. તેનો પ્રારંભ જે દિવસે અણહિલપુરની હિંદુરાજસત્તાનો છત્રભંગ થયો, તે દિવસે થયો ગણાય. એ પહેલાંનો યુગ તે પ્રાચીનયુગ. એની પૂર્વમર્યાદા સ્થૂળરૂપે, ગુપ્તસામ્રાજ્યના પતનકાળ સાથે જોડી શકાય. વિક્રમના ૬ઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં ગૂર્જર દેશનો ઉદય થયો ગણીએ તો ત્યારથી લઈ તેરમા સૈકાના અર્ધ ભાગ સુધીનો, આઠસો વર્ષનો, મારો કલ્પેલો એ ગૂજરાતની સંસ્કૃતિનો પ્રાચીન યુગ થાય છે.

ઇતિહાસકારો, સામાન્ય રીતે, એ યુગને મધ્યયુગના નામે ઓળખાવે છે અને તે સમુચ્ચય ભારતના ઇતિહાસની દૃષ્ટિએ યોગ્ય પણ લાગે છે. પરંતુ ગૂજરાતના ઇતિહાસની દૃષ્ટિએ તે બહુ સંગત નથી લાગતું. કારણ, ગૂજરાત એક દેશ તરીકે ભારતના દેશોમાં સૌથી છેલ્લો વ્યક્તિત્વ પામે છે. આ દેશનો તો જન્મ જ એ યુગમાં થયેલો છે. એ પહેલાં ગૂજરાતનું 'ગૂજરાત' તરીકે અસ્તિત્વ પણ જો ન હોય તો પછી આ દેશ માટે એ સમયને મધ્યયુગ તરીકે શી રીતે લેખી શકાય ?

ગૂજરાતના સાંસ્કૃતિક જીવનની દૃષ્ટિએ એ યુગ પ્રકાશવાન દિવસના જેવો હતો. એ યુગમાં ગૂજરાતની સંસ્કૃતિનો સહસ્રકિરણ ભાસ્વર ભાસ્કર ભારતની વિભૂતિના નભોમંડળમાં ઉદય પામ્યો, ઉત્તરોત્તર પ્રખર રીતે તેજસ્વી બન્યો, પ્રતપ્યો, નમ્યો અને કાળનિયમાનુસાર આખરે અસ્તંગત પણ થયો.

□ □ □

# સંસ્કૃતિના જ્ઞાનમાં ઉપયોગી સાધનસામગ્રી

ગૂજરાતના સાંસ્કૃતિક જીવનના બે વિભાગ પાડી શકાય - એક સામાન્ય અને બીજો વિશિષ્ટ : સામાન્ય એટલે, જે જીવન કેવળ ગૂજરાતમાં જ દૃષ્ટિગોચર ન થતાં આખાયે ભારતમાં વધતા ઓછા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે તે; અને વિશિષ્ટ એટલે, જે મુખ્ય કરીને ગૂજરાતની સાથે જ સંબંધ ધરાવતું હોય તે. સામાન્ય સંસ્કૃતિના જ્ઞાન માટે તો ઉપયોગી એવું સાહિત્ય, સમુચિત ભારતીય સાહિત્ય છે તેથી તેનો નિર્દેશ કરવો અત્ર આવશ્યક નથી. વિશિષ્ટ સંસ્કૃતિની સૂચક અને પરિચાયક જે સાહિત્ય સામગ્રી છે તેનો જ ખાસ પરિચય આપવાનું અહીં ઉદ્દિષ્ટ છે.

ગૂજરાતની વિશિષ્ટ સંસ્કૃતિનો પરિચય તે સાહિત્યમાંથી મળી શકે, જે ગૂજરાતની ભૂમિમાં રચાયેલું હોય અથવા ગૂજરાત વિષે જેમાં કાંઈ લખાયેલું હોય. ગૂજરાતની ભૂમિમાં રચાયેલું સાહિત્ય જોકે ઘણા સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે પણ તે ઘણા ભાગે એકદેશીય છે. બીજા કોઈ દેશમાં નહીં થયેલા એટલા બધા જૈન વિદ્વાનો ગૂર્જર ભૂમિમાં થયા છે અને તેમણે ગૂજરાતનાં જુદાં જુદાં સ્થળોમાં રહીને હજારો ગ્રંથોની રચના કરી છે પરંતુ તેમાંનો મોટો ભાગ ધાર્મિક અને સાંપ્રદાયિક હોવાથી તે સર્વ આ વિષયમાં ઉપકારક થાય તેમ નથી, છતાં તેમાં કેટલાક એવા ગ્રંથો પણ છે કે જેમાંથી પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ ગૂજરાતની સમુચ્ચય સંસ્કૃતિ માટે અનેક ઉપયોગી બાબતો મળી આવે છે; પણ તેમનોય વિશિષ્ટ નિર્દેશ કરવો અહીં શક્ય નથી. તેથી અહીં તો એવા જ સાહિત્યનો ઉલ્લેખ કરવો યોગ્ય છે જે વિશેષભાવે પ્રસ્તુત વિષયને ઉપકારક હોય.

એ તો સુવિદિત વાત છે કે આપણા પૂર્વ પુરુષોને, જેને આપણે અત્યારે **ઈતિહાસ** નામથી સંબોધીએ છીએ, તે વિષય ઉપર લખવાની બહુ રુચિ ન હતી. મનુષ્ય જીવનની સામાન્ય બાબતો વિષે કશું લખીને તેને સ્થાયી રૂપ આપવું એ તેમની દૃષ્ટિએ અતિક્ષુદ્ર કાર્ય લાગતું હતું. જે મનુષ્યના જીવનમાં કોઈ દિવ્ય ઘટના કે ચમત્કારિક વસ્તુ બની ન હોય તે મનુષ્ય જીવન વિષે બીજાને શું જાણવા જેવું કે વિચારવા જેવું હોય એમ તેઓ માનતા. ભારતના એ પૂર્વ પુરુષોના જીવનનો મુખ્ય આદર્શ કેવલ ધર્મ હતો. ધાર્મિક જીવન એ જ તેમના મને માત્ર એક મહત્ત્વની વસ્તુ હતી. તેથી ધાર્મિક દૃષ્ટિએ જેના જીવનમાં કાંઈ અપૂર્વ મહત્ત્વ કે અલૌકિકતા હોય તેના જ જીવનનું કીર્તન કરવું એવી તેમની રૂઢ માન્યતા થઈ હતી. એવા જીવન સાથે જેટલી વધારે અમાનુષિક અને ચમત્કારપૂર્ણ વાતો સંકળાયેલી હોય તેટલું જ તે જીવનનું વધારે મહત્ત્વ અને ગૌરવ; અને તે જ વાતો ગ્રંથરૂપે લખવામાં વિદ્વાનોની વિદ્વત્તાની સાર્થકતા. એ દૃષ્ટિએ લખાયેલા ગ્રંથોમાંનું વર્ણન એ જ આપણા પૂર્વજોની દૃષ્ટિમાં ઇતિહાસ. એ જાતનો ઇતિહાસ નોંધી રાખવા માટે તો આપણા એ પુરાતન વિદ્વાનોએ લાખો શ્લોકો લખી રાખેલા છે અને એકની એક હકીકતને સેંકડો ગ્રંથોમાં ઉતારી રાખી છે. પરંતુ આપણી ઇતિહાસ વિષેની આધુનિક માન્યતા, તદ્દન જુદી જ જાતની થઈ જવાથી આપણને એ સેંકડો ગ્રંથોના લાખો શ્લોકોમાંથી, કહેવાતા રત્નાકરમાંથી જેમ ભાગ્યે જ કોઈ રત્ન જડી આવે છે તેમ, એ કહેવાતા ઇતિહાસમાંથી ભાગ્યે જ કોઈ ઇતિહાસનો યથાર્થ ઉલ્લેખ મળી આવે તેમ છે.

લગભગ વિક્રમના દશમા સૈકા સુધીમાં, જેને આપણે ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક ગ્રંથ કહી શકીએ, એવો એકેય ગ્રંથ, આપણા આટલા બધા વિશાળ ભારતીય-સાહિત્યમાં લખાયેલો મળી આવતો નથી. સુપ્રસિદ્ધ અરબી ગ્રંથકાર અલ્બેરૂની, જેણે સંસ્કૃત ભાષાનો સુંદર અભ્યાસ કરી, ભારતની સંસ્કૃતિનો વિશિષ્ટ પરિચય પ્રાપ્ત કરવા અને તેને પોતાની ભાષામાં લિપિબદ્ધ કરવા અદ્‌ભુત પ્રયત્ન કર્યો હતો, તે હિંદુઓની ઐતિહાસિક જ્ઞાન વિષેની ઉપેક્ષા વિષે દિલગીરીપૂર્વક પોતાના **કિતાબુલ હિંદુ** નામના પ્રખ્યાત ગ્રંથમાં લખે છે કે

—"એ દુર્ભાગ્યની વાત છે કે હિંદુઓ ઐતિહાસિક બાબતોના અનુક્રમ વિષે બહુ ધ્યાન નથી આપતા. પોતાના દેશના રાજાઓની પરંપરાના કાલક્રમની બાબતમાં તેઓ બહુ જ બેદરકાર હોય છે. તેમને જ્યારે દબાણપૂર્વક આ બાબતોની હકીકત માટે પૂછવામાં આવે છે ત્યારે તેઓ એનો શો ઉત્તર આપવો એ કશું ન જાણતા હોવાથી, એકદમ કોઈ કથા કહેનારને પકડી લાવે છે." **(અલ્બેરૂનીનું 'ઇન્ડિયા' ભા. ૨, પૃ. ૧૦)**

એટલે કે એ ઉક્તિ પ્રમાણે આપણા જે પુરાણ કથાકાર તે બધા, એ જમાનામાં ઇતિહાસકાર મનાતા.

દશમા સૈકા પછી આપણા લોકોનું લક્ષ્ય, આ વિષય તરફ, કાંઈક ખેંચાયું જણાય છે; અને ખાસ ઇતિહાસના તો નહિ પણ ઇતિહાસના આલેખનમાં ઠીકઠીક ઉપયોગી થાય તેવી કેટલીક સામગ્રીવાળા ગ્રંથો - પ્રબંધો-ચરિત્રો વગેરે લખવા તરફ આપણા પૂર્વજોની પ્રવૃત્તિ થઈ છે. મુસલમાનોના વિશેષ સંસર્ગને પરિણામે આ પ્રવૃત્તિ આપણામાં આવી હોય એમ લાગે છે. તવારીખો લખવાનો રિવાજ અરબી અને ફારસી ભાષાભાષી પ્રજામાં ઘણા જૂના સમયથી ચાલ્યો આવે છે. એ પ્રજાનો વિશેષ પરિચય થતાં આપણા લોકોને પણ એ વિષય તરફ કાંઈક રુચિ ઉત્પન્ન થઈ હોય એમ માની શકાય.

આપણી પ્રજાની વિશાળતા તેમજ સાહિત્યની વિપુલતાની દૃષ્ટિએ જો વિચાર કરીએ તો એ જાતના જે નાના-મોટા ૨૫-૫૦ ગ્રંથો અત્યારે આપણને મળી આવે છે તે મહાસાગરમાં બિન્દુ જેટલા પણ નહિ કહેવાય; છતાં ગૂજરાતના ઇતિહાસની અપેક્ષાયે તેમનું પરિણામ કંઈક વધારે સંતોષકારક કહી શકાય. ગૂજરાતના એ પ્રાચીન ઇતિહાસની સામગ્રી જેટલી વિશ્વસનીય અને પ્રમાણભૂત મળી શકે છે તેટલી, હિંદુસ્થાનના બીજા કોઈ ભાગની નહિ - એમાંયે ખાસ કરીને અણહિલપુરના ચાલુક્ય રાજવંશના સમયની. ગૂજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિમાં ખૂબ રસ લેનાર સ્વ. ડૉ. બ્યુલ્હર કહે છે કે - ખરેખર હિંદુસ્થાનના બીજા કોઈ રાજવંશ કરતાં ચાલુક્યોના ઇતિહાસ માટે વધુ,

અને વધારે વિશ્વાસપાત્ર પ્રબંધકારો મળી આવે છે અને જૈન સંઘના ભંડારોમાં બધો નહિ તો પણ તેમનાં લખાણોમાંનો મોટો ભાગ સાચવી રાખવામાં આવ્યો છે. (ઇન્ડી. એન્ટી. પુ. ૬, પૃ. ૧૮૦)

ગૂજરાતની સંસ્કૃતિ અને ઐતિહાસિક પરિસ્થિતિ વિષે જે જે ગ્રંથોમાંથી થોડી કે ઘણી - સીધી માહિતી કે આડકતરી નોંધ મળી આવે છે તેની હવે ટૂંકી ઝાંખી કરીએ.

### महाकवि बाणकृत 'हर्षचरित'

એ ગ્રંથોમાં સૌથી પહેલો ગ્રંથ મહાકવિ બાણનું બનાવેલું હર્ષચરિત ગણાય. સારાયે સંસ્કૃત સાહિત્યમાં એ જ પ્રથમ ગ્રંથ છે, જેમાં ઐતિહાસિક યુગના આર્યાવર્તના એક મહાન સમ્રાટનું, ઇતિહાસની દૃષ્ટિએ પ્રમાણભૂત કહી શકાય તેવું કેટલુંક ચરિતવર્ણન, વ્યવસ્થિતરૂપે કરવામાં આવ્યું છે; અને એ જ ગ્રંથમાં સૌથી પ્રથમ "ગૂર્જર" એ શબ્દનું આપણને એક વાર દર્શન થાય છે. એની પહેલાંના ભારતીય સાહિત્યમાં એ શબ્દ ક્યાંયે દૃષ્ટિગોચર થતો નથી. ગૂજરાતની સંસ્કૃતિના મહાવૃક્ષનો પ્રથમ અંકુર આપણને એમાં દેખાય છે. ચક્રવર્તી હર્ષથી એક બે સૈકા પહેલાં જ ગૂર્જરો પંજાબમાંથી સિંધના રસ્તે થઈ અર્બુદાચળની પશ્ચિમે આવેલા મરુભૂમિના ભિલ્લમાળના પ્રદેશમાં આવ્યા અને ત્યાં તેમણે પોતાનાં સ્મરણીય થાણાં નાંખ્યાં. પુરાણકાળથી પ્રસિદ્ધ એ મરુભૂમિ ગૂર્જરોના વસવાટને લીધે અને ગૂર્જરોથી રક્ષિત થવાના કારણે તે કાળથી ગૂર્જરભૂમિ યા ગૂર્જરત્રાના નામે ઓળખાવા લાગી. ભિલ્લમાળ, જે પૂર્વે એક જાતની ભિલ્લોની પલ્લી હતી એ ગૂર્જર રાજધાની બની, અને ત્યાંનો રાજા એ ગૂર્જરરાજ કહેવડાવા લાગ્યો. ગૂજરાતના વ્યક્તિત્વનું એ અસલ ગર્ભસ્થાન. ગૂજરાતની સંસ્કૃતિના જીવનનો એ ગર્ભકાળ.

ગુપ્તવંશના પતનકાળ દરમ્યાન ગંધાર, સિન્ધુ, હૂણ, ગૂર્જર અને લાટ લોકો, હિંદુસ્થાનના રાજકારણમાં આગળ પડતા થયા અને ગુપ્તસામ્રાજ્યની સત્તા નીચે આવેલા કેટલાક પ્રદેશોને તેઓ પોતપોતાની

પરિસ્થિતિ અને શક્તિ પ્રમાણે કબજે કરવા લાગ્યા. બીજી બાજુ વલભીના મૈત્રકો અને સ્થાનેશ્વરના વૈસવંશીઓ, – જેઓ ગુપ્તોના પ્રમુખ સામન્તો હતા અને પોતાના સમ્રાટ્‌ના સિંહાસનની નબળી પરિસ્થિતિનો ઉચિત લાભ લઈ જેઓ પણ સ્વતંત્ર રાજાધિરાજ જેવા થયા હતા, – પોત-પોતાની સત્તાને વધારવા અને મજબૂત કરવા યથેષ્ટ પ્રયાસ કરી રહ્યા હતા. વલભીના મૈત્રકોનો રાજ્યપ્રદેશ સાંકડો અને લાટ, માલવ, ગૂર્જર અને સિન્ધુ જેવાં પરરાજ્યોથી ચારે બાજુએ ઘેરાયેલો હોવાથી તેમને પોતાની રાજ્યસીમા વધારવાનો કે વિશિષ્ટ બલશક્તિ સંપાદન કરવાનો વધારે અવકાશ ન હતો. પણ સ્થાનેશ્વરના વૈસવંશને આર્યાવર્તના આખાયે વિશાળ મધ્ય પ્રદેશ ઉપર પોતાની સત્તા સ્થાપન કરવાનો સુયોગ મળી જવાથી તેની શક્તિ ખૂબ વધી હતી; અને ધીમે ધીમે ગુપ્ત સામ્રાજ્યની સઘળી પ્રભુતા તેના અધિકાર નીચે ભેગી થાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. એ વંશનો સૌથી પ્રથમ મહારાજાધિરાજ પ્રભાકરવર્ધન થયો જે ખૂબ પરાક્રમી અને પ્રતાપી હોવાથી પ્રતાપશીલના ઉપનામથી ઓળખાયો. મહાકવિ બાણે એને **हूणहरिणकेसरी, सिन्धुराजज्वरः, गूर्जरप्रजागरः, गान्धाराधिपगन्धद्विपकूटपालकः, लाटपाटवपटच्चरः, मालवलक्ष्मीलतापरशुः** એવાં એવાં વિશેષણોથી સંબોધ્યો છે. તેથી જણાય છે કે એણે હૂણ, ગૂર્જર, લાટ, માલવ, સિન્ધુ અને ગાન્ધાર (અફઘાનિસ્થાન)નાં રાજ્યો સામે બાથ ભીડી હતી અને વધતા જતા એમના પ્રભાવને ખાળવા પ્રયત્ન કર્યો હતો. આમાં જણાવેલા હૂણ, સિન્ધુ, ગાન્ધાર, લાટ અને માલવ લોકો તો એની પહેલાં પણ હિંદના ઈતિહાસની રંગભૂમિ ઉપર કેટલોક ભાગ ભજવતા આવતા હોવાથી તેમનો આપણને કેટલોક પરિચય એ કાળ પહેલાંના સાહિત્ય દ્વારા થાય છે પણ આમાં જણાવેલા ગૂર્જરો વિષેનો ઉલ્લેખ ભારતીય સાહિત્યમાં પ્રથમ વાર જ દૃષ્ટિગોચર થતો હોવાથી, ગૂજરાતની સંસ્કૃતિના ઈતિહાસનું પ્રથમ સાધન બાણનું આ 'હર્ષચરિત' ગણી શકાય.

એ ઉપરાંત આ ચરિતમાં હર્ષકાલીન રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિનો પણ કેટલોક ચિતાર આપવામાં આવેલો છે જે

તત્કાલીન ગૂજરાતની સંસ્કૃતિને પણ લાગુ પડે છે.

## उद्‌द्योतनसूरिकृत 'कुवलयमाला कथा'

'હર્ષચરિત' પછી બીજો ગ્રંથ **कुवलयमाला कहा** નામનો પ્રાકૃતભાષાનો જૈન કથાગ્રંથ છે જેમાં ગૂર્જરદેશ અને ગૂર્જરભાષા વિષેનો એક સંક્ષિપ્ત પણ સૂચક ઉલ્લેખ મળી આવે છે. ઉદ્યોતન નામના જૈન સૂરિએ પ્રાચીન ગૂર્જર દેશની બીજી રાજધાની જાવાલિપુર (આધુનિક મારવાડનું ઝાલોર)માં, વિક્રમ સંવત ૮૩૫માં એ કથાની રચના કરી હતી. ભારતની ભૂમિમાં ગૂર્જર શબ્દનો જયઘોષ કરાવનાર ગૂર્જર પ્રતિહાર વંશનો સમ્રાટ્ વત્સરાજ તે વખતે ત્યાં રાજ્ય કરતો હતો.

આધ્યાત્મિક વિકાસમાં આવશ્યક એવા અક્રોધ, અલોભ, અમાન, અમાયા આદિ જે સદ્‌ગુણોનો જૈન ધર્મમાં ઉપદેશ કરવામાં આવેલો છે તેને રૂપક આપી, તેમના આચરણ-અનાચરણ દ્વારા થતા લાભ-અલાભનું પરિણામ બતાવવા માટે આ એક કલ્પિત કથાની કર્તાએ સરસ સંકલના કરી છે. એમાં પ્રસંગવશ તત્કાલીન સામાજિક દશાનું કેટલુંક રમ્ય ચિત્ર આલેખેલું છે અને એક ઠેકાણે ભારતની પ્રસિદ્ધ અને મુખ્ય મુખ્ય ભાષાઓનું સોદાહરણ સૂચન કરેલું છે. તેમાં ગૂર્જર લોકોની પ્રકૃતિ, વેશભૂષા અને ભાષાનો પણ ટૂંકો નિર્દેશ મળી આવે છે. એ સિવાય, તે વખતે એ પ્રાચીન ગૂજરાતમાં જે દેશ્ય-અપભ્રંશ ભાષા બોલાતી હતી તેનાં પણ કેટલાંક અવતરણો એ મહત્ત્વના ગ્રંથમાંથી મળી આવે છે જે ભાષાવિકાસના ઇતિહાસની દૃષ્ટિએ ઘણાં ઉપયોગી થઈ પડે તેમ છે.

## राजशेखरकविकृत काव्यमीमांसा

તે પછીનો ગ્રંથ રાજશેખર કવિનો કાવ્યમીમાંસા નામે છે. તેમાંથી તત્કાલીન દેશોની ભૌગોલિક સીમા વિષે, તથા લોકોની વિદ્યા અને ભાષા વિષે કેટલીક ખાસ માહિતી મળી આવે છે. રાજશેખર,

ગૂર્જર પ્રતિહારવંશના સૌથી વધારે પ્રતાપી રાજા મહેન્દ્રપાલનો વિદ્યાગુરુ હતો અને તેણે મહેન્દ્રપાલના પુત્ર મહીપાલના રાજ્યની ગૌરવભરેલી કારકિર્દી પણ જોઈ હતી. વિ૰ સં૰ ૯૫૦થી ૯૮૦ સુધીમાં તે હયાત હતો.

## भोजराजरचित सरस्वतीकण्ठाभरण

તે પછીનો ભોજરાજ રચિત સરસ્વતીકંઠાભરણ ગ્રંથ છે જેમાં ગૂર્જરો કઈ ભાષાના સાહિત્યથી સંતુષ્ટ થાય છે તેની એક નોંધ મળી આવે છે.

**अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गूर्जराः ।**

## कायस्थकवि सोड्ढलनी उदयसुन्दरी कथा

ચૌલુક્ય ભીમદેવના સમયમાં, ગૂજરાતના દક્ષિણ ભાગ ઉપર, જે તે સમયે લાટ દેશના નામે ઓળખાતો હતો અને ભરૂચ જેની રાજધાની હતી, દક્ષિણના ચાલુક્યોની સત્તા પ્રવર્તતી હતી. વત્સરાજ નામે વિદ્યાવિલાસી અને કવિઓનો આશ્રયદાતા રાજા એ વખતે લાટ દેશનો સ્વામી હતો. સોઢલ નામનો કાયસ્થજાતીય કવિ એની રાજસભાનો મુખ્ય વિદ્વાન્ હતો. તેણે બાણની કાદંબરી મહાકથાનું અનુકરણ કરતી ઉદયસુંદરી નામે એક સરસ અને કવિત્વપૂર્ણ સંસ્કૃત ગદ્ય કથાની રચના કરી છે. કવિ વંશે વાલભ કાયસ્થ હતો તેથી તેણે કથાના પ્રારંભમાં પોતાનો વંશપરિચય આપતી વખતે, કેવી રીતે વલભીમાંથી એ કાયસ્થકુળની ઉત્પત્તિ થઈ તેની કેટલીક કિંવદન્તી મિશ્રિત હકીકત આપી છે જેમાંથી કેટલુંક ઐતિહાસિક તારણ તારવી શકાય છે. કવિના પૂર્વજો વલભી છોડીને લાટમાં આવીને વસ્યા હતા, અને ત્યાં કાંઈક રાજ્યાધિકારીપણું ભોગવતા હતા. લાટના રાજાઓનો, કોંકણ પ્રદેશ કે જેની રાજધાની ઠાણા હતું ત્યાંના, શિલાહારવંશીય રાજાઓ સાથે મૈત્રી સંબંધ હતો, તેથી કવિ કેટલોક સમય એ રાજાઓની સભામાં પણ સારો સત્કાર પામ્યો હતો અને પોતાની

કવિતાથી ત્યાંના નૃપતિઓનું તેણે મનોરંજન કર્યું હતું. એ કવિની કથામાં લાટ દેશ તેમજ ભરૂચ, સૂર્પારક વગેરે સ્થળોનું કેટલુંક વર્ણન મળે છે. કવિના ગાઢ મિત્રોમાં ચન્દનાચાર્ય અને વિજયસિંહાચાર્ય નામના બે જૈન શ્વેતાંબર વિદ્વાનો, તેમજ મહાકીર્તિ અને ઇંદ્રાચાર્ય નામના બે દિગંબર જૈન વિદ્વાનો હતા, જેમણે કવિની એ રચનામાં સંશોધન આદિની ખાસ સહાયતા આપી હતી. લાટ દેશમાં રચાયેલી કૃતિઓમાં આ કથાનું વિશિષ્ટ સ્થાન છે.

વિક્રમના અગિયારમા સૈકાના અંત સુધીમાં રચાયેલા સાહિત્યમાં આ પ્રમાણે બહુ જ વિરલ ઉલ્લેખો, આપણા ગૂજરાત દેશ કે ગૂજરાતની પ્રજા માટે કરેલા મળી આવે છે.

□ □ □

## ૧૨ મા ૧૩ મા સૈકાનું સાહિત્ય

બારમા સૈકાથી ખાસ વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય રચાવા લાગ્યું હતું, જેમાંથી ગૂજરાતના ઇતિહાસની વિવિધ પ્રકારની સામગ્રી વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

### बिल्हणकविकृत कर्णसुन्दरी नाटिका

આ પ્રકારના સાહિત્યમાં સૌથી પ્રથમ કૃતિ કાશ્મીરી કવિ બિલ્હણની છે. બારમા સૈકાના બીજા પાદની શરૂઆતમાં આ કવિ ગૂજરાતમાં આવ્યો હતો અને કેટલોક સમય ગૂજરાતની રાજધાની અણહિલપુરમાં રહ્યો હતો. સિદ્ધરાજ જયસિંહનો પિતા કર્ણદેવ તે વખતે રાજા હતો. એ રાજાની એક પ્રણયકથાને લક્ષીને કર્ણસુન્દરી નામે એક નાટિકા એણે રચી જે મહામાત્ય સંપત્કર ઊર્ફે સાંતૂએ બંધાવેલા શાંતિનાથજિનના મંદિરના પ્રતિષ્ઠોત્સવ પ્રસંગે ભજવવામાં આવી હતી. એ નાટિકામાંથી મંત્રી સાંતૂ, રાજા કર્ણ, તેની પટ્ટરાણી મયણલ્લા અને રાજાએ કરેલી ગજની ઉપરની ચઢાઈ વિષેની કેટલીક સૂચક હકીકત મળી આવે છે.

### विक्रमाङ्कदेवचरित

ગૂજરાતમાં થોડો સમય રહીને એ કવિ સોમનાથની યાત્રાએ ગયો અને પછી ત્યાંથી દક્ષિણમાં ગયો. ત્યાં કલ્યાણના ચૌલુક્ય રાજા આહવમલ્લ અથવા ત્રૈલોક્યમલ્લના પુત્ર વિક્રમાંકદેવની રાજસભાનો એ મુખ્ય વિદ્વાન્ બન્યો અને તે રાજાના ગુણકીર્તન માટે એણે

વિક્રમાંકદેવચરિત નામનું ૧૮ સર્ગોવાળું એક મહાકાવ્ય રચ્યું. એ કાવ્યનો મુખ્ય વર્ણ્યવિષય તો વિક્રમાંકદેવનું ગુણોત્કીર્તન છે પણ તેમાં અંતર્નિહિત વર્ણન ઉપરથી ગૂજરાતની સંસ્કૃતિ ઉપર પણ કેટલોક પ્રકાશ પડે છે.

## हेमचन्द्राचार्यरचित चौलुक्यवंशोत्कीर्तन-द्व्याश्रय महाकाव्य

ગૂજરાતના ઐતિહાસિક પ્રબંધ કે ચરિત લખનારાઓમાં સૌથી પ્રથમ સ્થાન સુપ્રસિદ્ધ આચાર્ય હેમચંદ્રને મળે છે. તેમણે પોતાના સિદ્ધહેમશબ્દાનુશાસન નામના વ્યાકરણગ્રંથના દરેક પાદને અંતે અકેક શ્લોક રચીને મૂક્યો છે, જેમાંથી ગૂજરાતના ચૌલુક્ય રાજવંશના મૂળપુરુષ મૂળરાજથી લઈ સિદ્ધરાજ પર્યંતના રાજાઓની નામાવળી મળી આવે છે. તેમની એ વિષેની બીજી પણ મુખ્ય અને મહત્ત્વની કૃતિ તે ચૌલુક્યવંશોત્કીર્તન નામનું દ્વયાશ્રય મહાકાવ્ય છે. એ કાવ્ય બે ભાગમાં છે. પહેલો ભાગ સંસ્કૃતભાષામાં છે અને બીજો ભાગ પ્રાકૃત આદિ છ ભાષામાં છે. પ્રથમ ભાગના ૨૦ સર્ગ છે અને બીજાના આઠ સર્ગ છે. પ્રથમ ભાગમાં અણહિલપુરના વર્ણન સાથે મૂળરાજથી લઈ કુમારપાલના વિજયીજીવન સુધીનું વર્ણન છે અને બીજા ભાગમાં માત્ર કુમારપાળના રાજકીય અને ધાર્મિક જીવનનું કેટલુંક વર્ણન છે. એ કાવ્યમાંથી પ્રાચીન ગૂજરાતની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ ઉપર સવિશેષ પ્રકાશ પડે છે.

## कवियशश्चन्द्रनुं मुद्रितकुमुदचंद्र प्रकरण

સિદ્ધરાજ જયસિંહના અધ્યક્ષત્વ નીચે, તેની રાજસભામાં, વિ૰ સં૰ ૧૧૮૧માં જૈનધર્મના શ્વેતાંબર અને દિગંબર નામના બે પક્ષના મુખ્ય આચાર્યો વચ્ચે એક મોટો સાંપ્રદાયિક વાદ-વિવાદ થયો. એમાં શ્વેતાંબર પક્ષનો વિજય અને દિગંબર પક્ષનો પરાજય થયો. એ વાદ-વિવાદનું વર્ણન કરનારું મુદ્રિતકુમુદચંદ્ર નામનું એક પંચાંકી નાટક ધર્કટવંશના યશશ્ચંદ્ર નામના કવિએ તે વખતે લખ્યું છે. એ એક સર્વથા ઐતિહાસિક

નાટક છે અને એમાં સૂચવેલાં પાત્રો અને વર્ણવેલી કથાવસ્તુ લગભગ ઐતિહાસિક છે. સિદ્ધરાજની રાજસભાનું એમાં વિશ્વસનીય ચિત્ર આપેલું છે. તે વખતની લોકોની ધાર્મિક સ્પર્ધા, ધર્માચાર્યોની પારસ્પરિક અસહિષ્ણુતા, રાજાઓની ન્યાયપ્રિયતા તેમજ સ્વદેશ અને સ્વરાષ્ટ્રની વિજયોત્કંઠા આદિ અનેક વસ્તુઓનો ઘણો સારો પરિચય એ નાટકના આલેખનમાંથી મળી આવે છે.

## रामचन्द्रकविकृत कुमारविहार शतक

હેમચંદ્રસૂરિના શિષ્ય રામચંદ્રે કુમારવિહારશતક નામનું એક ખંડ કાવ્ય રચ્યું છે જેમાં અણહિલપુરમાં કુમારપાલ રાજાએ બંધાવેલા પાર્શ્વનાથ જિનમંદિરનું કાવ્યાત્મક શોભાવર્ણન કરવામાં આવ્યું છે. તત્કાલીન દેવમંદિરો અને તેમાં થતાં પૂજાવિધાનોની કેટલીક ઝાંખી કલ્પના આ કાવ્યમાંથી મળી આવે છે.

## कवियशःपालरचित मोहराजपराजय नाटक

કુમારપાલના મૃત્યુ પછી તેની ગાદીએ અજયપાલ બેઠો અને તેણે ત્રણેક વર્ષ રાજ્ય કર્યું. તેના સમયમાં, તેના એક રાજ્યાધિકારી મોઢવંશીય કવિ યશઃપાલે મોહરાજપરાજય નામનું પંચાંકી રૂપકાત્મક નાટક લખ્યું અને તે થારાપદ્ર એટલે આધુનિક થરાદ ગામમાં આવેલા કુમારવિહાર નામના મહાવીરજિનમંદિરમાં ભજવવામાં આવ્યું. હેમચંદ્રાચાર્યના ઉપદેશાનુસાર કુમારપાલે જે જીવદયાપ્રવર્તનરૂપ જૈનધર્મની દીક્ષા લીધી તે વસ્તુને રૂપક આપી આ નાટકની વસ્તુસંકલના કરેલી છે. એમાં કુમારપાલ સિવાય વર્ણવેલાં પાત્રો બધાં જ કાલ્પનિક છે; પરંતુ કથાવસ્તુ લગભગ સંપૂર્ણરૂપે સત્યઘટનાત્મક છે. એ નાટકમાંથી, તે વખતની ગૂજરાતની સામાજિક, ધાર્મિક અને નૈતિક વસ્તુસ્થિતિનો ઘણો સારો ચિતાર આપણને મળી આવે છે.

## सोमप्रभसूरिग्रथित कुमारपालप्रतिबोध

કુમારપાલના મૃત્યુ પછી ૧૧ વર્ષે, સોમપ્રભસૂરિ નામના જૈન આચાર્યે કુમારપાલપ્રતિબોધ નામનો એક કથાપૂર્ણ બૃહદ્ ગ્રંથ પાટણમાં જ લખ્યો એ ગ્રંથમાં મુખ્ય રીતે તો, હેમચંદ્રસૂરિએ કુમારપાલ રાજાને જે જાતનો ધર્મબોધ વારંવાર આપ્યો, અને તેના શ્રવણથી પ્રતિબુદ્ધ થઈ જે રીતે કુમારપાલે જૈનધર્મનો સ્વીકાર કર્યો તે વસ્તુ વર્ણવેલી છે. પણ એ વસ્તુની ભૂમિકારૂપે આવશ્યક એવી કેટલીક ઐતિહાસિક હકીકત પણ પ્રસંગોપાત્ત એમાં આપવામાં આવી છે જે વિશ્વસનીય હોવાથી ઉપયોગી અને મહત્ત્વની છે.

## शतार्थी काव्य

એ જ સોમપ્રભસૂરિએ સંસ્કૃતમાં વસન્તતિલકાછંદમય એક પદ્ય બનાવ્યું છે, જેના જુદા જુદા સો અર્થો કર્યા છે અને તેથી તેનું નામ **शतार्थिक काव्य** રાખવામાં આવ્યું છે. એના જે સો અર્થો કરેલા છે તેમાં ૧૦ અર્થો, તત્કાલીન ગૂજરાતની ૧૦ વ્યક્તિઓને લગાડવામાં આવ્યા છે જેમાં કેટલુંક ઐતિહાસિક તત્ત્વ પણ ઘટાવેલું છે. એ ૧૦ વ્યક્તિઓમાંથી સિદ્ધરાજ, કુમારપાલ, અજયદેવ અને બાલમૂલરાજ એ ચાર ગ્રંથકારના સમકાલીન ગૂજરાતના રાજાઓ પણ છે.

## वस्तुपाल-तेजपालनुं कीर्ति-कथासाहित्य

ચૌલુક્યવંશના છેલ્લા રાજા બીજા ભીમદેવના સમયનો ગૂજરાતનો ઇતિહાસ પ્રમાણમાં સૌથી વધારે વિગતવાળો અને વધારે વિશ્વસનીય પુરાવાવાળો મળી આવે છે; અને તેનું કારણ, તે સમયમાં થયેલા ચાણક્યના અવતારસમા ગૂજરાતના બે મહાન અને અદ્વિતીય બંધુમંત્રી વસ્તુપાલ-તેજપાલ છે. એ બે ભાઈઓનાં શૌર્ય, ચાતુર્ય અને ઔદાર્ય આદિ અનેક અદ્‌ભુત ગુણોને લઈને, એમના સમકાલીન ગૂજરાતના પ્રતિભાવાન્ પંડિતો અને કવિઓએ એમની કીર્તિને અમર કરવા માટે જેટલાં કાવ્યો, પ્રબંધો અને પ્રશસ્તિઓ વગેરે રચ્યાં છે તેટલાં હિંદુસ્થાનના બીજા કોઈ રાજપુરુષ માટે નહિ રચાયાં હોય.

## वस्तुपालविरचितनरनारायणानंद काव्य

વસ્તુપાલ મંત્રી જાતે એક સરસ કવિ અને બહુ વિદ્વાન્ પુરુષ હતો. તે પ્રાચીન ગૂજરાતના વૈશ્યજાતીય મહાકવિ માઘની જેમ શ્રી અને સરસ્વતી બંનેનો પરમ કૃપાપાત્ર હતો. તેણે, જેમ મંદિરો વગેરે અસંખ્ય ધર્મસ્થાનો ઊભાં કરી અને અગણિત દ્રવ્ય દાન-પુણ્યમાં ખર્ચી લક્ષ્મી દેવીનો યથાર્થ ઉપભોગ કર્યો હતો, તેમ અનેક વિદ્વાનો અને કવિઓને અત્યંત આદરપૂર્ણ અનન્ય આશ્રય આપી, તેમજ પોતે પણ કવિતા અને સાહિત્યમાં ખૂબ રસ લઈ, સરસ્વતી દેવીનો સાચો ઉપાસક બન્યો હતો. કેટલેક અંશે મહાકવિ માઘ એ વસ્તુપાલના માનસનો આદર્શ પુરુષ હોય તેમ મને લાગે છે. માઘના 'શિશુપાલવધ' મહાકાવ્યના અનુકરણરૂપે વસ્તુપાલે નરનારાયણાનંદ નામનું મહાકાવ્ય બનાવ્યું છે. એ કાવ્યના અંતિમ સર્ગમાં મંત્રીએ પોતાનો વંશપરિચય વિસ્તારથી આપ્યો છે અને પોતે કેવી રીતે અને કઈ ઇચ્છાએ, ગૂજરાતના એ વખતના અરાજકતંત્રનો મહાભાર માથે ઉપાડવા અમાત્યપદ સ્વીકાર્યું છે તેનું કેટલુંક સૂચન કર્યું છે.

## सोमेश्वरकविकृत कीर्तिकौमुदी

ગૂજરાતના ચૌલુક્યવંશનો રાજપુરોહિત નાગરવંશીય પંડિત સોમેશ્વર ગૂજરાતના કવિઓમાં શ્રેષ્ઠ પંક્તિનો કવિ થઈ ગયો. એ વસ્તુપાલનો પરમ મિત્ર હતો. વસ્તુપાલને મહામાત્ય બનાવવામાં એનો કાંઈક હાથ પણ હતો. વસ્તુપાલની જીવનકીર્તિને અમર કરવા માટે એણે કીર્તિકૌમુદી નામનું નાનું પણ ઘણું સુંદર કાવ્ય બનાવ્યું. એ કાવ્યમાં, કવિએ પ્રથમ ગૂર્જર રાજધાની અણહિલપુરનું વર્ણન કર્યું. તે પછી તેમાં રાજકર્તા ચાલુક્યવંશનું અને મંત્રીના પૂર્વજોનું વર્ણન આપ્યું. તે પછી, કેવી રીતે મંત્રીને એ મંત્રીપદની પ્રાપ્તિ થઈ તેનું, મંત્રી થયા પછી ખંભાતના તંત્રને વ્યવસ્થિત કર્યાનું, અને તેમ કરતાં શંખરાજ સાથે કરવા પડેલા યુદ્ધનું વર્ણન કર્યું. તે પછી મંત્રીએ શત્રુંજય, ગિરનાર અને સોમેશ્વર વગેરે તીર્થસ્થાનોની મોટા સંઘ સાથે કરેલી યાત્રાનું સુરમ્ય

વર્ણન આપ્યું છે. એ યાત્રા કરી મંત્રી પાછો પોતાને સ્થાને આવે છે તે ઠેકાણે કવિ પોતાના કાવ્યની સમાપ્તિ કરે છે. એથી જણાય છે કે વિ૰ સં૰ ૧૨૮૦ની લગભગ એ કાવ્યની રચના થઈ હોવી જોઈએ.

## अरिसिंहरचित सुकृतसंकीर्तन

સોમેશ્વર માફક અરિસિંહ નામના કવિએ વસ્તુપાલના સુકૃતનું સંકીર્તન કરવાની ઇચ્છાથી **सुकृतसंकीर्तन** નામનું અન્વર્થક કાવ્ય બનાવ્યું છે. એ કાવ્યમાં પણ લગભગ **कीर्तिकौमुदी** જેવું જ બધું વર્ણન આવે છે. એમાં વિશેષ એટલો છે કે, કીર્તિકૌમુદીમાં જ્યારે અણહિલપુરના રાજ્યકર્તા માત્ર ચૌલુક્યવંશનું જ વર્ણન આપેલું છે, ત્યારે આમાં એ વર્ણન અણહિલપુરના મૂળ સંસ્થાપક વનરાજ ચાવડાથી શરૂ કરવામાં આવ્યું છે અને તેમાં ચાવડાવંશની પૂરી નામાવલી આપવામાં આવી છે. આ કાવ્યની રચના કીર્તિકૌમુદીના સમય કરતાં સહેજ થોડી પાછળથી થઈ હશે એમ એના વર્ણન ઉપરથી જણાય છે.

## बालचंद्रसूरिविरचित वसन्तविलास

કીર્તિકૌમુદી અને સુકૃતસંકીર્તન ઉપરાંત વસ્તુપાલના ગુણોનું ગૌરવ ગાનારું ત્રીજું કાવ્ય બાલચંદ્રસૂરિકૃત **वसंतविलास** નામનું છે. એ કાવ્ય, ઉપરનાં બંને કાવ્યો કરતાં જરા મોટું છે અને એની રચના વસ્તુપાલના મૃત્યુ પછી, પણ તરત જ, થઈ છે. કવિએ ખાસ કરીને મંત્રીના પુત્ર જયન્તસિંહની પરિતુષ્ટિ ખાતર આ કાવ્યની રચના કરી છે. આ કાવ્યમાં પણ વર્ણ્યવિષય લગભગ ઉપરનાં કાવ્યો જેટલો જ છે. વિશેષ એ છે કે, એમાં વસ્તુપાલના મૃત્યુની હકીકત પણ આપવામાં આવી છે. એ કારણથી આની રચના વિ૰ સં૰ ૧૩૦૦ની લગભગ થયેલી માની શકાય.

## उदयप्रभसूरिकृत धर्माभ्युदय महाकाव्य

વસ્તુપાલના ધર્મગુરુ આચાર્ય વિજયસેનસૂરિના પટ્ટધર આચાર્ય

ઉદયપ્રભસૂરિએ પુરાણ પદ્ધતિ ઉપર એક ધર્માભ્યુદય નામનો ગ્રંથ બનાવ્યો છે. વસ્તુપાલ સંઘપતિ થઈ, ઘણા ભારે આડંબર સાથે, જે શત્રુંજય ગિરનાર આદિ તીર્થોની યાત્રાઓ કરી હતી તેનું માહાત્મ્ય બતાવવા અને સમજાવવા માટે એ ગ્રંથ રચવામાં આવ્યો છે. વસ્તુપાલની જેમ પુરાણકાળમાં કયા કયા પુરુષોએ મોટા મોટા સંઘો કાઢી એ તીર્થોની યાત્રાઓ કરી હતી, તેમની કથાઓ એમાં આપવામાં આવેલી છે. ગ્રંથનો મોટો ભાગ પૌરાણિક કથાઓથી ભરેલો છે, પણ છેવટના ભાગમાં, સિદ્ધરાજના મંત્રી આશુકે, કુમારપાલના મંત્રી વાગ્ભટે અને અંતે વસ્તુપાલે જે યાત્રા કરી તે સંબંધી કેટલીક ઐતિહાસિક નોંધો પણ એમાં આપેલી મળી આવે છે.

## जयसिंहसूरिकृत हमीरमदमर्दन नाटक

વસ્તુપાલે ગૂજરાતના રાજતંત્રનો સર્વાધિકાર હાથમાં લીધા પછી, ક્રમે ક્રમે પોતાનાં શૌર્ય અને બુદ્ધિચાતુર્ય દ્વારા એક પછી એક રાજ્યના અંદરના અને બહારના શત્રુઓનું કળ અને બળથી દમન કરવું શરૂ કર્યું. તે જોઈ ગૂજરાતના પડોશી રાજાઓ ખૂબ ખળભળી ઊઠ્યા અને તેમણે ગૂજરાતમાં પુનઃસ્થાપન થતા સુતંત્રને ઉથલાવી પાડવાના ઈરાદાથી આ દેશ પર આક્રમણો કરવા માંડ્યાં. વિ૰ સં૰ ૧૨૫૮ના અરસામાં દક્ષિણના દેવગિરિનો યાદવ રાજા સિંહણ, માલવાનો પરમાર રાજા દેવપાલ અને તુરૂષ્ક સેનાપતિ અમીરે શીકાર – એમ દક્ષિણ, પૂર્વ, અને ઉત્તર ત્રણે દિશાઓમાંથી એકી સાથે ત્રણ બળવાન્ શત્રુઓએ ગૂજરાત ઉપર ચઢાઈ લઈ આવવાનો લાગ શોધ્યો. એ ભયંકર કટોકટીના વખતે વસ્તુપાલે પોતાની તીક્ષ્ણ ચાણક્યનીતિનો પ્રયોગ કરી શત્રુઓને છિન્નભિન્ન કરી નાંખ્યા અને દેશને આબાદ રીતે બચાવી લીધો. દિલ્હીના બાદશાહી સૈન્યને આબુની પાસે સખત હાર આપી પાછું હાંકી કાઢ્યું; અને એ રીતે એ તુરૂષ્ક અમીર, જેને સંસ્કૃતમાં હમીર તરીકે સંબોધવામાં આવે છે, તેના મદનું મર્દન કરી ગૂજરાતની સત્તાનું મુખ ઉજ્જ્વળ કર્યું. એ આખી ઘટનાને મૂળ વસ્તુ તરીકે ગોઠવી, ભરૂચના જૈન વિદ્વાન્ આચાર્ય જયસિંહસૂરિએ हमीरमदमर्दन નામનું પંચાંકી નાટક બનાવ્યું. આ નાટકની

રચના કરવામાં મુખ્ય પ્રેરણા, વસ્તુપાલનો પુત્ર જયન્તસિંહ, જે તે વખતે ખંભાતનો સુબો હતો તેની હતી, અને તેના જ પ્રમુખત્વ નીચે ભીમેશ્વરદેવના ઉત્સવ પ્રસંગે ખંભાતમાં તે ભજવવામાં આવ્યું હતું. એ રીતે આ એક ઐતિહાસિક નાટક છે જેને, ભારતીય નાટક સાહિત્યમાં અત્યંત વિરલકૃતિઓમાંની એક કૃતિ તરીકે ગણી શકાય. વસ્તુપાલના વખતની રાજકારણ સૂચવતી જે હકીકતો આ નાટકમાં ગૂંથેલી છે તે બીજી કૃતિઓમાં નથી મળતી તેથી એ ઇતિહાસ માટે આ ઘણો ઉપયોગી અને મહત્ત્વનો પ્રબંધ છે. કેટલાક વિદ્વાનોએ, એમાં આપેલી હકીકતોને, વધારે અતિશયોક્તિ ભરેલી જણાવી છે પણ તે બરાબર નથી. મારા મતે એનું ઐતિહાસિક મૂલ્ય વધારે ઊંચા પ્રકારનું છે.

## वस्तुपालप्रशस्तिओ

ઉપર જે વસ્તુપાલ વિષેનાં કાવ્યો વગેરેનો પરિચય આપ્યો છે તે ઉપરાંત એ ભાગ્યવાન્ પુરુષની કીર્તિ કથનારી બીજી કેટલીક ટૂંકી ટૂંકી કૃતિઓ મળે છે, જે પ્રશસ્તિઓ કહેવાય છે. એવી પ્રશસ્તિઓમાંથી કેટલીક આ પ્રમાણે છે.

## उदयप्रभसूरिकृत सुकृतकीर्तिकल्लोलिनी

ઉપર વર્ણવેલા ધર્માભ્યુદય કાવ્યના કર્તા ઉદયપ્રભસૂરિએ सुकृतकीर्तिकल्लोलिनी નામની ૧૭૯ પદ્યોની એક સંસ્કૃત પ્રશસ્તિ રચી છે. એમાં અરિસિંહના सुकृतसंकीर्तन નામના કાવ્યમાં જે હકીકત છે તેવી જ હકીકત સંક્ષિપ્ત રીતે વર્ણવામાં આવી છે. અણહિલપુરના ચાવડાવંશની હકીકત પણ એમાં, ઉક્ત કાવ્યની જેમ આપવામાં આવી છે અને અંતે વસ્તુપાલે કરાવેલાં કેટલાંક ધર્મસ્થાનોની યાદી પણ આપી છે. કદાચિત્ શત્રુંજય પર્વત ઉપરના આદિનાથના મંદિરમાં કોક ઠેકાણે આ પ્રશસ્તિ શિલાપટ્ટ પર કોતરીને મૂકવા માટે બનાવવામાં આવી હોય.

## जयसिंहसूरिकृत वस्तुपाल-तेजःपालप्रशस्ति

જેમણે હમીરમદમર્દન નામનું નાટક રચ્યું તે જ જયસિંહસૂરિએ વસ્તુપાલ-તેજપાલ પ્રશસ્તિ નામે એક ૯૯ પદ્યોની ટૂંકી રચના કરી છે. એમાં અણહિલપુરના ચૌલુક્યવંશનું, વસ્તુપાલતેજપાલના પૂર્વજોનું અને તેમણે કરાવેલાં કેટલાંક ધર્મસ્થાનોનું વર્ણન છે. તેજપાલ જ્યારે ભરૂચ ગયો ત્યારે ત્યાં તેણે જયસિંહસૂરિની પ્રેરણાથી, ત્યાંના પુરાતન સુપ્રસિદ્ધ શકુનિકા વિહાર નામે મુનિસુવ્રતજિનચૈત્યનાં શિખરો ઉપર સુવર્ણકલશ અને ધ્વજાદંડ વગેરે ચઢાવી એ મંદિરને ખૂબ અલંકૃત બનાવ્યું હતું, તેથી તેની પ્રશસ્તિ તરીકે આ કૃતિ બનાવવામાં આવી છે.

## नरेन्द्रप्रभसूरिविरचित मंत्रीश्वरवस्तुपालप्रशस्ति

વસ્તુપાલના માતૃપક્ષીય ધર્મગુરુ નરેન્દ્રપ્રભસૂરિએ ૧૦૪ શ્લોકોની એક વસ્તુપાલ પ્રશસ્તિ બનાવી છે. એમાં ચૌલુક્યવંશ અને વસ્તુપાલના વંશનું ટૂંક વર્ણન આપી, એ મંત્રીએ જે જે ઠેકાણે મુખ્ય મુખ્ય ધર્મસ્થાનો કે દેવસ્થાનો કરાવ્યાં અગર સમરાવ્યાં તેની લંબાણથી યાદી આપી છે. પ્રશસ્તિકાર પોતે જ એ યાદીને બહુ ટૂંકી જણાવે છે, છતાં એ દાનવીરે ગૂજરાતની પુણ્યભૂમિને ભવ્ય સ્થાપત્યની વિભૂતિથી અલંકૃત કરવા માટે જે અગણિત લક્ષ્મી ખર્ચી છે તેની કેટલીક સારી કલ્પના એ પ્રશસ્તિના પાઠથી થઈ શકે છે.

એ જ આચાર્યની રચેલી ૩૯ પદ્યોની એક બીજી નાની સરખી પ્રશસ્તિ, તથા એમના ગુરુ આચાર્ય નરચંદ્રસૂરિની કરેલી ૨૬ પદ્યોવાળી એક બીજી પ્રશસ્તિ, તેમ જ સુકૃતકીર્તિકલ્લોલિનીના કર્તા ઉદયપ્રભસૂરિની રચેલી ૩૩ પદ્યોવાળી વસ્તુપાલસ્તુતિ વગેરે કેટલીક અન્ય કૃતિઓ પણ મને મળી છે.

## विजयसेनसूरिकृत रेवंतगिरिरासु

વસ્તુપાલના ઇતિહાસ માટેની ઉપયોગિતામાં છેલ્લી પણ ભાષાવિકાસના અભ્યાસ માટેની યોગ્યતાની દૃષ્ટિએ પહેલી, કૃતિ તરીકે

વિજયસેનસૂરિના બનાવેલા ગૂજરાતી રેવંતગિરિરાસુની નોંધ પણ આ સાધનસામગ્રી ભેગી લેવી જોઈએ. એ વિજયસેનસૂરિ વસ્તુપાલ-તેજપાલના મુખ્ય ધર્માચાર્ય. એમના ઉપદેશને અનુસરીને જ એ બંને ભાઈઓએ એટલાં બધાં સુકૃતનાં કાર્યો કર્યાં હતાં. એમના કથનને માન આપીને જ વસ્તુપાલે સૌથી પહેલો ગિરનારની યાત્રા માટેનો મોટો સંઘ કાઢ્યો. એ સંઘમાં સ્ત્રીવર્ગના ગાવા માટે ગિરનાર વગેરેનું સુંદર વર્ણન ગૂંથી એ રાસની રચના કરવામાં આવી છે. એમાં વિશેષ ઐતિહાસિક સામગ્રી જડતી નથી છતાં એનું ઐતિહાસિક મૂલ્ય આ દૃષ્ટિએ વિશિષ્ટ છે જ અને ગૂજરાતી ભાષાની એક આદ્યકૃતિ તરીકે તો એની વિશિષ્ટતા સર્વોપરી ગણી શકાય.

## जिनभद्रकृत नानाप्रबंधावलि

વસ્તુપાલના પુત્ર જયન્તસિંહના ભણવા માટે સંવત ૧૨૯૦માં, ઉપર્યુક્ત ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રે અનેક કથાઓના સંગ્રહવાળી એક ગ્રંથરચના કરી છે જે ખંડિત રૂપમાં મને પાટણના ભંડારમાંથી મળી આવી છે. એમાં પૃથ્વીરાજ ચાહમાન, કનોજના જયન્તચંદ્ર, અને નાડોલના લાખણરાવ ચોહાણ વગેરેને લગતા કેટલાક ઐતિહાસિક પ્રબંધો પણ આપેલા છે. પ્રબંધચિંતામણિના કર્તાની સામે આ પ્રબંધાવલિ હોય એમ લાગે એટલું જ નહિ પણ કેટલાક પ્રબંધો તો તેમણે એમાંથી જ નકલ લીધેલા હોય તેવું પણ સ્પષ્ટ ભાસે છે. ચંદ બરદાઈના નામે ચઢેલા અને હિંદી ભાષાના આદ્યકાવ્ય તરીકે ઓળખાતા પૃથ્વીરાજ રાસોના કર્તૃત્વ ઉપર કેટલોક નવીન પ્રકાશ આ પ્રબંધાવલિ ઉપરથી પડે છે. એ જ સંગ્રહમાં, ઘણું કરીને પાછળથી કોઈએ, વસ્તુપાલના જીવનચરિત્રને લગતી પણ કેટલીક વિશિષ્ટ હકીકત આપેલી છે જે ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે.

## सुमतिगणीकृत गणधरसार्द्धशतक बृहद्वृत्ति

સંવત ૧૨૯૫માં સુમતિગણી નામના એક જૈન પંડિતે ગણધર

સાર્દ્ધશતક નામના ગ્રંથ ઉપર એક ટીકા લખી છે. એ ગ્રંથમાં જૈન ધર્મમાં પુરાણકાળથી માંડી ૧૨મા સૈકા સુધીમાં થયેલા કેટલાક જૈન સૂરિઓની કથાઓ આપી છે. એના છેલ્લા ભાગમાં જિનેશ્વરસૂરિ, અભયદેવસૂરિ, જિનદત્તસૂરિ, જિનવલ્લભસૂરિ વગેરે એક ગચ્છના આચાર્યોનો વિગતથી પરિચય આલેખ્યો છે; જેઓ ભીમદેવ પહેલાના સમયથી તે કુમારપાલ સુધીના સમયમાં થઈ ગયા. એમાં વધારે વિગતો તો સાંપ્રદાયિક દૃષ્ટિએ લખાયેલી છે પણ તેમાંથી થોડીક નોંધો આપણા સાંસ્કૃતિક ઇતિહાસ માટે પણ કામની છે.

## सिद्धसेनादि प्रबंध

ઘણું કરીને વસ્તુપાલના જમાનામાં જ કોઈ વિદ્વાને પ્રાકૃત ભાષામાં સિદ્ધસેન, મલ્લવાદી, બપ્પભટ્ટી વગેરે ૪-૫ જૈન આચાર્યોના પ્રબંધોની રચના કરી છે. રચનારનું નામ વગેરે મળતાં નથી પણ તેની એક તાડપત્રની ખંડિત પ્રત પાટણના ભંડારમાં સં૦ ૧૨૯૨ની લખેલી મળી આવી છે તેથી એ પહેલાં ૫-૨૫ વર્ષે એની રચના થયેલી હોવી જોઈએ. કારણ એમાં પાટણનો તુરુષ્કોએ કરેલા ભંગનો ઉલ્લેખ છે જે કદાચિત્ શહાબુદ્દિન ઘોરીના વખતની લૂટને સૂચવનારું હોય. એમાં કેટલીક હકીકતો ગૂજરાતના ઇતિહાસ માટેની સામગ્રીમાં નોંધી શકાય એવી મળે છે.

## विनयचंद्रसूरिकृत कविशिक्षा

વસ્તુપાલના જમાનામાં એક વિનયચંદ્રસૂરિ નામના જૈન વિદ્વાન્ થયા. તેમણે પાર્શ્વનાથ ચરિત્ર આદિ અનેક ગ્રંથોની રચના કરી છે. તેમનો એક ગ્રંથ કાવ્યની શિક્ષા વિષેનો છે જેનું નામ कविशिक्षा છે. રાજશેખરની કાવ્યમીમાંસાને મળતો કેટલોક વિષય એમાં વર્ણવ્યો છે. એના ભૌગોલિક પ્રકરણમાં ગૂજરાત દેશની તત્કાલીન મહાલ કે જિલ્લાવાર જેવી યાદી આપી છે જે આપણા વિષયમાં ખાસ ઉપયોગી ગણી શકાય. એ યાદીમાં, હીરુયાણી, પાટણ, માતર, વડૂ, ભાલિજ્જ,

હર્ષપુર, શ્રીનાર, જંબૂસર, પડવાણ, દર્ભાવતી, પેટલાદ્ર, ખેરાલુ, ભોગપુર, ધોળક્કા, મોડાસા આદિ તળ ગૂજરાતના લગભગ બધા વિભાગોને, તે વિભાગોની સંખ્યા સાથે જણાવ્યા છે. પાટણના ભંડારમાં આ ગ્રંથની એક માત્ર અધૂરી તાડપત્રની પ્રત રહેલી છે.

આમ વસ્તુપાલકાલીન સાહિત્ય સાથે વિક્રમનો તેરમો સૈકો પૂરો થાય છે.

□ □ □

# ૧૪મા સૈકાનું સાહિત્ય

## सर्वानंदसूरिकृत जगडुचरित्र

વિક્રમ સંવત ૧૩૧૩થી ૧૫ સુધીનો ત્રણ વર્ષનો ગૂજરાતમાં ઘણો ભયંકર દુકાળ પડ્યો. વાઘેલા વીસલદેવ તે વખતે ગૂજરાતની ગાદીએ રાજ્ય કરતો હતો. કચ્છના ભદ્રેશ્વર ગામમાં જગડુ શાહ જૈન વણિગ્ રહેતો હતો. તેના ગુરુએ તેને ભાવી દુકાળની આગાહી આપી હતી અને તેથી તેણે પોતાની સર્વ સંપત્તિ ખર્ચી અનાજનો મોટો સંગ્રહ અગાઉથી કરી રાખ્યો હતો. એ ત્રણવર્ષી દુકાળમાં જ્યારે અન્નના એકેક કણ માટે માણસો મરી જતા હતા ત્યારે એ જગડુએ અનેક ઠેકાણે દાનશાળાઓ ઉઘાડી હજારો લાખો લોકોને અન્નદાન આપી મોતના મોઢેથી બચાવ્યા હતા. ખુદ ગૂજરાતના, માલવાના અને સિંધના રાજાઓને પણ એણે હજારો મુડા અન્નના મફત આપી એ રાજ્યોને ઉપકારના આભાર નીચે મૂક્યાં હતાં. એ જગડુના દાની જીવનનો બોધ બીજાઓને મળે તે માટે સર્વાનંદસૂરિ નામના એક વિદ્વાને જગડુચરિત નામનો એક સંસ્કૃત પ્રબંધ રચ્યો છે જેમાં આ બધી હકીકત ટૂંકાણમાં આપી છે. ગ્રંથ લગભગ એ જ સમયમાં રચાયેલો છે.

## प्रभाचंद्रसूरिकृत प्रभावकचरित्र

વિ૰ સં૰ ૧૩૩૪માં પ્રભાચંદ્ર નામના જૈન પંડિતે પ્રભાવકચરિત્ર નામનો એક પ્રબંધાત્મક સરસ ગ્રંથ રચ્યો છે. એમાં જૈન ધર્મમાં થઈ ગયેલા ૨૩ પ્રભાવશાળી આચાર્યોનાં ચરિત્રો આપવામાં આવ્યાં છે. એમાંના ઘણા ખરા આચાર્યોનો ગૂજરાત સાથે સંબંધ હતો. વીરસૂરિ,

શાન્તિસૂરિ, મહેન્દ્રસૂરિ, સૂરાચાર્ય, અભયદેવાચાર્ય, વીરદેવગણી, દેવસૂરિ અને છેલ્લા હેમચંદ્રસૂરિ એમ એ આઠ આચાર્યો તો ચૌલુક્યોના વખતમાં, પાટણમાં જ, થયા હતા. એ બધા આચાર્યો વધતા ઓછા પ્રમાણમાં ગૂજરાતના રાજાઓના પરિચયમાં આવેલા હતા; અને કેટલાકે તો ગૂજરાતના ઉત્કર્ષમાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. ગ્રંથકારે યથાલબ્ધ ઐતિહાસિક હકીકતો ભેગી કરવાનો પ્રયત્ન કર્યો છે તેથી એમાં આપણને ગૂજરાતની સંસ્કૃતિની સામગ્રી સારા પ્રમાણમાં મળી આવે છે.

## मेरुतुंगाचार्यरचित प्रबंधचिंतामणि

સંવત ૧૩૬૧માં મેરુતુંગાચાર્યે, વઢવાણમાં રહીને, ગૂજરાતના ઈતિહાસનો સર્વસંગ્રહ જેવો પ્રબંધચિંતામણિ ગ્રંથ રચ્યો. ગૂજરાતના પ્રાચીન ઈતિહાસ માટે આ ગ્રંથ મુખ્ય આધારભૂત ગણાય છે. કર્નલ ફૉર્બસે પોતાનું રાસમાળા નામનું ગૂજરાતના ઈતિહાસનું પ્રથમ પુસ્તક મોટે ભાગે આ જ ગ્રંથના આધારે બનાવ્યું. બૉમ્બે ગેઝેટિયરના પ્રથમ ભાગમાં જે અણહિલપુરનો ઈતિહાસ આપેલો છે તેનો મુખ્ય આધાર પણ પ્રબંધચિંતામણિ છે. ગુજરાતના ઈતિહાસ માટે પ્રબંધચિંતામણિ જે સામગ્રી પૂરી પાડે છે તેવી સામગ્રી આપનાર બીજો કોઈ ગ્રંથ, જો કાશ્મીરના ઈતિહાસ માટેના રાજતરંગિણી ગ્રંથને અપવાદરૂપે ગણીએ તો, હિંદુસ્થાનના બીજા કોઈ પણ પ્રાંતના ઈતિહાસ માટે ઉપલબ્ધ નથી. અણહિલપુર સાથે સંબંધ ધરાવતી જે હકીકતો એમાં આપેલી છે તે લગભગ સંપૂર્ણ વિશ્વસનીય ગણી શકાય. એમાં અણહિલપુરના રાજાઓનો જે રાજ્યકાળ આપ્યો છે તે પણ બીજા ઐતિહાસિક પુરાવાઓથી ઘણા ભાગે પુરવાર થયો છે. ગ્રંથકારે ગૂજરાતના એ વખતના વિશેષ પ્રસિદ્ધ મનાતા અને ગૂજરાતના ગૌરવની વૃદ્ધિમાં ભાગ ભજવતા બધાયે પુરુષોના પ્રબંધોનો એકત્ર સંગ્રહ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગ્રંથકર્તા પોતે એક જૈન આચાર્ય છે અને જૈન શ્રોતાઓનું મનોરંજન કરવા માટે ગ્રંથરચના કરવાનો તેમનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી સ્વાભાવિક રીતે જ જૈન હકીકતો તરફ ગ્રંથકારનો પક્ષપાત હોય. છતાં ગૂજરાતના સમુચિત પ્રભાવ ઉપર પણ તેમનો અનુરાગ છે અને તેથી જેમનો જૈન

સાથે જરાયે સંબંધ નથી એવી પણ કેટલીક બાબતોનો, કેવળ ઇતિહાસ સંગ્રહની દૃષ્ટિએ, એમણે પોતાના એ સંગ્રહમાં સંગ્રહી રાખવાનો પ્રયાસ કર્યો છે. એ ગ્રંથ વિદ્વાનોને ઘણો ખરો જાણીતો છે; તેમજ હું એ ગ્રંથની એક સર્વાંગ પરિપૂર્ણ વિશિષ્ટ આવૃત્તિ તૈયાર કરી રહ્યો છું - જેનાં બે પુસ્તકો તો તૈયાર પણ થઈ ગયાં છે, તેથી એ વિષે અહીં વધારે લાંબું વિવેચન કરવાની આવશ્યકતા નથી જોતો.

## जिनप्रभसूरिकृत विविधतीर्थकल्प

વિ૰ સં૰ ૧૩૮૯માં દક્ષિણના દેવગિરિ નગરમાં રહીને, જિનપ્રભસૂરિએ વિવિધતીર્થકલ્પ નામનો એક ઘણો ઉપયોગી ગ્રંથ પૂર્ણ કર્યો. એ ગ્રંથમાં, તે વખતે ભારતવર્ષમાં, જૈનોનાં જે જે પ્રસિદ્ધ તીર્થસ્થાનો ગણાતાં અને જેમની યાત્રા કરવા માટે લોકો જતા આવતા તે બધાં સ્થાનોનું પ્રાચીન માહાત્મ્ય અને ઇતિહાસ આપેલાં છે. ગૂજરાત, કાઠિયાવાડ, દક્ષિણ, રાજપૂતાના, મધ્યભારત, સંયુક્ત પ્રાંત, અવધ, બિહાર, દક્ષિણ અને કર્ણાટક એ પ્રદેશોમાં આવેલાં લગભગ પચાસેક સ્થાનોનાં એમાં કલ્પો છે. ભૌગોલિક અને ઐતિહાસિક બંને દૃષ્ટિએ આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. ગ્રંથની રચના કકડે કકડે થઈ છે અને આખો ગ્રંથ લગભગ ચાળીસેક વર્ષમાં પૂરો થયો લાગે છે. એમાં આપેલાં ઘણાં ખરાં સ્થાનોની ગ્રંથકારે જાતે યાત્રા કરી હતી, એથી જે સ્થાનની જ્યારે યાત્રા કરવામાં આવી તે વખતે તે સ્થાન વિષેનો એક કલ્પ લખી કાઢવામાં આવ્યો. એથી એમાંનો કોઈ કલ્પ સંસ્કૃતમાં છે તો કોઈ પ્રાકૃતમાં છે; અને કોઈ વળી પદ્યમાં છે તો કોઈ ગદ્યમાં, ગ્રંથકાર આચાર્ય પોતાના જમાનાના બહુશ્રુત વિદ્વાન્ અને પ્રભાવશાળી પુરુષ હતા. ભારતની સંસ્કૃતિના મહાન સંકટકાળ વખતે તેઓ વિદ્યમાન હતા. તેમના જ સમયમાં ભારતવર્ષના હિંદુ રાજ્યોનું સામૂહિક પતન થયું અને ઇસ્લામી સત્તાનું સ્થાયી શાસન જામ્યું. ગૂજરાતની પ્રાચીન સંસ્કૃતિની વિભૂતિના નાટકનો છેલ્લો પડદો એમની નજર આગળ જ પડ્યો. અલાઉદ્દીનના સૈન્યે ગૂજરાતની રાજ્ય સત્તાનો ઉચ્છેદ કરી ગૂર્જર પ્રજાનાં સાહિત્ય, સ્થાપત્ય અને સૌખ્યની સમૃદ્ધિનો, જે કાળે અને જે રીતે સંહાર

કર્યો, તેને નજરે જોનાર એક સાક્ષી તરીકે, એ આપણને કેટલીક વિગતો, એમના એ તીર્થકલ્પગ્રંથ દ્વારા પૂરી પાડે છે. અલા-ઉદ્દીનની ગાદીએ આવનાર મહમદશાહ બાદશાહનો તો એમને પ્રત્યક્ષ પરિચય પણ ઘણો સારો હતો અને તેથી એમણે પોતાની કેટલીક ચમત્કારિક લાગવગ વાપરી એ બાદશાહ પાસેથી, નાશ થતાં કેટલાંક દેવસ્થાનોનું રક્ષણ કરાવવા જેટલા એ શક્તિવાન પણ થયા હતા. એમણે પોતાના એ ગ્રંથમાં જ્યાં ત્યાં એવી કેટલીયે ઐતિહાસિક ઘટનાઓનું ઉપયોગી સૂચન કર્યું છે. મહમૂદ ગજનવીની ગૂજરાત ઉપરની સવારીનો ઉલ્લેખ, ગૂજરાતના સમગ્ર સાહિત્યમાં, એક માત્ર એમના જ લખાણમાંથી મળી આવે છે. મ્લેચ્છોના હાથે વલભીનો નાશ થયાની, વિક્રમ સંવત ૮૪૫ની જે મિતિ એમણે આપી છે, તે બીજા બધા કરતાં વધારે વિશ્વનીય ગણી શકાય છે.

## પેથડરાસ (સં૰ ૧૩૬૦ની આસપાસ)

પોરવાડ જાતિના જૈન વૈશ્ય વર્ધમાનના પુત્ર ચાંડસિંહના કુલમાં સિંહ જેવા પેથડ આદિ છ ભાઈઓ અવતર્યા. પેથડ બધા ભાઈઓમાં વિશેષ પ્રતાપી હતો. એના મનમાં પોતાની લક્ષ્મીનો લહાવો લેવાની ઇચ્છા થઈ તેથી એણે શત્રુંજય-ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી આવવાનો પોતાનો વિચાર બધા ભાઈઓને કહી જણાવ્યો. ભાઈઓ બધા સમ્મત થયા અને સંઘની મોટી તૈયારી કરી. પાટણમાં તે વખતે કર્ણદેવ રાજ્ય કરતો હતો તેની પાસે જઈ યાત્રા કરવા માટે જવાનો દેશપટ્ટો મેળવ્યો. શિયાળો ઊતરે ફાગુણ સુદી પાંચમના દિવસે સંઘે પ્રયાણ કર્યું. પહેલો મુકામ પીલુઆણા ગામે કર્યો. રસ્તામાં કોઈ ચોરચરટાઓનો ત્રાસ ન થાય તે માટે કર્ણરાયે, બિલ્હણના વંશમાં જન્મેલો દેદ નામનો સુભટ તેની સાથે મોકલ્યો. રસ્તામાં ડાભલનગર, મયગલપુર, નાગલપુર, પેથાવાડા, જંબુ, ભડકૂ, રાણપુર, લોલીઆણા અને પીંપલાઈ વગેરે ગામોમાં પડાવ નાંખતો સંઘ પાલીતાણે પહોંચ્યો. રસ્તામાં, પેથાવાડાના જાગીરદાર મંડણદેવે, જંબુના ઝાલાએ, અને ગોહીલખંડના રાણા વગેરેએ સંઘનો સત્કાર કર્યો, પાલીતાણે યાત્રા કરી,

અમરેલી વગેરે થઈ, સંઘ ગિરનાર ગયો. ત્યાંથી સોમનાથ અને પ્રભાસમાં ચંદ્રપ્રભુની યાત્રા કરી આનંદખેમે પાછો સ્વસ્થાનકે આવ્યો. એ સંઘમાં જનાર નારી જનોના રમવા માટે અને બીજા લોકોના ગાવા માટે મંડલિક નામના કવિએ પેથડરાસ નામનો એક નાનો સરખો ગૂજરાતી કવિતાબદ્ધ રાસ રચ્યો છે. આ રાસ આમ ઈતિહાસ અને ભૂગોલની દૃષ્ટિ ઉપરાંત, પ્રાચીન ગૂજરાતી ભાષાની કવિતાની દૃષ્ટિએ પણ બહુ ઉપયોગી છે. એમાં વચ્ચે બેચાર કડીઓ એવી છે જેમાં આપણને તે કાલની મરાઠીશાહી ગૂજરાતીની ઝલક મળે છે. દીઠલ્લા, લાગલ્લા, મંડિયલે, કીયલે, ઠવિયલે, તમ્હચિ વગેરે શબ્દપ્રયોગો કવિએ કવિતામાં કાંઈક ઝમક લાવવા માટે ખાસ વાપરેલા હોય તેમ લાગે છે. ગૂજરાતનો અને મહારાષ્ટ્રનો સંબંધ તે વખતે કેટલો નિકટનો હતો તે તરફ કાંઈક વિચાર કરવાની સામગ્રી આપણને આ રાસ ઉપસ્થિત કરે છે.

### अंबदेव उपाध्यायकृत समरारास

સંવત ૧૩૬૯માં, પાટણના સુબા અલફખાનના સૈન્યે જૈનોના પવિત્રતમ તીર્થ શત્રુંજય ઉપર આક્રમણ કર્યું અને એ તીર્થનાયક આદિનાથની ભવ્ય મૂર્તિને તોડીફોડી, મંત્રી બાહડે બંધાવેલા મંદિરને ભ્રષ્ટ કર્યું. એના સમાચાર અણહિલપુર પહોંચતાં ત્યાંના જૈન સંઘને પારાવાર ક્લેશ થયો. સમરાસાહ ઓસવાલ તે વખતે પાટણમાં ઘણો ધનવાન અને લાગવગવાળો પુરુષ હતો. મુસલમાન સુબા અલફખાન સાથે પણ તેનો સારો પરિચય હતો. તેણે પાટણના જૈન સંઘવતી અલફખાનને જઈને બધી બાબત જણાવી, અને જે થયું તે થયું પણ બીજાં કોઈ દેવસ્થાનોને હવે વધારે ભ્રષ્ટ ન કરવામાં આવે, તે માટે તરત તેની પાસેથી ફરમાન કઢાવ્યાં; તથા શત્રુંજયનાં મંદિર અને મૂર્તિને જે· ખંડિત કરી નાંખ્યાં છે તેનો ફરી ઉદ્ધાર કરવા માટેની પરવાનગી મેળવી. લાખો રૂપિયા ખર્ચી બે વર્ષની અંદર એ તીર્થનો પુનરુદ્ધાર કરાવ્યો અને સં૰ ૧૩૭૨ની સાલમાં પાટણથી એક મોટો સંઘ લઈ તે શત્રુંજય ઉપર ગયો અને ત્યાં મંદિર અને મૂર્તિની ફરી પ્રતિષ્ઠા કરી. એ પ્રસંગને ઉદ્દેશીને, એ સંઘમાં સાથે જનાર અંબદેવસૂરિએ, ગૂજરાતી ભાષામાં

સમરારાસ નામની રસભરી રચના કરી એ રચનામાં સંક્ષેપમાં ઉપર આવેલી બધી વિગત વર્ણવી છે. ભાષા અને ઇતિહાસ બંને દૃષ્ટિએ આ કૃતિ ઉપયોગી છે.

## कक्कसूरिकृत शत्रुंजयमहातीर्थोद्धार प्रबंध

ઉપર વર્ણવેલા પ્રસંગનું વર્ણન કરતો બીજો એક સંસ્કૃત ગ્રંથ છે જેનું નામ શત્રુંજયમહાતીર્થોદ્ધાર પ્રબંધ છે. એ ગ્રંથ સં૰ ૧૩૯૨માં પૂરો થયો હતો. એના કર્તા સમરાસાહના ધર્માચાર્યની ગાદીએ આવનાર આચાર્ય કક્કસૂરિ છે. ગ્રંથકાર, એ તીર્થોદ્ધારના આખાયે પ્રસંગમાં એક પ્રમુખ ભાગ ભજવનાર હતા તેથી ગ્રંથગત વર્ણનને વિશ્વસનીયતાની છાપ લાગેલી છે. આ ગ્રંથમાં એ બધી હકીકત ખૂબ વિસ્તાર સાથે આપેલી છે અને પ્રારંભમાં સમરાસાહના પૂર્વજોનો પણ વિસ્તૃત ઇતિહાસ આપ્યો છે. મૂળમાં એ લોકો મારવાડમાંથી પાલણપુર આવીને વસ્યા અને પછી ત્યાંથી પાટણ આવીને સ્થિર થયા. સમરાસાહ ૪ ભાઈઓ હતા. તેઓ બધા બહુ બાહોશ અને શક્તિશાળી હતા. એક ભાઈ ખંભાતમાં અને બીજો ભાઈ છેક મદ્રાસ પ્રાંતના ઉરંગલ શહેરમાં મોટો કારભાર ચલાવતો હતો. એ દરેક ભાઈને તે તે સ્થાનમાં રાજ્ય અને પ્રજા તરફથી ઘણું સન્માન મળતું હતું. પાછળથી સમરાસાહ આખા તિલંગદેશનો મોટો રાજ્યાધિકારી - ગવર્નર - તરીકે પણ નિમાયો હતો અને તેણે પોતાની લાગવગથી મુસલમાનોના અત્યાચારમાંથી હજારો-લાખો લોકોનું સંરક્ષણ કર્યું હતું. પ્રાચીન ગૂજરાતનો એ અંતિમ મહાજન હતો. સ્વાધીન ગૂર્જર ભૂમિમાં જન્મ લેનાર એ છેલ્લો ગુજરાતી મહત્તમ હતો. એના જમાનાના ગૂજરાતના ઇતિહાસ માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. મેં કલ્પેલી ગૂજરાતની પ્રાચીન સંસ્કૃતિની મર્યાદા એ ગ્રંથના સમય અને વિષય સાથે સમાપ્ત થાય છે.

## मेरुतुंगाचार्यकृत स्थविरावली

પ્રબંધચિંતામણિના કર્તાથી ભિન્ન એક બીજા મેરુતુંગાચાર્ય એ

સમયમાં થયા છે જેમણે સ્થવિરાવલી અથવા વિચારશ્રેણી નામની એક જૈન કાલક્રમ સૂચક નાની સરખી કૃતિ કરી છે. એ કૃતિ મુખ્યપણે તો જૈન સૂરિઓની પટ્ટ પરંપરાનો કાળક્રમ બતાવવા અર્થે બનાવવામાં આવી છે પણ એના અંતભાગમાં ગૂજરાતના રાજાઓની - અણહિલપુરના ચાવડા, ચૌલુક્યો અને વાઘેલાઓની યાદી આપી છે, અને તેમની રાજ્યગાદીની સાલો પણ આપી છે, જે આપણા ઇતિહાસસાધનમાં ખાસ કામની છે. કેટલાક લેખકો, આના કર્તાને અને પ્રબંધચિંતામણીના કર્તાને એક જ વ્યક્તિ માની, તે રીતે જ એમના પરસ્પર વિરોધી જણાતાં લખાણોનો ગોટાળો કરતા આવ્યા છે. પણ વસ્તુતઃ તેમ છે જ નહિ. આ બંને ગ્રંથકારો જુદા છે. છેલ્લી કૃતિના કર્તા વિ૰ સં૰ ૧૪૦૦ની આસપાસ થયા છે.

## स्थंभनकपार्श्वनाथचरित्र

મેરુતુંગની જ એક રચના, જેનું નામ સ્થંભનકપાર્શ્વનાથચરિત્ર છે, પાટણના ભંડારમાં મારા જોવામાં આવેલી. ખંભાતમાં સ્થંભનપાર્શ્વનાથનું જૈનોનું પ્રસિદ્ધ તીર્થભૂત સ્થાન છે. મૂળ એ સ્થાન સેઢી નદીના કાંઠે આવેલા થંભણા ગામમાં હતું. પણ પાછળથી એ સ્થાનની પ્રતિષ્ઠા ખંભાતમાં કરવામાં આવેલી. એ સ્થાનસ્થિત પાર્શ્વનાથની મૂર્તિનો ઇતિહાસ ઘણો જૂનો છે. જૈનોની પરંપરા પ્રમાણે આંધ્રવંશીય રાજા સાતવાહનના સમયમાં એ મૂર્તિનું માહાત્મ્ય પ્રસિદ્ધિમાં આવેલું. પણ વચ્ચે એ મૂર્તિ લુપ્ત થઈ ગઈ હતી જેનું પુનઃ પ્રકટીકરણ કર્ણદેવ ચાલુક્યના વારામાં અભયદેવસૂરિએ કર્યું. સંવત ૧૩૬૦ની આસપાસ એ મૂર્તિ ખંભાતમાં લાવવામાં આવી. એ વિષેની કેટલીક ઐતિહાસિક માહિતી આ ગ્રંથમાં આપેલી છે. પાટણના ભંડારની એ પ્રતિ અપૂર્ણ, છે તેથી ગ્રંથકર્તા કયા મેરુતુંગસૂરિ છે તેનો નિર્ણય કરી શકાય તેમ નથી. ખંભાતના ઇતિહાસમાં આ વસ્તુ ઉપયોગી ગણાય.

## प्रकीर्ण प्रबंधावलि

મને એક પ્રબંધવાલિની હસ્તલિખિત પુરાતન પ્રતિ મળી છે જેના કર્તાનો કશો નિર્દેશ નથી મળતો. એ પ્રતિ સંવત ૧૪૦૦ની આસપાસની લખેલી છે તેથી છેવટનો એનો સમય ચૌદમા સૈકાનો અંતિમ ભાગ ગણી શકાય. એ પ્રતિ એક પ્રકારની પ્રકીર્ણ નોંધપોથી જેવી છે અને એમાં કોઈ ૧૪૦ જેટલી બાબતો નોંધેલી છે. એ નોંધોમાં કેટલીક ઐતિહાસિક નોંધો પણ છે જે સિદ્ધરાજ, કુમારપાલ, ભીમદેવ, વીરધવલ, વીસલદેવ આદિ રાજાઓના સમય સાથે સંબંધ ધરાવે છે. ગૂજરાતના ઇતિહાસમાં ઉમેરી શકાય એવી કેટલીયે બાબતો આમાં તદ્દન નવી મળે છે જે બીજે ક્યાંયે જોવામાં નથી આવતી.

## कुमारपाल चरित्र

જેમ વસ્તુપાલનાં ચરિત્રો વિષે વિવિધ ગ્રંથો મળી આવે છે તેમ કુમારપાલ રાજાનાં ચરિત્રો પણ વિવિધ પ્રકારનાં મળી આવે છે. કુમારપાલના સમકાલીન ગ્રંથકારોના ગ્રંથો વિષે તો આપણે એ પહેલાં જાણી લીધું છે. પાછળથી લખાયેલાં સ્વતંત્ર ચરિત્રોમાં, અત્યારે હું જે ચરિત્રનો પરિચય અહીં આપું છું તે સૌમાં જૂનું ગણાય. એ ચરિત્ર ટૂંકું અને મુદ્દાની હકીકતો આપનારું છે. એના કુલ ૨૨૨ શ્લોક છે. કર્તાનું નામ નથી તેમજ આદિ અંતમાં તેવી બીજી પણ કશી માહિતી આપી નથી. પાટણના ભંડારમાંથી આ ચરિત્રની જે પ્રતિ મળી છે તે સં૰ ૧૩૮૫ની આસપાસ લખાયેલી છે. એટલે એ પહેલાં આ ચરિત્રની રચના થઈ એમ તો ચોક્કસ માની શકાય. આ ચરિત્રમાં કુમારપાલનું જીવન સંક્ષિપ્ત રીતે પણ બધા મુદ્દાની બાબતો સાથે વર્ણવેલું છે. કેટલીક એવી પણ બાબતો આમાં નજરે પડે છે કે જે બીજાં ચરિત્રોમાં નથી દેખાતી. દાખલા તરીકે આ ચરિત્રમાં લખ્યું છે કે, કુમારપાલ જ્યારે પ્રવાસી દશામાં ફરતો ફરતો કાન્યકુબ્જમાં ગયો ત્યારે ત્યાં લાખો આંબાનાં ઝાડો અને બગીચાઓ જોઈ તે ખૂબ વિસ્મિત થયો અને તેથી તેણે લોકોને પૂછ્યું કે આ પ્રદેશમાં આટલાં બધાં આમ્રવૃક્ષો કેમ છે. તેના

જવાબમાં તેને જણાયું કે એ પ્રદેશમાં આંબાના ઝાડ ઉપર કોઈ પણ પ્રકારનો રાજકર નથી અને તેથી લોકો આ ઝાડો ઉછેરે છે. કુમારપાલને આ વાત ઘણી ગમી અને તેથી તેણે મનમાં નિશ્ચય કર્યો કે જ્યારે પોતાને ગૂજરાતની રાજ્યગાદી મળે ત્યારે, આ દેશની માફક ગૂજરાતમાં પણ આંબાનાં ઝાડ ઉપરનો કર માફ કરવો. અને એ સંકલ્પ પ્રમાણે રાજ્ય મળ્યા પછી તેણે તે કર માફ કર્યો. જ્યાં સુધી મને યાદ છે આ હકીકત બીજાં ચરિત્રોમાં નથી દેખાતી. બીજી એક નોંધ એ ચરિત્રમાં એ મળી આવે છે કે - એ જ પ્રવાસી દશામાં કુમારપાલ ભટકતો ભટકતો જ્યારે મેવાડના સુપ્રસિદ્ધ ચિત્તોડના કિલ્લા ઉપર ગયો ત્યારે તેને ત્યાંનો ઇતિહાસ સંભળાવનારે, એ કિલ્લાની પાસે આવેલી મધ્યમાપુરીનું કેટલુંક વર્ણન કહી સંભળાવ્યું. આ મધ્યમાપુરી તે ભાષ્યકાર પતંજલિએ જણાવેલી માધ્યમિકા છે. એના ખંડેરો આજે પણ ત્યાં છે અને લોકો તેને નગરીના નામે ઓળખે છે. આર્કિઓલૉજીકલ ખાતાની શોધખોળ દ્વારા ત્યાં આગળથી કેટલાક જૂના સિક્કાઓ મળી આવ્યા હતા અને તે ઉપરથી એ સ્થાનના નામઠામનો પત્તો મેળવવામાં આવ્યો હતો. એ સિવાય સાહિત્યમાં, આ સ્થાનનો પરિચય આપે એવો એકેય ઉલ્લેખ, હું ધારું છું ત્યાં સુધી, હજી સુધી મળી આવ્યો નથી. આમ આ ચરિત્રમાં કેટલીક ઉપયોગી ઐતિહાસિક બાબતો જાણવા જેવી છે. પાછળના ચરિત્રકર્તાઓએ આ ચરિત્રનો કેટલોક ઉપયોગ કરેલો છે. જિનમંડનના કુમારપાલ પ્રબંધમાં આમાંના અનેક શ્લોકો ઉતારેલા મળી આવે છે.

□ □ □

# ૧૫મા સૈકામાં લખાયેલું સાહિત્ય

## राजशेखरसूरिकृत प्रबंधकोष

સંવત ૧૪૦૫માં દિલ્લીમાં રહીને રાજશેખરસૂરિએ પ્રબંધકોષ - જેનું બીજું નામ ચતુર્વિંશતિપ્રબંધ પણ છે - ગ્રંથ રચ્યો. એ ગ્રંથ પ્રબંધચિન્તામણિના પૂર્તિરૂપે રચાયેલો ગણી શકાય. જોકે એનું ઐતિહાસિક મહત્ત્વ તેના જેટલું નથી. એમાં કુલ ૨૪ પ્રબંધો છે. તેમાંથી કેટલાક માત્ર જૈન સાંપ્રદાયિક, કેટલાક પૌરાણિક અને કેટલાક ઐતિહાસિક છે. ઐતિહાસિક પ્રબંધોમાં હેમચંદ્રસૂરિ, હર્ષ કવિ, હરિહર કવિ, અમરચંદ્રસૂરિ, આભડ અને વસ્તુપાલના પ્રબંધો ગૂજરાતની સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવનારા ગણાય. તે ઉપરાંત, બપ્પભટ્ટીસૂરિ, હરિભદ્રસૂરિ, મલ્લવાદીસૂરિ, પાદલિપ્તસૂરિ, જીવદેવસૂરિ વગેરે જૈન આચાર્યોના જે પ્રબંધો છે તે પણ કેટલેક અંશે આપણા વિષયની સાથે સંબંધ ધરાવનારા ગણી શકાય. જોકે પ્રભાવક ચરિત્ર વગેરેમાં આમાંના કેટલાક પ્રબંધો આવેલા હોવાથી આ ગ્રંથમાં તે વિષે નવીનતા જેવું વિશેષ કશું મળતું નથી.

## कुमारपालनां चरित्रो

રાજશેખરસૂરિના પ્રબંધકોષ પછી રચાયેલા ગ્રંથોમાં કુમારપાલનાં ૩-૪ ચરિત્રો મુખ્ય ગણાવી શકાય. સં૦ ૧૪૨૨માં સોમતિલકસૂરિએ અને એ સમયની આસપાસ જયસિંહસૂરિએ જુદાં જુદાં કુમારપાલ ચરિત્રોની, સંસ્કૃતમાં શ્લોકબદ્ધ રચના કરી. સં૦ ૧૪૩૭માં

ધનરત્ને ગદ્યપદ્યમિશ્રિત ચરિત્ર લખ્યું અને છેવટે સં. ૧૪૯૨માં જિનમંડનોપાધ્યાયે વિસ્તૃત કુમારપાલ પ્રબંધ બનાવ્યો. આ ત્રણે-ચારે ગ્રંથમાં ઘણી ખરી તો એક જેવી જ વિગતો છે; પણ એકંદરે આખો સળંગ ઇતિહાસ આલેખવા માટે એ બધાનો સ્વતંત્ર ઉપયોગ છે જ. કોઈ ચરિત્રમાં કોઈ વાત વધારે છે તો કોઈમાં કોઈ ઓછી છે. કોઈમાં વળી કાંઈક ફેરફાર પણ મળી આવે છે. કુમારપાલના સમયની ગૂજરાતની સર્વ પ્રકારની પરિસ્થિતિનો ઊહાપોહ કરવા માટે આ ગ્રંથો વિવિધ પ્રકારની સાધનસામગ્રી પૂરી પાડે છે.

## जिनहर्षकृत वस्तुपालचरित्र

કુમારપાલ ચરિત્રની માફક આ સૈકાની આખરે વસ્તુપાલનું એક વિસ્તૃત ચરિત્ર રચાયું. એના કર્તા જિનહર્ષસૂરિ છે. આ ચરિત્રમાં વસ્તુપાલ વિષેની લગભગ સર્વ હકીકતો એકત્ર ગૂંથવામાં આવી છે. ચરિત્રકારે પોતાની પહેલાંની ઘણી ખરી સામગ્રીનો ઉપયોગ એ ચરિત્ર લખવામાં કર્યો છે. કલ્પના અને વર્ણનો કરતાં આ ગ્રંથમાં ઇતિહાસ વધારે છે. કલ્હણની રાજતરંગિણીનું જે જાતનું ઐતિહાસિક મૂલ્ય આંકવામાં આવે છે તે જાતનું મૂલ્ય આ ગ્રંથનું પણ આંકી શકાય. આ જાતના બીજા બધા ગ્રંથો કરતાં આમાં અતિશયોક્તિ ઓછી નજરે પડે છે. પણ ગ્રંથકારે એક મહત્ત્વની વાતને જે રીતે ઓળવી નાંખી છે તે એમના કથનને જરા સત્યથી વેગળું મૂકે છે. વસ્તુપાલ તેજપાલનાં માતા કુમારદેવી આશરાજ સાથે પુનર્લગ્નના સંબંધથી જોડાયાં હતાં એ વાત મેરુતુંગાચાર્યે પ્રબંધચિંતામણિમાં સ્પષ્ટ લખી છે અને તેનું સૂચન બીજા પણ તેવા પુરાતન પ્રબંધોમાં તથા તે પછીના ગૂજરાતી રાસાઓમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યું છે, પરંતુ જિનહર્ષ પોતાના ગ્રંથમાં તે વિષેનો જરા પણ આભાસ થવા દેતા નથી. જોકે તેમની જાણમાં આ વાત અવશ્ય હોવી જ જોઈએ. પુનર્લગ્ન વિષે તે વખતે સમાજની કલ્પના હલકી હોવાથી પોતાના આવા લોકોત્તર ચરિત્રનાયકોને તેવા કહેવાતા સામાજિક કલંકથી અસ્પૃષ્ટ રાખવા માટે જ ગ્રંથકારે આ વાતને ઇરાદાપૂર્વક ટાળી દીધી હોય એમ માનવાને કારણ છે.

બીજી રીતે એ જમાનાના ઇતિહાસ માટે આ ગ્રંથ બહુ મૂલ્યવાન છે એમાં શક નથી.

## प्रबंधसंग्रह

પાટણના ભંડારમાંથી મને એક પ્રબંધસંગ્રહની પ્રતિ મળી છે જેમાં પ્રબંધકોષની જેમ અનેક પ્રબંધોનો સંગ્રહ છે. કમનસીબે આ પ્રતિ ખંડિત છે. એમાં વચ્ચે વચ્ચે અનેક પાનાંઓ જાય છે, તેમજ અંતનો ભાગ પણ ઉપલબ્ધ નથી. તેથી આનો કર્તા કોણ છે અને એમાં કુલ કેટલા પ્રબંધો છે તે વિષે કશું જાણી શકાયું નથી. મળેલી પ્રતિનું છેલ્લું પાન ૭૬મું છે અને તેમાં જે પ્રબંધ પૂરો થાય છે તેનો અંક ૬૬નો છે, એથી સમજાય છે કે ગ્રંથ ખાસો મોટો છે અને એમાં પ્રબંધોની સંખ્યા સારી સરખી હોવી જોઈએ. કદાચ, ઉપદેશતરંગિણી નામના ગ્રંથમાં ચતુર્વિંશતિ પ્રબંધ સાથે એક દ્વિસપ્તતિ પ્રબંધનો પણ જે ઉલ્લેખ આવે છે તે ૭૨ પ્રબંધવાળો આ ગ્રંથ હોય. જોકે આ ગ્રંથમાં પણ પ્રબંધચિંતામણિ અને પ્રબંધકોષમાંના ઘણા પ્રબંધોની પુનરાવૃત્તિ જોવામાં આવે છે પણ તેમાં કેટલાક નવા પ્રબંધો પણ છે; અને જે પ્રબંધો એના એ છે તેમાં પણ કેટલાક ફેરફારો અને સુધારા-વધારાઓ નજરે પડે છે. મળેલી પ્રતિ ૧૫મા સૈકામાં લખાયેલી હોવી જોઈએ. તેથી એનો સમય મોડામાં મોડો ૧૫મો સૈકો મુકાય. એમાંના ભોજગાંગેય પ્રબંધ, ધારાધ્વંસ પ્રબંધ, મદનવર્મ જયસિંહદેવ પ્રીતિ પ્રબંધ, પૃથ્વીરાજ પ્રબંધ, નાહડરાય પ્રબંધ, નાડૂલા લાખણ પ્રબંધ વગેરે પ્રકરણો ખાસ ઉપયોગી ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે.

## लावण्यसमयनो विमलप्रबंध

ગૂજરાતની સ્થાપત્યકળાનું અદ્ભુત નિદર્શન કરાવતું આબુપર્વત પરનું આદિનાથનું જગપ્રસિદ્ધ જૈન મંદિર, ચાલુક્ય ભીમદેવ પહેલાના પ્રધાન સેનાપતિ વિમલશાહ પોરવાડે બંધાવ્યું હતું. વિમલશાહ ગૂજરાતનો એક મહાન ભડવીર અને રણકુશળ દંડનાયક હતો. એના

પૂર્વજો પ્રાચીન ગૂજરાતના સર્વપ્રધાન નાગરિકો અને અણહિલપુરના નગરશેઠો હતા. અણહિલપુરમાં સર્વ પ્રથમ, પ્રધાન વ્યાપારી અને મહાજનોના પ્રમુખ નેતા તરીકે, વનરાજ ચાવડાએ એના પૂર્વજ નેઢ મંત્રીને સ્થાપ્યો હતો. ઠેઠ વનરાજથી લઈ કુમારપાલ સુધીના સમય લગી એના વંશે એવી ને એવી પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. એ વિમલ મંત્રીના ચરિત્રને લગતો વિમલપ્રબંધ નામનો ગૂજરાતી ભાષામાં સંવત ૧૫૬૮માં પં૰ લાવણ્યસમયે સરસ રાસ રચ્યો છે. પ્રબંધનાયકના સમય પછી લગભગ પાંચસો વર્ષે રચાતા ગ્રંથમાં, ઐતિહાસિક હકીકત ઉપર કલ્પનાનાં ઘટ્ટ આવરણો ચઢે એ સ્વાભાવિક જ છે, તેથી એ ગ્રંથમાં આપણને તે કાલની બહુ પ્રામાણિક વિગતો નથી મળતી. પણ એમાં, તે પ્રાચીન ગૂજરાતની સામાજિક સંસ્કૃતિનો જે કેટલોક સુંદર ચિતાર આપેલો છે તે ઘણો ઉપયોગી છે. ગૂજરાતમાં વસતી ઉચ્ચ જાતો વગેરેનાં મૂળ સ્થાન શ્રીમાલ ઊર્ફે ભિલ્લમાલને લગતી જે દંતકથા વગેરેનું વર્ણન એમાં આપ્યું છે તે પ્રાચીન ગૂજરાતની સંસ્કૃતિનું ચિત્ર દોરવામાં મહત્ત્વની સામગ્રીનું કામ આપે એવું છે.

## इन्द्रहंसपंडितरचित विमलचरित्र

એ જ વિમલશાહના પ્રબંધને લગતો એક સંસ્કૃત ગ્રંથ ઈન્દ્રહંસ નામના પંડિતે સંવત ૧૫૭૮માં બનાવ્યો. એ ગ્રંથ જોકે મુખ્યપણે તો ઉક્ત લાવણ્યસમયના ગૂજરાતી પ્રબંધના આધારે જ રચવામાં આવ્યો છે, પણ તે સાથે ગ્રંથકારે બીજી પણ કેટલીક સામગ્રીનો ઉપયોગ કર્યો હોય તેમ લાગે છે. જ્ઞાતિઓ વગેરેની બાબતમાં આ ગ્રંથમાં કાંઈક વધારે વર્ણન આપ્યું છે. વિમલશાહને લગતાં પુરાણાં સ્તુતિ કાવ્યો, જે નષ્ટ થઈ ગયેલી પ્રશસ્તિઓમાંનાં હોવાં જોઈએ, એ ગ્રંથમાં અવતારેલાં દૃષ્ટિએ પડે છે.

## वस्तुपाल रासाओ

એ સૈકામાં સંસ્કૃત ચરિત્રોની જેમ, ગૂજરાતી ભાષામાં પણ,

વસ્તુપાલ ઉપર ટૂંકી ટૂંકી રાસાત્મક કૃતિઓ રચાણી છે જેમાંની ૧ લક્ષ્મીસાગરસૂરિની અને ૨ જી પાર્શ્વચંદ્રસૂરિની પ્રસિદ્ધિમાં આવી છે. આ બંને કૃતિઓ ટૂંકી છે અને તેથી તેમાં વિશેષ હકીકત મળવાનો અવકાશ જ નથી. પણ જેમ મેં ઉપર જણાવ્યું, એ રાસાઓની એટલે અંશે વિશેષતા છે કે એમાં વસ્તુપાલની માતા કુમારદેવી અને પિતા આશરાજ બંને પુનર્લગ્નના સંબંધથી જોડાયા હતા એ વાતનો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે, કે જે વાત પ્રબંધચિન્તામણિ અને બીજા એક એવા પુરાતન પ્રબંધ સિવાયના અન્ય સંસ્કૃત ગ્રંથોમાં જણાવવામાં નથી આવી. વસ્તુપાલના ચરિત્રમાં આ એક ઘણો મહત્ત્વનો મુદ્દો છે.

## कृष्णकविकृत रतनमाळ

કૃષ્ણ કવિ નામના જૈનેતર લેખકે રત્નમાળ નામનો વિસ્તૃત ગ્રંથ, હિંદી કવિતામાં ગૂજરાતના ઇતિહાસ ઉપર લખવા ધારેલો, જેના કુલ ૮ રત્ન અત્યારે મળે છે, ગ્રંથકારનો મૂળ સંકલ્પ, એ રત્નમાળના ૧૦૮ રત્નો બનાવવાનો હોય તેમ લાગે છે પણ તે સંકલ્પ પૂરો નહિ કરી શક્યો હોય. ગ્રંથની ભાષા જોતાં તે ૧૭મા-૧૮મા સૈકામાં રચાયેલો લાગે છે. એ ઉપલબ્ધ ભાગમાં ચાવડાવંશની હકીકત આવે છે. વનરાજના પિતા જયશિખરી ચાવડાએ કરેલા યુદ્ધનું ભાટશાહી વર્ણન છે જે કાં તો કોઈ ભાટ-ચારણની કરેલી સૃષ્ટિ હોય કે કાં તો કૃષ્ણાજી કવિએ પોતે જ તે સર્જી કાઢેલું હોય. છતાં એક કિંવદંતી તરીકે તેનું સંસ્કૃતિના સાહિત્યમાં સ્થાન છે જ. એમાં ચાવડા રાજાઓની સાલવારી જે આપી છે તે પ્રબંધચિંતામણિમાં આપેલી એક જાતની સાલવારી સાથે મળતી આવે છે. મને લાગે છે કે મારવાડ વગેરે રાજ્યોની મુંહતા નૈણસી આદિની રચેલી જેવી ખ્યાતો છે તેવી ખ્યાતો, એ જમાનામાં ગૂજરાતના રાજાઓની પણ હોવી જોઈએ. પરંતુ મુસલમાની રાજ્ય અમલ દરમ્યાન ગૂજરાતમાં તેવાં કોઈ સ્વતંત્ર રાજ્યો ન રહ્યાં તેથી એ જાતનું સાહિત્ય ગૂજરાતમાં વિકસ્યું તો નહિ જ પણ જે જૂનું હશે તે પણ કમનસીબે નાશ પામ્યું હોવું જોઈએ. અજૈન કૃતિ તરીકે આ રચના વિશેષ ઊહાપોહ અને ઢાલની બીજી બાજુ જોવા તરીકે ઠીક ઠીક કામની છે.

## रंगविजयकृत गूर्जर-भूपावली

છેક વિ૦ સં૦ ૧૮૬૫માં, રંગવિજય નામના એક યતિએ, ભરૂચમાં, ભગવંતરાય ખત્રીના કહેવાથી, ગૂર્જરદેશભૂપાવલી નામે ૯૫ શ્લોકનો સંસ્કૃત પ્રબંધ રચ્યો, જેમાં મેરુતુંગની વિચારશ્રેણીની જેમ ઠેઠ મહાવીરના નિર્વાણથી લઈ, પોતાના સમય પર્યંતના - એટલે કે ગૂજરાતમાં મુસલમાનોની સત્તા સદાના માટે નષ્ટ થઈને અંગ્રેજોની સત્તા સ્થિર થઈ ત્યાર સુધીના - રાજાઓનો રાજ્યકાળ નોંધ્યો છે. અણહિલપુરના પહેલાંના રાજાઓની યાદી તો, તેના જેવી બીજી યાદીઓની માફક, ઈતિહાસના આધાર વગરની જ ગણાય; પણ અણહિલપુરના ચાવડા, ચૌલુક્ય, અને વાઘેલા વંશની જે સાલવારી છે તે આપણને ઉપયોગી થાય એવી છે. એમાં ગૂજરાતના અંતિમ હિંદુ રાજા કર્ણવ ઘેલાનું રાજ્ય વિ૦ સં૦ ૧૩૬૮ સુધી ચાલ્યું એમ લખ્યું છે જે ગેઝેટિયર વગેરેમાં ઠરાવેલી સાલ કરતાં ૭ વર્ષ મોડું છે. તેમજ એ ભૂપાવલીમાં, ચાવડાઓની પહેલાં, ગૂજરાતમાં, આમ અને ભોજ આદિ ૭ રાજાઓનું ૨૪૫ વર્ષ સુધી રાજ્ય રહ્યું હતું એવો ઉલ્લેખ મળે છે જે ગૂર્જર પ્રતિહાર વંશનું સૂચન કરે છે. આ ઉલ્લેખ બીજા કોઈ તેવા જૂના ગ્રંથમાં જોવામાં નથી આવતો. તેથી પ્રબંધકાર સામે તેવી કોઈ જૂની પરંપરા છે જે ગૂજરાત ઉપર એક કાળે પ્રતિહાર વંશનું પ્રભુત્વ હતું તેનો આભાસ આપનારી હોય. અલબત્ત સમયાદિ વગેરે ઉપર વધારે ભાર આપવા જેવું કશું નથી જ.

□ □ □

## પ્રકીર્ણ સાહિત્ય

ઉપર જે ગ્રંથોનો પરિચય આપ્યો છે, તે બધા ઘણા ભાગે ચરિત્રાત્મક કે ઐતિહાસિક પ્રબંધાત્મક છે. એ સિવાય બીજા પણ એવા કેટલાક ગ્રંથો છે જેમાં આ વિષયને લગતી કેટલીક નોંધો મળી આવે છે.

રત્નમંદિર કૃત **ઉપદેશતરંગિણી** નામનો એક ગ્રંથ છે જેની રચના ૧૬મા સૈકાના પ્રારંભમાં થયેલી છે. એ ગ્રંથમાંથી ગૂજરાતના ઇતિહાસને લગતી ઘણી બધી નોંધો મળી આવે છે.

એ જ સમયનો, **ઉપદેશસપ્તતિ** નામનો એક ગ્રંથ છે જેમાં ભીમદેવ ૧લાના સાંધિવિગ્રહિક ડામર નાગરની કથા તથા તેવી બીજી કેટલીક ઐતિહાસિક કથાઓ આપેલી છે.

**આચારોપદેશ** અને **શ્રાદ્ધવિધિ** નામના ગ્રંથોમાં પણ કુમારપાલ વસ્તુપાલ તેજપાલ વગેરેના સંબંધની કાંઈક કાંઈક ટૂંકી નોંધો આપેલી છે.

સત્તરમા સૈકામાં થયેલા ધર્મસાગરોપાધ્યાયના **પ્રવચનપરીક્ષા** નામના ગ્રંથમાં અણહિલપુરના ચાલુક્યોની સાલવારી આપેલી છે; તેમ જ તેમની બનાવેલી તપાગચ્છ પટ્ટાવલીમાં પણ કેટલીક જૈન વ્યક્તિઓની નોંધો આવેલી છે.

ધર્મારણ્ય નામના મોઢ જાતિના **પુરાણગ્રંથ**માં ચાવડાઓની વંશાવલી આપેલી છે અને મોઢેરાને લગતી કેટલીક હકીકત છે. આ ગ્રંથ ૧૬મા સૈકામાં રચાયો હશે.

**સ્કંદપુરાણ**માં ગૂજરાતનાં કેટલાંક તીર્થસ્થાનોનું માહાત્મ્ય વર્ણવેલું છે જે ભૌગોલિક હકીકતો માટે ઉપયોગી ગણાય. જૈનપ્રતિપક્ષી તરીકે કુમારપાલને લગતી જે કેટલીક હકીકત એમાં આપેલી છે તે આપણા સમાજની સાંપ્રદાયિકતાનું ચિત્ર દોરવવામાં સાધનભૂત થાય તેવી વસ્તુ છે.

સિદ્ધરાજના સમયમાં લખાયેલા **ગણરત્નમહોદધિ** નામના વર્ધમાનસૂરિએ રચેલા વ્યાકરણ વિષયક ગ્રંથમાં સિદ્ધરાજની સ્તુતિ દર્શાવનારાં કેટલાંક પદ્યો ઉદ્ધૃત કરેલાં છે.

મયલગિરિ સૂરિએ રચેલા સંસ્કૃત વ્યાકરણમાં કુમારપાલે અર્ણોરાજ ઉપર મેળવેલી જીતની નોંધ છે.

નેમિકુમારસુત વાગ્ભટકવિ રચિત **કાવ્યાનુશાસન**માં અને સોમસુત કવિ બાહડના **વાગ્ભટાલંકાર**માં, અને હેમચંદ્રાચાર્યના **છંદોનુશાસન**માં પણ સિદ્ધરાજ વગેરેની પ્રશંસાનાં પદ્યો નજરે પડે છે.

આ ઉપરાંત જૈન ભંડારોમાં કેટલાંક પરચૂરણ પુસ્તકો મળી આવે છે જે ૧૪મા, ૧૫મા અને ૧૬મા સૈકામાં લખેલાં છે. એ પુસ્તકોમાં પ્રકીર્ણ કથા દષ્ટાંતો વગેરેના સંગ્રહો હોય છે જે લખનારે પોતાના વાચન-પઠન માટે, ગમે તે કોઈ ગ્રંથમાં વાંચેલી કે પછી જાતે કોઈ ઠેકાણેથી સાંભળેલી વસ્તુને પોતાની ભાષામાં લખી લીધેલી હોય છે. એ સંગ્રહોમાં કેટલીક ઐતિહાસિક વાતો પણ હોય છે. મારા જોવામાં આવા ૫-૧૦ સંગ્રહો આવેલા છે અને તેમાંની આવી વાતોને તારવવાનો મેં કેટલોક પ્રયાસ પણ કર્યો છે.

આવા સંગ્રહોમાંથી મને એક એ નોંધ મળી કે-સિદ્ધરાજે જે રુદ્રમહાલય બંધાવ્યો તેની વ્યવસ્થાનો ભાર પ્રધાન આલિગને સોંપવામાં આવ્યો હતો. તેણે પોતાના ખર્ચે સિદ્ધપુરમાં એક ચતુર્મુખ પ્રાસાદ બંધાવ્યો જેનું નામ રાજવિહાર આપવામાં આવ્યું. રાજાએ આથી પ્રસન્ન થઈને તેને સં૰ ૧૧૮૯માં કેટલાંક ગ્રામોનો ગ્રાસ વગેરે કરી આપી તેનું સન્માન કર્યું વગેરે.

આવા જ એક સંગ્રહમાંથી એવી નોંધ મળી છે કે-સિદ્ધરાજે માલવા સાથે બાર વર્ષ સુધી લડાઈ જાહેર રાખી પણ ધારનો કિલ્લો સર ન કરી શક્યો, ત્યારે છેવટે યશઃપટહ નામના રાજ્યના પટ્ટહસ્તીના ભોગે ધારાનો ત્રિપોળીયો દરવાજો ભાંગવામાં આવ્યો. એ દરવાજાને જે લોઢાની મહાન અર્ગલા વળગાડેલી હતી તે ત્યાંથી ઉપાડી, વિજયની સ્મૃતિ તરીકેની એક વસ્તુરૂપે, સોમનાથના મંદિરની આગળ મૂકવામાં આવી જે આજે પણ એટલે કે સંગ્રહકારના કથન વખતે-ત્યાં પડેલી દેખાય છે. (સંગ્રહકારના વખત સુધી ત્યાં પડેલી હશે તેથી તેણે લખ્યું કે એ અર્ગલા આજે પણ ત્યાં દૃષ્ટિગોચર થાય છે.) મહમૂદ ગજનવીના ઇતિહાસ લેખક મુસલમાનોએ લખ્યું છે કે-મહમૂદે સોમનાથના મુખ્ય દ્વારના બારણાંઓ ત્યાંથી ઉપાડી જઈ ગજનીની જુમામસીદ આગળ, સ્મૃતિચિહ્ન તરીકે મૂક્યાં હતાં. તેના જેવો જ આ પણ બનાવ કહી શકાય. કેવળ મુસલમાનો જ એમ કરતા હતા એવું નથી. હિંદુ રાજાઓમાં પણ એ પદ્ધતિ ચાલુ હતી જેનો પુરાવો આ ઉલ્લેખ પૂરો પાડે છે.

## लेखपद्धति

રાજકીય, સામાજિક અને વ્યાવહારિક કામકાજને લગતાં લખાણોનું સોદાહરણ જ્ઞાન આપવા માટે રાજકીય શાસનપત્રો, આજ્ઞાપત્રો, દાનપત્રો, ન્યાયપત્રો, તથા અન્ય દસ્તાવેજો-ખતપત્રો-કૌટુંબિક સમાચારપત્રો આદિ કેવી પદ્ધતિએ લખવાં, તે સમજાવનારા લેખસંગ્રહની અથવા લેખપદ્ધતિ નામના ગ્રંથની કેટલીક જૂની લખેલી પ્રતિઓ મળી આવે છે. આવા જુદા જુદા ત્રણ-ચાર સંગ્રહોના આધારે લેખપદ્ધતિ નામનું એક પુસ્તક ગાયકવાડ સીરીઝમાં સ્વર્ગસ્થ વિદ્વાન્ શ્રી ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલે પ્રકાશિત કર્યું છે. આ પુસ્તકમાં જે સૌથી જૂનો અને વધારે મહત્ત્વનો સંગ્રહ છે તે સંવત ૧૨૮૮ની આસપાસમાં કોઈ પંડિતે કરેલો લાગે છે. એમાં લગભગ પચાસેક લેખોના નમૂના આપેલા છે જેમાંથી તત્કાલીન રાજકીય અને સામાજિક વ્યવહારોને લગતી અને ઉપયોગી બાબતોનો બહુ જ સારો સંગ્રહ તારવી શકાય છે. એમાંના ઘણાખરા દસ્તાવેજો-સાચા દસ્તાવેજો છે. તેમાં આપેલી વિગતો

સાચી અને ઐતિહાસિક છે. માત્ર જે મિતિઓ એ દસ્તાવેજોની અંતે આપવામાં આવેલી છે તે બધી યથાર્થ છે એમ માનવાનું કારણ નથી. સંગ્રહ કરનારે, પ્રથમ અમુક મુખ્ય દસ્તાવેજો, જે વાસ્તવિક મિતિવાળા ભેગા કર્યા હશે, અને જે તેના સંગ્રહકાળ દરમ્યાન જ લખાયા હશે, તે જ મિતિ પ્રમાણે બીજા પણ તેવા બધા દસ્તાવેજોની મિતિ તેણે મૂકી દીધી છે. પણ લેખગત મજકુરમાં ફેરફાર કરવાનું ખાસ કાંઈ કારણ ન હોવાથી, મિતિની માફક મજકુરમાં કલ્પિતતાનો સંભવ ઓછો છે અને અને તેથી તેમાંની વિગતો ઘણા ભાગે ઐતિહાસિક તથ્યવાળી છે એમ માનવામાં વાંધો નથી.

એ લેખપદ્ધતિમાં, રાજા પોતાના ખંડિયા રાજા કે સામંતો વગેરેને, શત્રુ ઉપર ચઢાઈ કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમાં જોડાવા માટે કેવી રીતે આદેશપત્ર લખી મોકલે તેના લેખનો નમૂનો છે. કોઈ પણ બ્રાહ્મણ, ધર્માચાર્ય કે દેવસ્થાનને, પર્વ પ્રસંગે રાજા જે ભૂમિદાન વગેરે આપે છે તેનું શાસન કેવી રીતે લખી આપવું જોઈએ તેના લેખનો નમૂનો છે. રાજાઓ તરફથી, પોતાની હકૂમતના જાગીરદારો-સામંતો, મહામાત્યો અને રાણા વગેરેને રાજ્ય તરફથી જે ભૂમિ ઇનામ તરીકે કે જાગીર તરીકે આપવામાં આવે, તેનો લેખ કેવી જાતનો હોય તેનો નમૂનો છે. રાજ્યના મોટા વ્યાપારીઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે, મોટા પ્રમાણમાં જે માલની લે આવ-જાવ કરે ત્યારે તેના રક્ષણ માટે કે જકાત વગેરેની ખાસ સગવડ કરી આપવા માટે, તે તે સ્થાનના અધિકારીઓને જે સૂચના કરવામાં આવે તેનો લેખ કેવી જાતનો હોવો જોઈએ તેનો નમૂનો છે. કોઈ વ્યક્તિને અમુક ગ્રામનો વાર્ષિક રાજકર ઉઘરાવવા માટે અમુક રકમનું જે ઊધડું આપવામાં આવે તો તેનો લેખ કેવો કરવો તેને નમૂનો છે. એવી રીતે, મહામાત્ય તરફથી તેના હાથ નીચેના જુદા જુદા કારભારોના કારભારીઓને જે લખાણ મોકલવામાં આવે તેના નમૂનાઓ છે.

તેમજ લોકો વચ્ચે થતાં જમીનોનાં, ઘરોનાં, જાનવરોનાં કે બીજી તેવી વસ્તુઓનાં વેચાણ વગેરેનાં ખતપત્રોનાં લખાણો કેવી જાતનાં હોવાં જોઈએ તેના નમૂનાઓ છે. બે રાજાઓ વચ્ચે જે સન્ધિ થાય તેનું

લખાણ કેવું હોય તેનો નમૂનો છે. દાસી જો વેચાણથી રાખી હોય તો તેનું લખાણ કેવું હોવું જોઈએ; કોઈને વ્યાજે રકમ ધીરવી હોય તો તેનું લખાણ કેવું કરવું જોઈએ; ભાઈઓ ભાઈઓ વચ્ચે મિલકતની વહેંચણી કરવી હોય તો તેનો લેખ કેવો થવો જોઈએ – તેના અનેક નમૂનાઓ છે. કોઈ બે જણ વચ્ચે મિલકત આદિ માટે કોઈ પ્રકારનો ભારે કલહ થયો હોય અને પછી પાછળથી અમુક રીતે સમાધાન થયું હોય તો તેનો લેખ કેવો કરવો જોઈએ. કોઈ કુટુંબની અમુક વ્યક્તિ કુલાચારથી દૂર જઈ, કુટુંબની કીર્તિને કલંક લગાડે તેવું આચરણ કરનારી નીવડે તો તે વિષે રાજમાં કેવી જાતનું લખાણ કરી આપવું જોઈએ; એક પરિણીત સ્ત્રીના છૂટાછેડા કરવામાં અને તેને બીજે પરણાવવામાં આવે તો તે વિષે રાજકીય સાક્ષ્યવાળું કેવું લખાણ થવું જોઈએ; ઇત્યાદિ અનેક પ્રકારના વ્યવહારના વિવિધ જાતનાં લખાણોનાં સુંદર અને ઉદાહરણભૂત પત્રોનો આમાં સંગ્રહ થયેલો છે, અને તે પરથી એ કાલની અનેક સામાજિક રીતિ-નીતિઓને લગતી બાબતો પર કેટલોક અન્યત્ર અપ્રાપ્ય એવો પ્રકાશ પાડી શકાય છે.

□ □ □

## ગૂજરાત બહારનાં રાજ્યોના ઈતિહાસમાં ગૂજરાતને લગતી બાબતોની નોંધો

### पृथ्वीराजविजय काव्य

દિલ્લીના અંતિમ હિંદુ સમ્રાટ ચાહમાન પૃથ્વીરાજે, શાહબુદ્દિન સાથેના પહેલી વારના યુદ્ધમાં જે વિજય મેળવ્યો તેને લક્ષીને, ઘણું કરીને કાશ્મીરી કવિ જયાનકે પૃથ્વીરાજવિજય નામનું, પૃથ્વીરાજના ચરિત્ર વિષયનું ઘણું સુંદર કાવ્ય બનાવ્યું. કમનસીબે અદ્યાપિ એ કાવ્ય આખું નથી મળ્યું. પૂનાના રાજકીય ગ્રંથસંગ્રહમાં, ભોજપત્ર પર, શારદાલિપિમાં લખેલી એની એક માત્ર ખંડિત પ્રતિ અત્યારે વિદ્યમાન છે. એ ગ્રંથમાં પ્રથમ ચાહમાન વંશનો કાવ્યાત્મક પરિચય આપી પછી પૃથ્વીરાજનું ચરિત્ર વર્ણન કરેલું છે. પૃથ્વીરાજનો પિતા સોમેશ્વર, ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહનો દૌહિત્ર થતો હતો અને તેથી તેની બાલ્યાવસ્થા ગૂર્જરરાજધાની અણહિલપુરમાં પસાર થઈ હતી. સિદ્ધરાજના મૃત્યુ પછી તેનું લાલન-પાલન કુમારપાલે કર્યું હતું અને કોંકણપતિ મલ્લિકાર્જુન સાથે જે કુમારપાલની લઢાઈ થઈ તેમાં તેણે ભાગ લીધો હતો. આ રીતે, ગૂજરાતના ઈતિહાસ સાથે સંબંધ ધરાવતી કેટલીક વાતો આ કાવ્યમાં વર્ણવેલી હોવાથી, ગૂજરાતના ઈતિહાસની સાધનસામગ્રીમાં આ ગ્રંથમાં ગણના અગત્યની છે.

### हम्मीर महाकाव्य

ચૌહાણવંશનો અંતિમ વીર અને પ્રતાપી રાજા હમીરદેવ થયો, જેની રાજધાની રણથંભોર હતી અને જેણે અલાઉદ્દીન સાથે અદ્‌ભુત

પરાક્રમ દાખવી પૃથ્વીરાજની કીર્તિને એક વાર હિંદુસ્થાનમાં પુનરુજ્જીવિત કરી હતી. એ ક્ષત્રિયવીરની યશોગાથા ગાવા માટે, જૈન વિદ્વાન્ નરચંદ્રસૂરિએ, સંવત ૧૪૦૦ ની આસપાસ, હમ્મીર મહાકાવ્ય નામનો સરસ ગ્રંથ બનાવ્યો. એ કાવ્યમાં ૧૪ સર્ગ છે અને કુલ મળીને કોઈ ૧૫૮૩ જેટલાં પદ્યો છે. એ ચાહમાન મહાવીર, જે રીતે અલાઉદ્દીન ખીલજી સાથે યુદ્ધ ખેલ્યો અને પોતાની કુલકીર્તિને અમર બનાવી સ્વર્ગે સિધાવ્યો, તેનો બહુ જ રસપ્રદ ચિતાર એ કાવ્યમાં આપ્યો છે. એનું ઐતિહાસિક મૂલ્ય પણ તેટલું જ ઊંચું છે. ગૂજરાતના સામ્રાજ્ય માટે આગળીયા જેવું રક્ષક ગણાતું એ હમીરનું રણથંભોરનું રાજ્ય નષ્ટ થયું કે તે પછી તરત જ ઇસ્લામી સૈન્યના બુભુક્ષિત ટોળાઓ ધનધાન્ય પરિપૂર્ણ ગૂર્જરભૂમિ ઉપર તૂટી પડ્યા. શક્તિહીન કર્ણ વાઘેલો, પોતાની પ્રજાને અનાથવત્ રખડતી મૂકીને નાસી ગયો, અને ગૂજરાતની સ્વતંત્રતા સહજભાવે સદાના માટે નષ્ટ થઈ ગઈ. એ બધી વસ્તુસ્થિતિ સમજવામાં આ ગ્રંથગત સામગ્રી ઉપયોગી થાય તેમ છે.

## पद्मनाभकृत कान्हडदे प्रबंध

દિલ્લી અને ગૂજરાતની વચ્ચે જેમ રણથંભોરનું રાજ્ય એક મોટા સંરક્ષક દુર્ગ જેવું હતું, તેવું જ, સિંધ અને ગૂજરાત વચ્ચેના રાજમાર્ગ ઉપર જાલોરનું રાજ્ય હતું. ત્યાં પણ ચૌહાણવંશની જ એક શાખાનું રાજ્ય હતું અને હમીરના જેવો જ વીર પુરુષ કાન્હડદે તે વખતે એ રાજ્યનો અધિનાયક હતો. અણહિલપુરનું રાજ્યસિંહાસન હસ્તગત કર્યા પછી તરત જ અલાઉદ્દીનની દૃષ્ટિ એ રાજ્ય ઉપર પડી અને એક પ્રચંડ સૈન્ય જાલોરના કિલ્લા તરફ રવાના કરી તેને પણ પાદાક્રાંત કર્યો. વીરવર કાન્હડદે ઘણી વીરતા સાથે લડ્યો અને આખરે વીરગતિને પામ્યો. એ ચૌહાણકુલતિલકની કીર્તિકથાનું વર્ણન કરવા, પદ્મનાભ નામના વીસનગરા નાગર કવિએ, સંવત ૧૫૧૨માં, ગૂજરાતી ભાષામાં, કાન્હડદે પ્રબંધ નામનું સુંદર કાવ્ય બનાવ્યું. પદ્મનાભ કાન્હડદેના જ વંશજ ચૌહાણ રાજા અભેરાજનો રાજકવિ હતો. એ પ્રબંધમાં, અણહિલપુરના રાજ્યના નાશની કથા પણ વિસ્તારથી આપેલી

છે. કઈ રીતે કર્ણવાઘેલાનો પ્રધાન માધવ નાગર, રાજાએ કરેલા પોતાના ભાઈની સ્ત્રી ઉપરના અત્યાચારથી કુપિત થઈ, દિલ્લીના બાદશાહને જઈને મળ્યો અને તે વેર વાળવા ગૂજરાત ઉપર મ્લેચ્છોના સૈન્યને તેડી લાવ્યો, વગેરે હકીકત એ જ પ્રબંધમાં મુખ્યપણે મળે છે અને તેથી ગૂજરાતના સ્વાતંત્ર્યના અંતિમ સમય માટે એ ગ્રંથ ઘણો અગત્યનો છે.

## मदनकविनी पारिजातमंजरी नाटिका

ચાલુક્ય ભીમદેવ બીજાના વખતમાં, ગૂજરાતમાં એક પ્રકારની અરાજકતા જેવી સ્થિતિ થઈ પડી હતી. મેવાડ અને માલવા પર ગૂજરાતનું જે આધિપત્ય હતું તે તેથી લગભગ નષ્ટપ્રાય થયું હતું એટલું જ નહિ પણ ઊલટા ત્યાંના રાજાઓ ગૂજરાત ઉપર આક્રમણ કરવાના પ્રયત્નો પણ કરવા લાગ્યા હતા. અણહિલપુરના રાજવંશમાં આંતરકલહ જામેલો હતો. વિ૰ સં૰ ૧૨૭૦ની આસપાસ, કોઈ જયન્તસિંહ નામ રાજવંશી ભીમદેવની વિરુદ્ધ પોતાને ગૂજરાતનો મહારાજાધિરાજ જાહેર કરી ક્યાંક સત્તા ચલાવતો હતો. એ વખતે માલવાની ધારવાળી શાખાનો પરમાર રાજા અર્જુનવર્મા ગૂજરાત ઉપર લાગ સાધી ચઢી આવ્યો; અને પાવાગઢની નીચે એ નામધારી રાજા જયન્તસિંહ સાથે યુદ્ધ કરી તેનો પરાજય કર્યો અને એ તરફનો ગૂજરાતનો કેટલોક ભાગ પોતાના કબજે કર્યો. એ વિજયના ઉપલક્ષ્યમાં, અર્જુનવર્માના રાજકવિ મદને પારિજાતમંજરી નામની એક નાટિકા બનાવી, જે વસન્તોત્સવના સમયે ધારાના સરસ્વતી મંદિરમાં ભજવવામાં આવી. આ નાટિકાના બે જ અંકો શિલા ઉપર કોતરેલા ધારાના એ સરસ્વતી મંદિરની દીવાલમાં, જેને મુસલમાનોએ પાછળથી મસ્જિદ બનાવી દીધી છે, ચણેલાં મળી આવ્યાં છે. માલવાના એ રાજાએ ગૂજરાત ઉપર કરેલા આ આક્રમણનું પ્રબંધચિંતામણિમાં સૂચન છે. ગૂજરાત અને માલવાના સંબંધના પ્રકરણમાં આ કૃતિ કામની છે.

□ □ □

# ગ્રન્થપ્રશસ્તિઓ

ગ્રન્થગત સાધનસામગ્રીનો એક બીજો પ્રકાર છે જે તરફ શોધકોનું લક્ષ્ય જોઈએ તેવું હજી ગયું નથી. પણ તેની ઉપયોગિતા શિલાલેખો અને તામ્રપત્રોનાં લખાણો જેટલી જ મૂલ્યવાળી ગણી શકાય. એ પ્રકાર તે ગ્રંથો રચનારા અને ગ્રંથોની નકલો કરનારા-કરાવનારાઓની નાની મોટી પ્રશસ્તિઓનો છે. દુર્ભાગ્યે, પ્રસ્તુત યુગના પૂર્વ ભાગમાં થયેલા ગ્રંથોમાં તો આવી પ્રશસ્તિઓ નથી મળતી; પણ ૮મા ૯મા સૈકા પછીના બનેલા ગ્રંથોમાંના કોઈ કોઈમાં એ મળી આવે છે. સિદ્ધરાજ પછીના ગ્રંથોમાંની એ પ્રશસ્તિઓની સંખ્યા ઘણી સારી છે અને એમાંથી કેટલીયે કામની બાબતો મળી આવે છે. આ પ્રશસ્તિઓના બે પ્રકાર છે, જેમાં એક તો ગ્રંથની રચના કરનારની પ્રશસ્તિઓનો છે અને બીજો ગ્રંથની નકલ કરાવનારની પ્રશસ્તિઓનો છે. ગ્રંથ રચનારની પ્રશસ્તિઓમાં ગ્રંથકાર પોતાનો કેટલોક પરિચય આપે છે જેમાં મુખ્યપણે ગુરુપરંપરા અને ગ્રંથ રચવાના સમય અને સ્થાનાદિનો નિર્દેશ હોય છે. બે-ત્રણ-ચાર શ્લોકો જેટલી નાની કૃતિઓથી લઈ સો-સવાસો શ્લોકો જેટલી મોટી પ્રબંધાત્મક પણ આવી ગ્રંથપ્રશસ્તિઓ મળે છે. આ પ્રકારની પ્રશસ્તિઓની સંખ્યા, એમ તો સેંકડો જેટલી થવા જાય છે પણ એ બધી જ કાંઈ આપણા વિષયમાં, સરખી જ, મહત્ત્વની કે કામની નથી હોતી. એમાંની ઘણી ખરી તો માત્ર સાંપ્રદાયિક ઇતિહાસમાં જ ઉપયોગી થાય તેવી હોય છે; પણ કેટલીક તેથી વધારે વ્યાપક અને ઉપયોગી સામગ્રી પણ પૂરી પાડનારી હોય છે.

આવી પ્રશસ્તિઓમાંની બે ચારની નોંધ અહીં જાણવા ખાતર આપી જાઉં.

(૧) ઉપર કુવલયમાલા નામની કથાનો ઉલ્લેખ કર્યો છે. એ ગ્રંથની અંતે કર્તાએ ૨૮-૩૦ ગાથા જેટલી લાંબી પોતાની પરિચાયક પ્રશસ્તિ આપી છે. ગૂર્જર દેશ વિષેનો સાહિત્યગત જૂનામાં જૂનો ઉલ્લેખ, જ્યાં સુધી હું ધારું છું, આ જ પ્રશસ્તિમાં મળે છે. તોરમાણ (જે હૂણવંશીય મિહિરકુલનો બાપ હતો) રાજાની રાજધાની ક્યાં હતી તેનો પુરાવો કોઈ પણ ઇતિહાસમાં નથી મળતો, તે આ પ્રશસ્તિમાંથી મળી આવે છે. પ્રતિહાર વંશની રાજધાની કનોજ થઈ તે પહેલાં, રાજપૂતાનામાં તેનું પાટનગર કયું હતું, તે વિષે વિદ્વાનોએ અનેક તર્ક-વિતર્કો કરેલા છે પણ જેનો કશો નિર્ણયાત્મક ઉલ્લેખ ક્યાંયે નહોતો મળતો તે આ કથામાંથી મળી આવે છે. જૈન આચાર્યોમાં સુપ્રસિદ્ધ અને મહાન પંડિત હરિભદ્રસૂરિ ક્યારે થઈ ગયા, તેના સંબંધમાં યુરોપના અને હિંદના અનેક વિદ્વાનોએ ઘણી લાંબી લાંબી ચર્ચાઓ કરી છે અને અનેક મતો પ્રતિપાદિત કર્યા છે પણ જે બધા જ અનિશ્ચયાત્મક હતા, તેનો નિર્ણય આ કથાની પ્રશસ્તિના લેખથી ઘણી સારી રીતે થઈ જાય છે. આવી રીતે આ એક જ પ્રશસ્તિના આધારે અનેક ઐતિહાસિક ગૂંચો ઉકેલી શકાય છે.

(૨) સંવત ૧૧૯૩માં શ્રીચંદ્રસૂરિ નામના જૈન આચાર્યે મુનિસુવ્રતજિન ચરિત્ર નામનો એક મોટો પ્રાકૃત ગ્રંથ બનાવ્યો. એ ગ્રંથની અંતે લગભગ સો શ્લોક જેવડી મોટી પ્રશસ્તિ ગ્રંથકારે આપી છે. એ પ્રશસ્તિમાં તેમણે પોતાના દાદાગુરુ અને ગુરુનું ગુણવર્ણન કેટલાક વિસ્તાર સાથે કર્યું છે. તેમાં શાકંભરીના રાજા પૃથ્વીરાજ, ગ્વાલિયરના રાજા ભુવનપાલ, સોરઠના રાજા ખેંગાર અને અણહિલપુરના નૃપતિ સિદ્ધરાજ જયસિંહ વગેરેનો ઉલ્લેખ છે. પાટણનો એક સંઘ ગિરનાર તીર્થની યાત્રાર્થે ગયો ત્યારે વનથલીમાં તેણે છેલ્લો પડાવ નાંખ્યો. એ સંઘમાં આવેલા લોકોની આભૂષણ વગેરેની સમૃદ્ધિ જોઈ સોરઠના રા' ખેંગારની દાનત બગડી. તેના લોભી સહચરોએ તેને કહ્યું કે પાટણની બધી લક્ષ્મી ઘેર બેઠાં તારે ત્યાં આવી છે માટે એ બધા લોકોને લૂટી પોતાનો ખજાનો તર બનાવ. એક તરફ લક્ષ્મીનો લોભ અને બીજી તરફ જગતમાં થનાર અપકીર્તિના ભયના વમળમાં તે સપડાણો. કેટલાયે

દિવસ સુધી સંઘને ત્યાંથી ખસવાની તેણે રજા ન આપી. ગ્રંથકારના ગુરુ આચાર્ય હેમચંદ્ર (આ હેમચંદ્ર બીજા છે) જેઓ બહુ પ્રભાવશાલી સાધુ હતા, તેઓ પ્રસંગ સાધી રા' ખેંગારની સભામાં ગયા અને તેને ધર્મોપદેશ આપી તેના દુષ્ટ વિચારથી તેને પરાવર્તિત કર્યો અને સંઘને આપત્તિમાંથી છોડાવ્યો વગેરે. આવી કેટલીક નજરે જોયેલી ઐતિહાસિક બાબતો ગ્રંથકારે એ પ્રશસ્તિમાં આપેલી છે. અણહિલવાડ, ભરૂચ, આશાપલ્લી, હર્ષપુર, રણથંભોર, સાચોર, વણથલી, ધોલકા અને ધંધુકા વગેરે સ્થળોનો તેમજ મંત્રીવર સાંતુ, અણહિલપુરનો મહાજન સીયા, ભરૂચનો શેઠ ધવલ અને આશાપલ્લીનો શ્રીમાળી શેઠ નાગિલ વગેરે કેટલાક નામાંકિત નાગરિકોનો નિર્દેશ પણ એમાંથી મળી આવે છે.

(૩) એ જ શ્રીચંદ્રસૂરિના એક ગુરુભ્રાતા નામે લક્ષ્મણગણીએ સં૦ ૧૧૯૯ના માઘ સુદી દશમીને ગુરુવારના દિવસે, માંડલમાં રહીને સુપાસનાહચરિય નામનો એક તેવો જ બીજો મોટો પ્રાકૃત ગ્રંથ પૂરો કર્યો, એ ગ્રંથની અંતે ૧૭ ગાથાવાળી પ્રશસ્તિ આપી છે તેમાં ઉપરની પ્રશસ્તિમાં વર્ણવેલી વિગતમાંથી થોડીકનું સૂચન કર્યું છે; પણ વિશેષ મહત્ત્વની નોંધ એમાં એ કરેલી છે કે, જે સમયે એ ગ્રંથ પૂરો થયો તે વખતે, અણહિલપુરમાં રાજા કુમારપાલ રાજ્ય કરતો હતો. કુમારપાલના રાજ્યનો આ સૌથી પહેલો ઉલ્લેખ ગણાય. પ્રબંધચિંતામણિ વગેરેમાં એ રાજાની રાજ્યગાદીએ બેસવાની જે સં૦ ૧૧૯૯ની સાલ આપી છે તે આ તત્કાલીન અને અસંદિગ્ધ કથનથી સર્વથા સત્ય ઠરે છે. ડૉ૦ દેવદત્ત ભાંડારકરે, થોડાં વર્ષ અગાઉ, ગોધરા અને મારવાડના એક લેખનો ભ્રમપૂર્ણ અર્થ કરી, કુમારપાલ સં૦ ૧૨૦૦ પછી ગાદીએ આવ્યો હોવો જોઈએ અને તેથી પ્રબંધચિંતામણિમાં આપેલી સાલ બરાબર ન હોવી જોઈએ, એવો મત બાંધ્યો છે તે આ પ્રશસ્તિના ઉલ્લેખ પરથી સર્વથા ભ્રાંત ઠરે છે.

(૪) સંવત ૧૨૧૬માં, અણહિલપુરમાં જ, કુમારપાલના રાજ્ય વખતે હરિભદ્રસૂરિ નામના એક આચાર્યે નેમિનાથચરિત્ર નામનો એક ગ્રંથ રચ્યો. એની અંતે અપભ્રંશ ભાષાની ૨૩ કડીઓવાળી પ્રશસ્તિ

આપી છે. મંત્રી પૃથ્વીપાલની પ્રેરણાથી આચાર્યે એ ગ્રંથની રચના કરી છે તેથી પોતાની ગુરુપરંપરા વગેરેના પરિચયની સાથે એ મંત્રીના પૂર્વજોનો પણ થોડોક પરિચય એમાં આપ્યો છે. મંત્રી પૃથ્વીપાલ, સુપ્રસિદ્ધ દંડનાયક મંત્રી વિમલશાહ પોરવાડનો વંશજ હતો. એના પૂર્વજો અણહિલપુર વસ્યું તે દિવસથી ત્યાં આવીને વસ્યા હતા. મૂળ એ લોકો શ્રીમાલના નિવાસી પણ પાછળથી, પાટણ પાસેના ગાંભૂ નામના સ્થાનમાં આવીને વસેલા. વનરાજના વખતમાં એ વંશનો પ્રસિદ્ધ પુરુષ ઠક્કુર નિન્નય કરીને હતો. તે હાથી, ઘોડા અને ધનસમૃદ્ધિના ધામ જેવો હતો. વનરાજે તેને પોતાના પિતા જેવો ગણ્યો હતો અને પોતે વસાવેલી નવીન રાજધાની પાટણમાં તેને આગ્રહપૂર્વક લઈ જઈ વસાવ્યો હતો. એ ઠક્કુર નિન્નયનો લહર નામે મોટો પરાક્રમી પુત્ર થયો જે વિંધ્યાચળમાં જઈ સેંકડો હાથી પકડી લાવ્યો અને ગૂજરાતના ઊગતા સામ્રાજ્યને બળવાન બનાવવામાં તેણે મોટો ભાગ ભજવ્યો. વનરાજથી લઈ દુર્લભરાજ ચાલુક્ય સુધીના ૧૧ રાજાઓના કોઈ ન કોઈ જાતના પ્રધાનપદે એ વંશના પુરુષો ક્રમથી ચાલ્યા આવ્યા હતા. દુર્લભરાજના વખતમાં વીર નામે પ્રધાન થયો, તેના બે પુત્ર : મોટો નેઢ અને નાનો વિમલ. મોટો પુત્ર ભીમદેવનો મહામાત્ય થયો અને નાનો દંડનાયક થયો. ભીમના આદેશથી આબુના પરમાર રાજાને જીતવા માટે વિમલ મોટું સૈન્ય લઈ ચંદ્રાવતી ગયો અને તેને જીતી ગૂજરાતનો સામંત બનાવ્યો. પછી તેણે અંબાદેવીની કૃપાથી આબુ ઉપર સુપ્રસિદ્ધ આદિનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું. નેઢનો પુત્ર ધવલ થયો જે કર્ણદેવનો એક અમાત્ય હતો. તેનો પુત્ર આનંદ થયો જે સિદ્ધરાજ અને કુમારપાલના સમયમાં પણ કોઈ એક પ્રધાનપદે હતો. તેનો પુત્ર મહામાત્ય પૃથ્વીપાલ. એણે આબુ ઉપર વિમલશાહના મંદિરમાં પોતાના પૂર્વજોની હસ્તિસ્કંધારૂઢ છ મૂર્તિઓ બનાવી. પાટણના પંચાસર પાર્શ્વનાથના મંદિરમાં એક ભવ્ય સભામંડપ બનાવ્યો, તેમ જ ચંદ્રાવતી, રોહા, વારાહી, સાવણવાડા આદિ ગામોમાં પણ દેવસ્થાનો વગેરે બંધાવ્યાં, અનેક પુસ્તકો લખાવી ભંડારોમાં મુકાવ્યાં – ઇત્યાદિ હકીકત આ પ્રશસ્તિમાં આપી છે જે એક આખાયે પ્રબંધની ગરજ સારે છે.

વનરાજ વિષેનો સાહિત્યમાં આવેલો આ ઉલ્લેખ સૌથી પહેલો ગણાય. વિમલમંત્રી વિષેની આમાંની નોંધ પણ સૌથી પહેલી ગણાય. ગૂજરાતના રાજવંશ અને પ્રધાનવંશની આ અવિચ્છિન્ન પરંપરા, ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મૂલ્યવાન માની શકાય, અને તેથી આ પ્રશસ્તિ આપણને ગૂજરાતના ઇતિહાસની માળાનો એક કિંમતી મણકો પૂરો પાડે છે.

(૫) વસ્તુપાલના **નરનારાયણાનંદ** નામે કાવ્યની પ્રશસ્તિમાં એના કુળનો યોગ્ય પરિચય મળે છે, એ આપણે ઉપર જોઈ ગયા છીએ.

(૬) સોમેશ્વર કવિએ **સુરતોત્સવ** નામના કાવ્યમાં પોતાના વંશનો જે પરિચય આપ્યો છે તે પરથી ગૂજરાતના ચૌલુક્ય વંશના રાજપુરોહિતના ગૌરવશાળી કુળનો ઘણો સારો પરિચય મળે છે અને બીજે ઠેકાણે નહિ જણાતી એવી કેટલીક ઇતિહાસની કડીઓ પણ એમાંથી જડી આવે છે.

(૭) વિ૰ સં૰ ૧૨૫૫માં મુનિરત્નસૂરિ નામના વિદ્વાને, જૈન માન્યતા પ્રમાણે શ્રીકૃષ્ણવાસુદેવ, જે ભાવી અવતારમાં જૈન તીર્થંકર થવાના છે, તેમને લગતું એક પુરાણાત્મક ચરિત્ર બનાવ્યું છે. એ ગ્રંથની અંતે ૩૪ પદ્યોવાળી એક પ્રશસ્તિ આપી છે. તેમાં એ કાલની ગૂજરાતની કેટલીક પ્રમુખ ઐતિહાસિક વ્યક્તિઓનો ઉલ્લેખ મળી આવે છે. જે ગૃહસ્થની પ્રેરણાથી એ ચરિત્રની રચના કરવામાં આવી, તે કુમારપાલના મહામાત્ય યશોધવલનો પુત્ર જગદેવ હતો. તે જાતિએ શ્રીમાલ વૈશ્ય હતો અને તેનું મૂળ વતન વારાહી હતું. જગદેવ ખૂબ વિદ્વાન્ હતો અને બાળપણમાં જ કવિતા કરતો હતો, તેથી હેમાચાર્યે તેને બાળકવિની પદવી આપી હતી; અને ત્યારથી તે લોકોમાં પોતાના એ ઉપનામે જ સર્વત્ર ઓળખાતો હતો. એ બાળકવિનો જીવલગ મિત્ર મંત્રી નિર્નય નામનો બ્રાહ્મણ હતો જેનો પિતા રુદ્રશર્મા, રાજા કુમારપાલનો રાજજ્યોતિષી હતો. એ મંત્રી નિર્નય અને બીજો કોઈ પ્રસિદ્ધ ભટ્ટ સૂદન બન્ને રાજમાન્ય બ્રાહ્મણ હતા છતાં જૈનધર્મ પ્રતિ ખૂબ સહાનુભૂતિ રાખતા હતા. મુનિરત્નસૂરિની એ કૃતિની પ્રથમ નકલ, ગૂર્જર જ્ઞાતીય

મંત્રી ઉદયરાજના વિદ્વાન પુત્ર સાગરચંદ્રે લખી હતી. અને રાજ્યનો વરિષ્ઠ ન્યાયાધીશ કવિ કુમાર, જે કવિ સોમેશ્વરનો પિતા થાય, તેણે તેનું સંશોધન કર્યું હતું. વૈયાકરણાગ્રણી પં૰ પૂર્ણપાલ અને યશઃપાલ, સ્વયં બાલ કવિ, તથા આમણ અને મહાનંદ નામના સભ્યોએ એ ચરિત્રનું પ્રથમ શ્રવણ કર્યું હતું. પછી મંત્રી બાળ કવિએ એ ગ્રંથની પોતાના ખર્ચે કેટલીક નકલો કરાવી અને વિદ્વાનોને ભેટ આપી.

આમાં સૂચવેવા કુમારપાલના મહામાત્ય યશોધવલનો નામનિર્દેશ, સં૰ ૧૨૧૮ના કુમારપાલ વિષયક એક લેખમાં આવે છે. ગૂર્જરરાજ્યપુરોહિત કવિ સોમેશ્વરનો પિતા કવિ કુમાર, બીજા ભીમદેવના વખતમાં, સં૰ ૧૨૫૫ના અરસામાં, ગૂજરાતનો વરિષ્ઠ ન્યાયાધીશ હતો એ વાત આ પ્રશસ્તિના લેખ પરથી નવી જાણવામાં આવે છે. જૈન વિદ્વાનો અને રાજના અગ્રગણ્ય બ્રાહ્મણ વિદ્વાનોમાં પરસ્પર કેટલી બધી સહાનુભૂતિ અને મિત્રતા હતી તેનું એક સુંદર ઉદાહરણ આપણને આ પ્રશસ્તિ પૂરું પાડે છે.

માત્ર ટૂંક પરિચયની ખાતર આ ૬-૭ પ્રશસ્તિઓની અહીં નોંધ લીધી છે; અને આ જાતની પ્રશસ્તિઓ, જેમ મેં ઉપર કહ્યું છે, સંખ્યામાં સેંકડો જેટલી મળે છે.

હવે આ ગ્રંથ પ્રશસ્તિઓનો જે બીજો પ્રકાર તેની પણ ટૂંક નોંધ લઈએ. આ પ્રકારને મેં **પુસ્તકપ્રશસ્તિ** આવું નામ આપેલું છે. ઉપરના પ્રકારને **ગ્રંથપ્રશસ્તિ**ના નામે સંબોધી શકાય. પુસ્તકપ્રશસ્તિ એટલે, આગળના વખતમાં જે જ્ઞાનપ્રિય ગૃહસ્થો થતા તે પોતાના ખર્ચે, જેમ આજે પુસ્તકો છપાવીએ છીએ તેમ, તાડપત્રાદિ પર પુસ્તકો લહિયા પાસે લખાવતા અને તે પુસ્તકો વિદ્વાનોને તેમજ જ્ઞાતીય પુસ્તક ભંડારોને ભેટ આપતા. કેટલાક શ્રીમાનો તો આ કામમાં હજારો લાખો રૂપિયા ખર્ચ કરતા અને સ્વતંત્ર એવા સરસ્વતી ભંડારો પણ સ્થાપન કરતા. વસ્તુપાલ તેજપાલ વગેરેએ આવા અનેક જ્ઞાનભંડારો સ્થાપન કર્યા હતા તેવા ઉલ્લેખો એમના વિષેના ગ્રંથોમાં, જ્યાં ત્યાં મળી આવે છે. જે ગૃહસ્થો

આવા જ્ઞાનોદ્ધારના કામમાં દ્રવ્ય ખર્ચતા, તેમના આ સુકૃત્યના સ્મરણાર્થે વિદ્વાનો તેની નાની મોટી પ્રશસ્તિ બનાવતા અને તે પ્રશસ્તિ એમના લખાવેલા દરેક પુસ્તકની પાછળ લખવામાં આવતી. આ પ્રશસ્તિઓની રચના પણ લગભગ ઉપરની પ્રશસ્તિઓ જેવી જ હોય છે અને એમનું ઐતિહાસિક મૂલ્ય પણ સર્વથા તેમના જેટલું જ આંકી શકાય.

પાટણ, ખંભાત, જેસલમેર અને પૂના વગેરેના પુસ્તસંગ્રહોમાં તાડપત્રની જે પ્રતિઓ છે તેમાંની કેટલીયે પ્રતિઓમાં અંતે આવી પ્રશસ્તિઓ લખેલી મળે છે. કીલ્હોર્ન, પીટર્સન, બ્યુલ્હર અને ભાંડારકર વગેરે પુસ્તક ગવેષકોના ગવેષણકાર્ય નિરૂપક રિપોર્ટોમાં આવી કેટલીક પ્રશસ્તિઓ પ્રકટ થઈ છે. ઘણી પ્રશસ્તિઓ હજી અપ્રકટ છે. મેં આવી અનેક પ્રશસ્તિઓનો એક સંગ્રહ તૈયાર કર્યો છે જે અત્યારે પ્રેસમાં છે. વિક્રમના ૧૨મા સૈકાના પ્રારંભ પછી લખેલી પ્રતિઓમાં આવી પુસ્તકપ્રશસ્તિઓ મળી આવી છે. તે પહેલાંની મારી જાણમાં નથી. તેનું કારણ એ છે કે આપણા દેશમાં જે તાડપત્ર પર લખેલાં પુસ્તકો મળે છે તેમાં સૌથી જૂનાં લગભગ એ જ કાળનાં ગણી શકાય. એ પહેલાંનાં લખેલાં પુસ્તકો મળતાં નથી. મારા સંગ્રહની સૌથી જૂની પુસ્તકપ્રશસ્તિ વિ૰ સં૰ ૧૧૩૯ની છે. સિદ્ધરાજના વારામાં લખાયેલાં પુસ્તકોની સંખ્યા કાંઈક સારી મળે છે. એ પછી કુમારપાલ, ભીમદેવ, વીસલદેવ, અર્જુનદેવ, સારંગદેવ વગેરેના સમયની કેટલીક મળે છે. આ પ્રશસ્તિઓ મોટે ભાગે જૈન શ્રાવકોનાં કુટુંબોને લગતા ઇતિહાસ માટે કામની છે; પણ એ કુટુંબોમાંથી કેટલાક રાજ્યાધિકારીઓ વગેરે પણ હતા અને તેથી એમના પરિચયમાં રાજા વગેરેના ઉલ્લેખો પણ જ્યાં ત્યાં મળી આવે છે. સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિના જ્ઞાનમાં ઉપયોગી થાય એવા સર્વસામાન્ય ઉલ્લેખ પણ આમાંથી ઘણા મળી શકે છે.

ઉદાહરણ તરીકે એક પ્રશસ્તિનો કાંઈક પરિચય કરીએ. પાટણ પાસેના સંડેર ગામના રહેવાસી પરબત અને કાન્હા નામના બે ભાઈઓએ, સં૰ ૧૫૭૧માં સેંકડો ગ્રંથો પોતાના ખર્ચે લખાવી એક મોટો જ્ઞાનભંડાર સ્થાપિત કર્યો. એ કાર્યની કીર્તિ કથનારી ૩૩ શ્લોકની એક

પ્રશસ્તિ એમના લખાવેલાં દરેક પુસ્તકના અંતે લખવામાં આવેલી છે. પૂના, ભાવનગર, પાટણ અને પાલીતાણાના જૈન ભંડારોમાં એમની લખાવેલી એ હસ્તપ્રતો આજે પણ વિદ્યમાન છે. એ પ્રશસ્તિમાં એના પૂર્વજોનો જે સારો સરખો પરિચય આપેલો છે તેનો સારાંશ આ પ્રમાણે તારવી શકાય.

સંડેરગામમાં, આગળના વખતમાં, પોરવાડ જાતિનો આભૂ નામે શેઠ થઈ ગયો. તેની ૪થી પેઢીએ ચંડસિંહ નામે પુરુષ થયો જેના ૭ પ્રતાપી પુત્રો હતા. એ પુત્રોમાં સૌથી મોટો પેથડ. તેને, પોતાના નિવાસસ્થાનના સ્વામી સાથે કોઈ કારણથી કલહ થયો અને તેથી તે સ્થાન છોડી, બીજા નામના એક ક્ષત્રિય વીરનરની સહાયતાથી બીજાપુર નામનું નવું ગામ તેણે વસાવ્યું. એ ગામમાં રહેવા આવનાર લોકો પરનો કર અર્ધો કરવામાં આવ્યો હતો. ત્યાં તેણે એક જૈનમંદિર બંધાવ્યું અને તેમાં પીતલમય મહાવીર જિનની વિશાલ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. એ પેથડે આબુ પરના વસ્તુપાલ-તેજપાલના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કર્ણદેવના રાજ્ય સમયમાં, સંવત ૧૩૬૦માં, પોતાના છએ ભાઈઓ સાથે તેણે શત્રુંજય, ગિરનાર વગેરેની યાત્રાર્થે મોટો સંઘ કાઢ્યો. તે પછી તેણે બીજી છ વાર એ તીર્થોની સંઘ સાથે યાત્રાઓ કરી હતી. સં૰ ૧૩૭૭માં ગૂજરાતમાં મોટો દુકાળ પડ્યો તે વખતે લાખો દીનજનોને અન્નદાન આપી તેણે તેમના પ્રાણ બચાવ્યા. હજારો સોનામહોરો ખર્ચી તેણે ૪ જ્ઞાનભંડારો સ્થાપ્યા. એ પેથડની ચોથી પેઢીએ મંડલિક નામે પુરુષ થયો જેણે કેટલાંયે મંદિરો, ધર્મશાળાઓ વગેરે ધર્મસ્થાનો કરાવ્યાં. સંવત ૧૪૬૮માં દુકાળ પડ્યો તે વખતે તેણે લોકોને પુષ્કળ અન્ન આપી સુખી કર્યા. સં૰ ૧૪૭૭માં મોટો સંઘ કાઢી શત્રુંજય વગેરે સ્થળોની યાત્રા કરી. તેનો પુત્ર ઠાઈઆ અને તેનો વિજિતા થયો. તેના ત્રણ પુત્ર પર્વત, ડૂંગર અને નરબદ. પર્વત અને ડૂંગર નામના બંને ભાઈઓએ મળીને સં૰ ૧૫૫૯માં એક વિદ્વાનને ઉપાધ્યાય પદવી અપાવવાનો મોટો મહોત્સવ કર્યો. સં૰ ૧૫૬૦માં તેમણે જીરાવલા અને આબુ વગેરે સ્થાનોની યાત્રા કરી. ગંધાર બંદરમાં ગયા ત્યારે ત્યાંના બધા ઉપાશ્રયોમાં કલ્પસૂત્રનાં લખેલાં પુસ્તકો ભેટ આપ્યાં. ડૂંગરે પોતાના ભાઈ પર્વત સાથે મળી સં૰

૧૫૯૧માં પ્રસ્તુત જ્ઞાનભંડાર લખાવ્યો. ડુંગરનો પુત્ર કાન્હા થયો, વગેરે. આ રીતે, આ પ્રશસ્તિમાં એક ધનાઢ્ય કુટુંબનો ૩૦૦ કરતાં વધારે વર્ષનો સંક્ષિપ્ત ઇતિહાસ આપી દેવામાં આવ્યો છે. સં૰ ૧૩૭૭માં અને સં૰ ૧૪૬૮માં ગૂજરાતમાં ભારે દુકાળો પડ્યા હતા તેની નોંધ પણ આ પ્રશસ્તિ પૂરી પાડે છે. સં૰ ૧૩૬૦માં કર્ણદેવનો રાજ્ય અમલ સારી પેઠે ચાલતો હતો એ વાત પણ એમાંથી મળી આવે છે. પેથડ શેઠે કાઢેલા આ સંઘનું વર્ણન, તત્કાલીન કૃતિ નામે પેથડરાસ જેનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે, તેમાં જે વિગતથી આપેલું છે તેને પણ, બસો વર્ષ પછી લખાયેલી આ પ્રશસ્તિથી બમણી પુષ્ટિ મળી રહે છે. આથી, આ જાતની પ્રશસ્તિઓ ઐતિહાસિક તત્ત્વ કેટલું વિશ્વસનીયતા ધરાવે છે એ પરથી આપણે જાણી શકીએ છીએ.

આવી પુસ્તકપ્રશસ્તિઓમાંથી, શ્રીમાલ, પોરવાડ, ઓસવાલ, ડીસાવાલ, પલ્લીવાલ, મોઢ, વાયડા, ધાકડ, હૂંબડ, નાગર આદિ ગૂજરાતની પ્રધાન પ્રધાન વૈશ્ય જાતિના અનેક કુટુંબોનો પ્રમાણિક પરિચય મેળવી શકાય.

વળી, આ પ્રશસ્તિઓનો એક ત્રીજો પણ પ્રકાર છે જે પ્રમાણમાં ટૂંકી-થોડીક વિગતો આપનારી હોય છે. આ પ્રશસ્તિઓ તે ગ્રંથોમાં નકલ કરનારા-લહિયાઓની પરિચાયક હોય છે.

એ પ્રાચીન કાળમાં, પુસ્તકો, આપણા દેશમાં તો મોટે ભાગે તાડપત્ર પર લખાતાં. એ લખવામાં ઘણા શ્રમ અને સમયની આવશ્યકતા રહેતી. તાડના ઝાડનાં ખરબચડાં અને બરડ પાનડાઓને લખવા યોગ્ય સુંવાળાં અને ચીકણાં બનાવવા માટે કેટલીયે ક્રિયાઓ કરવી પડતી. સ્યાહી પણ ખાસ પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવતી. લખનાર-નકલ કરનારના અક્ષરો સુંદર, મરોડદાર અને સુરેખ થતા. આ નકલ કરનારામાંનો મોટો ભાગ વિદ્વાન્, પંડિત અને રાજ્યના અધિકારી વર્ગમાંનો રહેતો. કાયસ્થ, નાગર અને ક્વચિત્ જૈન લેખકો આ કામ કરતા. પાટણ વગેરેના ભંડારોમાં જે તાડપત્રનાં પુસ્તકો છે, તેમાંનાં કોઈ

મંત્રી અને મંત્રીપુત્રના હાથના લખેલાં છે તો કોઈ દંડનાયક અને આક્ષપટલિકના હાથનાં લખેલાં છે. જૈન યતિઓનો મોટો ભાગ આ લેખનકળા જાણતો અને તેઓ પોતાના ઉપયોગનાં ઘણાંખરાં પુસ્તકો પોતે જ લખતા. મોટો મોટા આચાર્યો સુધ્ધાં નિયમિત આ લેખનકાર્ય ચાલુ રાખતા. આ લિપિકારો, પોતાના હાથના લખેલા ગ્રંથના અંતે ઘણા ભાગે લખવાના સમય, સ્થાન અને પોતાનાં નામ આદિનો ઉલ્લેખ કરતી બેચાર કે પાંચદશ જેટલી પંક્તિઓ લખી કાઢતા. એવા લેખોને **પુષ્પિકાલેખ**નું નામ આપવામાં આવ્યું છે. એ પુષ્પિકાલેખોમાંથી અનેક રાજાઓનાં રાજ્યસ્થાન, સમય, પદવી, અમાત્ય વગેરે પ્રધાન રાજ્યાધિકારી વિષે તથા તેવાં બીજાં કેટલાંયે ઉપયોગી ઐતિહાસિક સૂચનો અને નિર્દેશો મળી આવે છે. પાટણ વગેરેના ભંડારો જોતી વખતે, મેં એવા ઉપલબ્ધ થતા પુષ્પિકાલેખો ઉતારી લેવાની મહેનત કરી હતી અને આપણા ઇતિહાસને આવશ્યક એ બધાનો વ્યવસ્થિત સંગ્રહ પ્રકાશિત પણ કરવાનો મારો પ્રયત્ન ચાલુ છે. આ પુષ્પિકાલેખો પરથી કઈ જાતની ઉપયોગી માહિતી તારવી શકાય છે તેને એક દાખલાથી આપણે સ્પષ્ટ કરીએ.

ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના નામ સાથે પ્રબંધો અને લેખોમાં સિદ્ધચક્રવર્તી, ત્રિભુવનગંડ, અવંતીનાથ વગેરે ઉપપદો લાગેલાં મળે છે. એ વિશેષણો ક્યારે લગાડવામાં આવ્યાં અને કેવા ક્રમે, તેની કશી વિગત ગ્રંથોમાં મળતી નથી. તેમ જ તેના સૂચક તેવા શિલાલેખો અને તામ્રપત્રો પણ ઉલ્લેખયોગ્ય મળતાં નથી. પરંતુ એનો કાંઈક પ્રામાણિક આધાર આ પુષ્પિકાલેખોમાંથી મળી શકે છે.

સંવત ૧૧૫૭ના લખેલા એક તાડપત્રના પુસ્તકમાં તેના લિપિકારે લિપિબદ્ધ કર્યાનો સમયનિર્દેશ કરતી વખતે 'શ્રીજયસિંહદેવરજ્યે' એવો સામાન્ય નિર્દેશ કરેલો મળે છે. આપણે ઇતિહાસ ઉપરથી જાણીએ છીએ કે એ વખતે જયસિંહ નાબાલિગ અવસ્થામાં હતો, અને રાજ્યકારભાર તેની માતા મિનળદેવી ચલાવતી હતી. તેથી જયસિંહના પરાક્રમની હજી તે વખતે કશી શરૂઆત થઈ ન

હતી એટલે લખનાર માત્ર રાજા તરીકેનું સામાન્ય સૂચન સિવાય બીજું શું કરી શકે ?

હવે, સં૰ ૧૧૬૪માં લખેલા એક બીજા તેવા પુસ્તકના પુષ્પિકા લેખમાં, તેને, 'સમસ્તરાજાવલીવિરાજિત મહારાજાધિરાજ પરમેશ્વર શ્રીજયસિંહદેવ' આવા ઉલ્લેખપૂર્વક સંબોધ્યો છે. તે પરથી જણાય છે કે એ વખતે, તે પોતાનું રાજ્યતંત્ર સ્વતંત્રતાપૂર્વક ચલાવવા જેટલો સમર્થ થઈ ગયો હતો અને શાસનની સર્વસત્તા તેના હાથમાં આવી ગઈ હતી.

એ પછીના બે વર્ષનો એટલે સં૰ ૧૧૬૬નો પુષ્પિકાલેખ મળ્યો છે. તેમાં તેને મહારાજાધિરાજ સાથે ત્રૈલોક્યગંડના વિશેષણથી સંબોધ્યો છે. એથી જણાય છે કે, એ બે વર્ષ દરમ્યાન જ તેણે તે નવું પદ ધારણ કરવા જેવું, બર્બરને જીતવાનું પરાક્રમસૂચક, કાર્ય કર્યું હોવું જોઈએ. એ પછીના સંવત ૧૧૭૯ના ફાગણ માસના એક પુષ્પિકાલેખમાં પણ તેને 'સમસ્ત રાજાવલીવિરાજિત મહારાજાધિરાજ શ્રીમત્ત્રિભુવનગંડ' આવા વિશેષણથી ઉલ્લેખ્યો છે. તે વખતે મહામાત્ય પદે સાંતૂમંત્રી હતો એ પણ એ લેખથી જણાય છે.

તે પછી એ જ વર્ષના ભાદ્રપદ માસનો એક લેખ મળે છે જેમાં 'સમસ્તનિજરાજાવલીસમલંકૃત મહારાજાધિરાજ પરમેશ્વર ત્રિભુવનગંડ' એ બધાં વિશેષણો ઉપરાંત 'સિદ્ધચક્રવર્તિ'નું વિશેષણ લગાડેલું છે. એથી અનુમાન કરી શકાય કે એ જ વર્ષમાં તેણે એ નવું વિશેષણ ધારણ કર્યું હોવું જોઈએ. એ વખતે મહામાત્ય પદે આશુક મંત્રી હતો તેથી એમ પણ કલ્પના કરી શકીએ કે એ જ વર્ષે મંત્રી સાંતૂ રાજકાજથી નિવૃત્ત થયો હશે.

સંવત ૧૧૯૧નો, એક ભાદ્રપદશુદિ ૮ મંગલવારનો, તથા બીજો ફાલ્ગુન વદિ ૧ શનિવારનો લેખ મળ્યો છે. તેમાં પણ ઉપર પ્રમાણે જ બધાં વિશેષણો લગાડેલાં છે.પરંતુ એ પછીનાં વર્ષનો એટલે કે ૧૧૯૨ના જેઠ માસનો લેખ મળ્યો છે જેમાં, એ બધાં વિશેષણો ઉપરાંત 'અવંતીનાથ'નું નવું વિશેષણ લગાડેલું મળે છે. આપણે જાણીએ છીએ કે

સિદ્ધરાજે જ્યારે માલવા ઉપર વિજય મેળવ્યો અને ત્યાંના પરમાર રાજા યશોવર્માને કેદ કરી થોડા દિવસ અણહિલપુરમાં આણ્યો, ત્યારે એ 'અવંતીનાથ'નું વિશેષણ તેણે પોતાના નામ સાથે જોડ્યું હતું. એટલે આ પુષ્પિકાલેખ પરથી સ્પષ્ટ જણાય છે કે સં. ૧૧૯૧ના ફાલ્ગુણ અને સં. ૧૧૯૨ના જેઠ માસ દરમ્યાન સિદ્ધરાજ માલવા ઉપરની જીત મેળવવા સફળ થયો હોવો જોઈએ. અને એ વાત બીજા લેખો પરથી પણ પુરવાર થાય છે.

સિદ્ધરાજ વિષેનો આવો છેલ્લો લેખ જે મળ્યો છે તે સં. ૧૧૯૮ના કાર્તિક વદિ ૧૩નો છે. સં. ૧૧૯૯ના માર્ગમાસનો કુમારપાલના રાજ્યનો ઉલ્લેખ મળે છે તેથી પ્રબંધોમાં જે સિદ્ધરાજને સં. ૧૧૫૦માં રાજગાદી મળ્યાની અને ૪૯ વર્ષ સુધી તેણે રાજ્ય કર્યાની નોંધ કરેલી છે, તે યથાર્થ છે; એમ આ લેખો પરથી સ્પષ્ટ સમજી શકાય છે.

આ દાખલાઓ પરથી આપણે સમજી શકીએ કે ગ્રંથોમાં અંતે આવેલા પુષ્પિકાલેખો ઐતિહાસિક દૃષ્ટિએ કેટલા બધા ઉપયોગના હોય છે.

□ □ □

# શિલાલેખો અને તામ્રપત્રો

ઐતિહાસિક સામગ્રી પૂરી પાડનારું બીજું પ્રધાન સાધન શિલાલેખો અને તામ્રપત્રોનું ગણાય. એ જાતના સાધનનાં સ્વરૂપ અને ઉપયોગ જાણીતાં છે તેથી તેની ચર્ચા કરવી આવશ્યક નથી. ગૂજરાતની પ્રાચીન સંસ્કૃતિનો પૂર્વકાળ, જેમાં ખાસ કરીને વલભીની રાજસત્તા મુખ્ય ભાગ ભજવે છે, તે સમયના શિલાલેખો નથી મળ્યા, પણ તામ્રપત્રો ઘણી સારી સંખ્યામાં પ્રાપ્ત થયાં છે. એ તામ્રપત્રોના આધારે જ વલભીવંશની સત્તા અને સ્થિતિ આદિનું જ્ઞાન આપણને મળી શકે છે.

વલભીવંશના રાજ્યકાલ દરમ્યાન ગૂજરાતના દક્ષિણભાગ પર - જેને તે વખતે લાટ દેશના નામે ઓળખવામાં આવતો-દક્ષિણના ચાલુક્યો અને ભરૂચના ગૂર્જરલોકોનું રાજ્ય હતું. તેમના વિષેનાં જે થોડાંક તામ્રપત્રો મળ્યાં છે તે પરથી તેમની સત્તાના સમયની કેટલીક રૂપરેખા દોરવામાં આવી છે.

વલભીના નાશ પછી અણહિલપુરનો ચાવડારાજવંશ ઉદય પામે છે. પણ દુર્ભાગ્યે એ વંશ સાથે સંબંધ ધરાવનાર એક પણ શિલાલેખ કે તામ્રપત્ર હજી સુધી મળ્યું નથી.

ચાવડાઓના સમયમાં દક્ષિણ ગૂજરાત એટલે લાટદેશ પર દક્ષિણના રાષ્ટ્રકૂટોની એક શાખાની મુખ્ય સત્તા હતી. એ શાખાના સંબંધવાળાં પણ થોડાંક તામ્રપત્રો મળ્યાં છે. શિલાલેખો નથી.

ચાવડાવંશ પછી ચૌલુક્યોની સત્તા ગૂજરાત પર જામી અને તે ઉન્નતિના ચરમ શિખરે પહોંચી. એમના સમયનાં તામ્રપત્રો અને

શિલાલેખો બંને મળ્યાં છે, જેમની સંખ્યા લગભગ ૧૦૦ જેટલી થવા જાય છે.

ચૌલુક્યો પછી તેમની જ શાખારૂપ વાઘેલાઓની ૪ પેઢીએ ગૂજરાતમાં સાર્વભૌમ સત્તા તરીકે રાજ્ય કર્યું. તેમના સમયનાં ૧-૨ તામ્રપત્ર અને પંદરેક જેટલા શિલાલેખો જાણમાં આવ્યા છે.

□ □ □

# સિક્કાઓ-મુદ્રાઓ

પ્રાચીન ઇતિહાસનાં સાધનોમાં સિક્કાઓ એટલે મુદ્રાઓ પણ એક ખાસ અગત્યનું સ્થાન ભોગવે છે. એ સિક્કાઓ તાંબા, જસત, ચાંદી અને સોના આદિ ધાતુના હોય છે. ભારતના પ્રાચીન ઇતિહાસની કડીઓને બંધ બેસતી કરવામાં આ મુદ્રાના સાધને ઘણી મદદ આપી છે. કેટલાયે રાજાઓ અને રાજવંશોની હયાતી માત્ર આ સિક્કાઓના આધારે જ જાણવામાં આવી છે. પણ, જે સમયના ગૂજરાતના જીવન વિષેની સામગ્રીનો હું ઊહાપોહ કરવા માગું છું તેમાં વિશેષ મદદગાર થાય એવું સિક્કાનું સાધન આપણને નથી મળતું. એમ જણાય છે કે પ્રાચીન કાળથી ગૂજરાતમાં ઘણા ભાગે પરદેશી નાણાંનું ચલણ હતું તેથી ગૂજરાતના રાજાઓએ, તેમના સમકાલીન અને પડોશી બીજા રાજાઓની જેમ, પોતાનું સ્વતંત્ર નાણું ચાલુ કરવાના ખાસ પ્રયત્નો કર્યા જણાતા નથી.

વલભીવંશના કોઈ કોઈ સિક્કાઓ મળી આવતા હોવાનું કહેવામાં આવે છે પણ તે વિષે હજી મુદ્રાવિદ્યાના પંડિતોમાં મતૈક્ય નથી. કલકત્તામાં મારા એક મિત્રના સિક્કાઓના સંગ્રહમાં મેં એક સિક્કો જોયો છે જેના પર ભટ્ટાર્કના નામ જેવું કાંઈક વંચાય છે પણ તે સંદિગ્ધ લાગે છે.

ચાલુક્યો અને વાઘેલાના વંશના સિક્કાઓના ઉલ્લેખો પ્રબંધોમાં મળે છે. ભીમપ્રિય, કુમારપાલપ્રિય, લૂણસાપ્રિય, વીસલપ્રિય આદિ ટંકાઓ તે તે નામના રાજાઓના ચલાવેલા ગૂજરાતમાં ચાલતા હતા એમ એ પ્રબંધગત ઉલ્લેખોથી સમજાય છે. પણ હજી સુધી એ જાતના સિક્કાઓ ક્યાંયે મળ્યા નથી.

આથી પ્રાચીન ગૂજરાતના રાજકીય ઇતિહાસના આલેખનમાં આ સિક્કારૂપી સાધન આપણને ખાસ સહાયભૂત થઈ શકે તેમ નથી.

□ □ □

# વિદેશી સાહિત્ય

પ્રાચીન ગૂજરાતની સંસ્કૃતિના સ્વરૂપચિત્રણમાં ઉપયોગી થાય એવી કેટલીક સામગ્રી, ભારત બહારના-વિદેશી સાહિત્યમાંથી પણ મળી આવે છે. એ વિદેશી લેખકોમાં, એક તો બૌદ્ધધર્મી ચીની પ્રવાસીઓ છે અને બીજા ઇસ્લામી અરબ લેખકો છે.

## ૧. ચીની સાહિત્ય

ચીની પ્રવાસીઓમાં વ્હેન્ત્સાંગ મુખ્ય ગણાય. વિક્રમના ૭મા સૈકાના અંતમાં એ મહાન જ્ઞાનપિપાસુ પરિવ્રાજક, અનેક યાતનાઓ વેઠી, ચીનથી ભારતભૂમિની યાત્રાયે આવ્યો અને ભારતના દરેક પ્રદેશમાં એણે પરિભ્રમણ કરી અહીંની અનેક જાતની પરિસ્થિતિનું યથાસાધ્ય જ્ઞાન મેળવવા પ્રયત્ન કર્યો. એની એ ભારતયાત્રાના સંબંધનાં બે પુસ્તકો ચીની ભાષામાં લખેલાં મળે છે, જેમાં એક તો એનું પોતાનું લખેલું પ્રવાસવૃત્તાંત છે અને બીજું એના શિષ્યમિત્રે લખેલું એનું જીવનવૃત્તાંત છે. એ બંને પુસ્તકોમાં ગૂજરાતને લગતી કેટલીક હકીકતો નોંધેલી મળે છે. પ્રાચીન ગૂજરાતની રાજધાની ભિલ્લમાલ, સૌરાષ્ટ્રની રાજધાની વલભી, તેમજ લાટના ભરૂચ, ખેડા અને આનંદપુર વગેરે સ્થાનોનો પરિચય એ પુસ્તકોમાં આપવામાં આવ્યો છે. એ પ્રવાસીનું મુખ્ય ધ્યેય બૌદ્ધધર્મ સાથે સંબંધ ધરાવતી વસ્તુઓની વિગત આપવાનું છે; પણ તે સાથે દરેક સ્થાનના રાજ્ય અને લોકસમાજની રીતભાત અને ધર્મ ઉપરની શ્રદ્ધા વગેરેનું સૂચન પણ એ કરે છે.

હિંદુસ્તાનની તત્કાલીન પરિસ્થિતિનું જ્ઞાન મેળવવા માટે વ્હેન્ત્સાંગનાં આ પુસ્તકો એક બહુમૂલ્ય સામગ્રી જેવાં ગણાય છે.

**વ્હેન્ત્સાંગ** પછી ૩૦-૪૦ વર્ષે તેના જેવો બીજો ચીની પ્રવાસી ઇત્સીંગ કરીને આવ્યો અને તેણે પણ પોતાનું પ્રવાસવૃત્તાંત પોતાની

માતૃભાષામાં લખ્યું. જોકે તેનું એ પુસ્તક **વ્હેન્ત્સાંગ**ના પુસ્તક જેટલું બહુવિધ સામગ્રીભરેલું નથી; છતાં તેમાં, ભારતના વિદ્યાવ્યાસંગને લગતી હકીકતો સારા પ્રમાણમાં મળે છે. સૌરાષ્ટ્રના સ્થિરમતિ અને ગુણમતિ નામના બે મહાન બૌદ્ધ આચાર્યો વિષે એમાંથી કેટલુંક જાણવા જેવું મળી આવે છે.

## ૨. અરબી સાહિત્ય

મુસલમાનો, વિજેતાઓ બનીને હિંદુસ્થાનમાં આવવા લાગ્યા, ત્યાર પહેલાં પણ કેટલાક અરબ મુસાફરો વ્યાપારી અને પ્રવાસી તરીકે હિંદુસ્થાનમાં, ખાસ કરીને દરિયાકાંઠાના મુલકોમાં, અવારનવાર આવતા જતા રહ્યા છે અને તેઓ તે વિષેનું કેટલુંક સાહિત્ય અરબીભાષામાં પોતાની પાછળ મૂકતા ગયા છે. જે સમયને ઉદ્દેશીને પ્રસ્તુત વિચારણા કરાય છે તે સમયના મુખ્ય મુખ્ય અરબી લેખકો નીચે પ્રમાણે ગણી શકાય.

### किताबुल् मसालिक वल् ममालिक

૯મા સૈકાના અંતમાં, બગદાદમાં ઇબ્નેખુર્દાજબા નામનો એક, ખલીફા અબ્બાસીનો, રાજકર્મચારી થઈ ગયો. એ, ખલીફાના ટપાલ અને ગુપ્ત સંદેશાઓ મોકલવાના ખાતાનો, ઉપરી અમલદાર હતો. આથી એણે બગદાદથી ભિન્નભિન્ન દેશોમાં જવા આવવાના માર્ગોના વિવરણને લગતું એક પુસ્તક લખ્યું જેનું નામ **કિતુબુલ્-મસાલિક વલ્ મમાલિક** છે. એ પુસ્તકમાં, દુનિયાના બીજા દેશોની સાથે હિંદુસ્થાનના પણ જલ અને સ્થલના વ્યાપારી માર્ગોનું કેટલુંક વિવરણ આપ્યું છે તથા દેશમાં વસતી કેટલીક જુદીજુદી જાતોનો ઉલ્લેખ કર્યો છે. અરબી ભાષામાં હિંદુસ્થાનની ભૌગોલિક માહિતી આપતું આ સૌથી પહેલું પુસ્તક કહેવાય છે. આ પુસ્તકમાં સિન્ધના નામ નીચે જે જે શહેરોનાં નામો આપ્યાં છે તે પરથી જણાય છે કે તે વખતના આરબો બલુચીસ્તાનથી લઈ ગૂજરાત સુધીના સારાયે પ્રદેશને સિન્ધ સમજતા હતા. એ પુસ્તકમાં ખંભાત, ગંધાર અને ભરૂચ વગેરે ગૂજરાતના

શહેરોનો ઉલ્લેખ છે. ગ્રંથકાર જાતે હિંદુસ્થાનમાં નથી આવ્યો પણ તેણે પોતાના અધિકાર નીચે રહેતા માણસો પાસેથી, જેમાંના કદાચ કોઈ કોઈ હિંદુસ્તાનમાં અવશ્ય આવ્યા હશે, મેળવેલી હકીકતના આધારે પોતાનું વર્ણન લખ્યું છે.

## सुलैमान सौदागर - सिलसिलतुत्तवारिख

ભારતમાં જે અરબયાત્રીઓ જાતે આવ્યા તેમાં, જેનું લખેલું સૌથી પહેલું યાત્રા વિવરણ મળે છે તે, સુલૈમાન સૌદાગર છે. એ એક વ્યાપારી હતો. ઇરાકના બંદરેથી ચીન સુધીના પ્રદેશની એ યાત્રા કર્યા કરતો હતો, અને તેથી એણે ભારતના આખાયે દરિયાકાંઠા ઉપર કેટલાયે ચક્કર માર્યા હતા. એણે પોતાના એ પ્રવાસોના વૃત્તાન્તનું **સિલસિલતુત્તવારિખ** નામનું એક પુસ્તક હિ૰ સ૰ ૨૩૭માં બનાવ્યું. એ પુસ્તકમાં દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓ, જેમનું બિરુદ વલ્લભરાય હતું, તેમનો 'બલહરા'ના નામે પરિચય આપવામાં આવ્યો છે. તથા ગૂર્જર રાજાઓનો જજરના નામે ઉલ્લેખ કર્યો છે. હિન્દુસ્થાનના કેટલાક રીતરિવાજોનું પણ એમાં વિગતથી વર્ણન કરેલું મળે છે. ગૂર્જરરાજાનો પરિચય આપતાં એ લખે છે કે - 'એ રાજાની પાસે ઘણું મોટું સૈન્ય છે. એની પાસે જેવા ઘોડાઓ છે તેવા બીજા કોઈ રાજા પાસે નથી. પણ એ આરબ લોકોનો જબરો દુશ્મન છે. એના પ્રદેશની આસપાસ પણ સમુદ્ર છે. એની પાસે ઘણાં જાનવરો છે અને હિન્દુસ્તાનના બધા પ્રદેશો કરતાં એના રાજ્યમાં ચોરીનો ભય બહુ જ ઓછો છે.' આ ઉલ્લેખ પ્રાચીન ગૂજરાતના ગૂર્જર પ્રતિહારવંશને ઉદ્દેશીને છે જેણે પ્રારંભમાં આવેલા આરબો સાથે સિન્ધની સીમા ઉપર કેટલીક લઢાઈઓ લડી હતી.

## अबूज़ैद हसर सैराफी

ફારસની ખાડીમાં સૈરાફ નામનું એક પ્રસિદ્ધ બંદર હતું. ત્યાં અબૂજૈદ નામે કરીને એક આરબ વ્યાપારી રહેતો હતો. તેણે સુલૈમાન સૌદાગરનું યાત્રાવિવરણ વાંચીને ૨૫-૩૦ વર્ષ પછી તેની પૂર્તિરૂપે એક પુસ્તક લખ્યું. તે પણ સૈરાફ, ચીન તથા હિન્દુસ્થાન વચ્ચે વ્યાપાર માટે

મુસાફરી કર્યા કરતો હતો. મસઊદી નામનો પ્રસિદ્ધ મુસાફર હિ૰ સ૰ ૩૦૦માં તેને સૈરાફમાં જાતે મળ્યો હતો. તેણે પોતાના પુસ્તકમાં એવો દાવો કર્યો છે કે - હું પહેલો માણસ છું જેણે એ વાતનો પત્તો લગાડ્યો છે કે ભારત અને ચીનનો સમુદ્ર ઉપરથી ફરીને ભૂમધ્યસાગરમાં મળી ગયો છે. એના પુસ્તકમાં વલ્લભરાય વગેરે રાજાઓના રાજ્યના ઉલ્લેખો છે, તેમજ દરિયાકાંઠાના પ્રદેશોને લગતી કેટલીક વાતો એમાં લખેલી મળી આવે છે.

## अबूदल्फ मुसइर बिन मुहलहिल यंबूइ

આ એક બહુ મોટો આરબ યાત્રી હતો. એનો સમય હિ૰ સન્ ૩૩૧ થી ૩૩૭ સુધીનો નિશ્ચિત કરવામાં આવ્યો છે. એ બગદાદથી તુર્કિસ્તાન ગયો હતો અને બુખારાના શાહ નસર સામાનીને મળ્યો હતો. ત્યાંથી એ એક ચીની રાજદૂતની સાથે ચીન ગયો. પછી ચીનથી પાછો તુર્કિસ્તાન, કાબુલ, તિબ્બત અને કાશ્મીર થતો મુલ્તાન, સિન્ધ અને ભારતના દક્ષિણ ભાગના દરિયાકાંઠા ઉપર આવેલા કોલમ બંદર સુધી પહોંચ્યો હતો. ઘણું કરીને, સ્થળમાર્ગે ભારતની મુસાફરી કરનાર આ પહેલો આરબ પ્રવાસી હતો. એણે પોતાના પુસ્તકમાં મુલ્તાન અને સિન્ધ વગેરે પ્રદેશોની કેટલીક હકીકત લખી છે.

## बुजुर्ग बिन शहरयार, हि॰ स॰ ३००

આ એક વહાણ ચલાવનાર નાવિક હતો. એ પોતાના જહાજો, ઈરાકના બંદરેથી ભારતના દરિયાકાંઠાનાં બંદરો અને ટાપુઓથી લઈ ઠેઠ ચીન અને જાપાન સુધી લઈ જતો અને લાવતો હતો. એણે તથા એના સાથીઓએ જલમાર્ગમાં જે જે વાતો જોઈ અને સાંભળી હતી તે બધી અરબી ભાષામાં **અજાયબુલ્ હિન્દ** એ નામના પુસ્તકમાં લખેલી છે જેમાં દક્ષિણ ભારત અને ગૂજરાતની અનેક ઘટનાઓનો સમાવેશ થાય છે. ચૈમૂર, સોપારા અને થાણા વગેરે ગૂજરાતની દક્ષિણ સીમા પર આવેલાં સ્થાનોનો પણ નિર્દેશ કરેલો મળી આવે છે.

## मसऊदी, ही. स. ३०३

મસઊદી, જેનું અસલ નામ અબુલ હસન અલી હતું, એક ઉચ્ચકોટીનો ઇતિહાસલેખક, ભૂગોલલેખક અને પ્રવાસી હતો. પોતાની જિંદગીનાં ૨૫ વર્ષ એણે પ્રવાસ કરવામાં અને પરિભ્રમણ કરવામાં વિતાડ્યાં હતાં. એણે પોતાના જન્મસ્થાન બગદાદથી પ્રવાસ શરૂ કર્યો હતો અને ઇરાક, શામ, આરમિનીયા, રૂમ, આફ્રિકા, સુડાન અને જંગ વગેરે મુલકો ઉપરાંત ચીન, તિબ્બત, ભારત અને સરન્દીપ સુધી એ ફર્યો હતો. એણે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં પણ અત્યારે માત્ર એનાં, ઇતિહાસનાં, બે પુસ્તકો મળે છે. એક પુસ્તકનું નામ **કિતાબુલ્ તમ્બીહ વલ્ અશરાફ** છે જે ટૂંકું છે અને બીજું પુસ્તક **મુરુજુજ-જહબ વ મઆદનુલ્ જૌહર** છે. એ પુસ્તકમાં મુખ્ય રીતે તો ઇસ્લામનો ઇતિહાસ આલેખ્યો છે પણ એના પ્રારંભમાં સંસારની બધી જાતિઓનો સંક્ષિપ્ત અહેવાલ આપ્યો છે. તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. હિંદુસ્થાનની – ખાસ કરીને પંજાબની નદીઓનો ઉલ્લેખ ઘણી વાર કરવામાં આવ્યો છે. હિ૰ સં૰ ૩૦૩માં એ ખંભાત આવ્યો હતો. તે વખતે ત્યાંનો મુખ્ય અધિકારી એક વાણિયો હતો જે દક્ષિણના વલ્લભરાયની હકૂમત નીચે શાસન ચલાવતો હતો.

## इस्तखरी, हि॰ स॰ ३४०

**અબૂ ઇસહાક ઈબ્રાહીમ બિન મુહમ્મદ ફારસી** નામનો પ્રવાસી સાધારણ રીતે **ઇસ્તખરી**ના નામે વધારે પ્રસિદ્ધ છે. એ કર્ખ નામના બગદાદના એક મોહલ્લામાં રહેતો હતો. એ જબરો મુસાફર હતો. એશિયાના લગભગ બધા દેશોની એણે મુસાફરી કરી હતી. ભૂગોલને લગતાં બે પુસ્તકો એનાં લખેલાં મળે છેઃ **કિતાબુલ્ અકાલીમ** અને **કિતાબુલ્ મસાલિકુલ્ મમાલિક.** આ પુસ્તકોમાં અરબ અને ઈરાન ઉપરાંત કાબુલિસ્તાન, સિન્ધ અને ભારતના ઉલ્લેખો છે. ભારતીય મહાસાગરનું, જેને એ પારસના મહાસાગર તરીકે ઓળખે છે, વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે. હિ૰ સ૰ ૩૪૦માં એ ભારતમાં આવ્યો

હતો અને પોતાના સમકાલીન પ્રવાસી નામે ઈબ્ન હૌકલને આ દેશમાં જ એ મળ્યો હતો. એણે વલ્લભરાયનો ઉલ્લેખ કર્યો છે. સિન્ધ પ્રાંતનો એક નકશો પણ એણે પોતાના પુસ્તકમાં આપ્યો છે.

## इब्न हौकल, हि॰ स॰ ३३१-५८

એ બગદાદનો મોટો વ્યાપારી હતો. હિ॰ સ॰ ૩૩૧માં એ બગદાદથી મુસાફરીએ નીકળ્યો હતો અને યુરોપ, આફ્રિકા અને એશિયાના મુલકોમાં ખૂબ ભમ્યો હતો. સ્પેન અને સીસિલીથી લઈ હિન્દુસ્થાન સુધીની જમીનને એ ખૂંદી વળ્યો હતો. એમણે પણ બધા દેશોના નકશાઓ આલેખ્યા હતા. અવધના શાહના પુસ્તકાલયમાં એના પુસ્તકની એક પ્રતિ હતી જેમાં સિન્ધ અને ગૂજરાતનાં બંદરોનું સ્થાન બતાવતું એક સ્થૂળ માનચિત્ર દોરેલું હતું. જોકે આ નકશો બહુ જ અસ્પષ્ટ અને અવ્યવસ્થિત છે, છતાં, ઘણું કરીને સંસારના સાહિત્યમાં, ગૂજરાતના ભૂભાગને આલેખતો આ નકશો સૌથી પહેલો ગણાય. જે નકશો એમાં આપવામાં આવ્યો છે તેમાં ગૂજરાતથી લઈ સીસ્તાન સુધીનાં આબાદીનાં મુખ્યમુખ્ય સ્થાનો સૂચવેલાં છે. આ પહેલો આરબ યાત્રી અને ભૂગોલલેખક છે જેણે હિન્દુસ્થાનની સંપૂર્ણ લંબાઈ-ચોડાઈ આપવાનો પ્રથમ પ્રયત્ન કર્યો હતો.

## अल्बेरूनी, हि॰ स॰ ४००

**કિતાબુલ્ હિન્દ** નામનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ લખનાર અલ્બેરૂની, ભારત વિષે લખનારા વિદેશી ગ્રંથકારોમાં સર્વશિરોમણિ ગણી શકાય. એ સુલ્તાન મહમૂદ ગજનવીનો સમકાલીન અને તેનો પ્રતિષ્ઠિત દરબારી વિદ્વાન્ હતો. મહમૂદ ગજનવીએ હિન્દુસ્થાન ઉપર સવારીઓ કરવી શરૂ કરી તે પહેલાં એ હિંદુસ્થાનમાં આવ્યો હતો અને અનેક વર્ષો આ દેશમાં રહી એણે સંસ્કૃત વિદ્યાનો ઉત્કૃષ્ટ અભ્યાસ કર્યો હતો. હિન્દુસ્થાનની તત્કાલીન સંસ્કૃતિનું આકલન એણે ઘણી ઉત્કંઠાપૂર્વક કર્યું હતું. એનું કિતાબુલ્ હિન્દ નામનું પુસ્તક, એક રીતે હિન્દુસ્થાનના સર્વસંગ્રહનો એક નાનકડો સુંદર ગ્રંથ ગણાય. એમાં એણે હિંદુસ્થાનનાં ધર્મ, સમાજ, નીતિ, તત્ત્વજ્ઞાન,

સાહિત્ય, ખગોલ, ભૂગોલ, અને જ્યોતિષ વગેરે અનેક વિષયોનું માર્મિક વર્ણન કરેલું છે. ગૂર્જરરાજધાની અણહિલપુરનો, મુસલમાની સાહિત્યમાં, સૌથી પ્રથમ ઉલ્લેખ એ ગ્રંથમાં મળી આવે છે. જ્યોતિષવિષયક **ब्रह्मसिद्धान्त** નામના ગ્રંથમાં પરિચયમાં લખે છે કે તેનો કર્ત્તા વિષ્ણુનો પુત્ર બ્રહ્મ છે જે ભિલ્લમાલનો રહેવાસી હતો. એ ભિલ્લમાલ મુલ્તાન અને અણહિલવાડની વચ્ચે આવેલું છે, અને અણહિલવાડથી ૧૬ યોજન દૂર છે. બીજે એક ઠેકાણે એ લખે છે કે-બજાના જે ગૂર્જરોનું હાલનું રહેઠાણ છે તેથી દક્ષિણ પશ્ચિમમાં ૬૦ ફરશાખ જેટલે દૂર અણહિલવાડ, અને ત્યાંથી ૫૦ ફરશાખ જેટલું દૂર દરિયાકાંઠે સોમનાથ આવેલું છે. વળી એક ત્રીજે ઠેકાણે એ વલભી સંવતનો ઉલ્લેખ કરતાં લખે છે કે – વલભી સંવત એ વલભી નગરના રાજાઓનો ચલાવેલો છે, જે વલભી, અણહિલવાડથી લગભગ ૩૦ યોજન દૂર દક્ષિણમાં આવેલી છે. કિતાબુલ્ હિન્દ સિવાય એક **કાનૂન મસઊદી** નામનું પણ અલ્બેરૂનીનું બીજું પુસ્તક છે જેમાં પણ હિંદુસ્થાનનાં અનેક નગરોનાં નામ અને તેમની લંબાઈ-ચોડાઈ આદિ લખેલાં છે.

આ લેખકો સિવાય બીજા પણ કેટલાક ઇતિહાસલેખક અને ભૂગોલલેખક છે જેમણે પોતાના ગ્રંથોમાં જ્યાં ત્યાં હિન્દુસ્થાનનો નિર્દેશ કર્યો છે અને તેમાંનો ખાસ કરીને સિન્ધ અને ગૂજરાતનો ઉલ્લેખ આપણા વિષયને ઉપયોગી થાય તેમ છે. એ લેખકોમાં, વિશેષ ઉલ્લેખ યોગ્ય એક **ઈબ્નરસ્તા** (હિ. સ. ૨૯૦) અને બીજો **કદામા બિન જાફર** (હિ. સ. ૨૯૬) છે. તે પછી **બિલાજુરી** (હિ. સ. ૨૭૯)નું નામ લઈ શકાય જેનો **કુતૂહૂલ્ બુલ્દાન** નામનો ગ્રંથ કામનો છે. તે ઉપરાંત **ઈબ્ન નદીમ બગદાદી**(હિ. સ. ૩૭૦)નું **કિતાબુલ ફેહરિસ્ત** નામના પુસ્તકમાંથી પણ કાંઈક હકીકત મેળવી શકાય છે.

આ રીતે પ્રાચીન ગૂર્જર સંસ્કૃતિની પ્રતિકૃતિ આલેખવામાં જે જાતની સાહિત્યિક સાધનસામગ્રી સહાયભૂત થાય તેનો કેટલોક ચિતાર મેં અહીં આપ્યો છે. હજી પણ એવી બીજી અનેક વસ્તુઓ અને કૃતિઓ હશે જે અદ્યાપિ શોધકજનોની દૃષ્ટિ નીચે નહિ આવી હોય.

□ □ □

## સ્થાપત્ય અને ભાસ્કર્ય

હવે, એ પ્રાચીન સંસ્કૃતિના જ્ઞાનમાં ઉપયોગી થાય તેવી એક બીજી પ્રકારની સામગ્રી છે જેની થોડીક નોંધ લેવી જરૂરની છે. એ સામગ્રી ઉક્ત સાહિત્યિક સામગ્રી કરતાં ભિન્ન સ્વરૂપની છે. એનું નામ **સ્થાપત્ય અને ભાસ્કર્ય.** પથ્થર, લાકડ, માટી વગેરે ઉપાદાનોમાંથી સ્થપતિ દ્વારા સર્જાયેલી કોઈ પણ કૃતિ-વસ્તુનો સમાવેશ સ્થાપત્યમાં થાય છે; અને લોઢું, તાંબું, પિત્તળ, સોનું, ચાંદી આદિ ધાતુઓમાંથી ઘડેલી વસ્તુઓનો અંતર્ભાવ ભાસ્કર્યમાં થાય છે. મંદિરો, મકાનો, સરોવરો, કૂવા-વાવો અને પાષાણ, લાકડા, માટી વગેરેની મૂર્તિઓ સ્થાપત્યની વસ્તુઓ છે; ત્યારે, ગૃહોપયોગી ધાતુનિર્મિત વાસણ-વર્તન, રાચ-રચીલું, અલંકાર-આભૂષણ અને દેવ આદિની મૂર્તિઓ ભાસ્કર્યની ચીજો છે. આ વસ્તુઓનાં નિદર્શનથી તે તે કાળના રાષ્ટ્ર અને સમાજની કળા, રુચિ, બુદ્ધિ, સમૃદ્ધિ, કલ્પના અને નીતિ-રીતિ આદિ સર્વપ્રકારની પરિસ્થિતિનું ઘણું સારું આકલન થઈ શકે છે. કેટલીક વખતે તો **લિખિત** સામગ્રી કરતાં પણ આ જાતની **ટંકિત** સામગ્રી સંસ્કૃતિના સ્વરૂપને, વધારે વિશદ અને વધારે પ્રમાણભૂત રૂપે આપણને સમજાવે છે. અમુક ગ્રંથકારે અમુક સૈકામાં બનાવેલા પ્રાસાદમંડન વિષયક શિલ્પગ્રંથ કરતાં એ જ સૈકાના કોઈ સૂત્રધારે સર્જેલા પ્રત્યક્ષ પ્રાસાદની મહત્તા અનેક રીતે વધી શકે છે. ગ્રીક અને રોમની સંસ્કૃતિનું વિશિષ્ટ જ્ઞાન, સાહિત્ય કરતાં, સ્થાપત્ય દ્વારા વધારે મળે છે, એ પશ્ચિમના ઇતિહાસના અભ્યાસીઓને સુવિદિત જ છે.

પશ્ચિમની બધી પ્રજાઓ આ જાતની સામગ્રીનું મૂલ્ય ઘણું ઊંચું આંકે છે અને સર્વ રીતે એનું રક્ષણ કરવા સતત પ્રયત્નશીલ હોય છે. દરેક પ્રજાએ, પોતપોતાની પુરાતન સંસ્કૃતિ અને પૂર્વજોની સર્જેલી આ અમૂલ્ય

સંપત્તિને સંગ્રહી રાખવા માટે મોટાં મોટાં સંગ્રહાલયો સ્થાપ્યાં છે અને પ્રાણ આપીને પણ તેમનું રક્ષણ કરે છે. તેથી એ દેશોમાં આ જાતની સામગ્રી ઘણા વિપુલ પ્રમાણમાં તેમજ વ્યવસ્થિત સ્વરૂપમાં મળી આવે છે. પરંતુ દુર્ભાગ્યે આપણે આ બાબતમાં સૌથી વધુ દુર્લક્ષ્ય આપ્યું છે. સાહિત્યના સંરક્ષણ માટે તો હજી કાંઈક આપણે પ્રયત્ન કર્યો છે પણ સ્થાપત્ય અને ભાસ્કર્યના વિષયમાં તો આપણે સર્વથા અજ્ઞાન અને મૂઢ સાબિત થયા છીએ. દરેક જૂની ચીજને આપણે નકામી ગણી ઉકરડા ઉપર ફેંકતા આવ્યા છીએ અને આપણા પૂર્વજોની સ્મૃતિને ભૂંસતા આવ્યા છીએ.

વનરાજ, મૂળરાજ કે સિદ્ધરાજના સમકાલીન એવા કેટલાય યુરોપીય રાજાઓ, ધર્માચાર્યો કે શ્રીમંત કુટુંબોની અનેક જાતની હજારો નાની મોટી વસ્તુઓ યુરોપનાં સંગ્રહાલયોમાં સાચવેલી નજરે પડે છે, અને તે પોતાના સમયની સંસ્કૃતિનું મૂર્તિમંત સ્વરૂપ જગતને પૂરું પાડે છે. પણ આપણી પાસે એવી કશી જ વસ્તુ રહી નથી. કાલની કે મનુષ્યની ક્રૂરતા કરતાં આપણી પોતાની અજ્ઞાનતા જ એ વસ્તુઓના નાશમાં મુખ્ય કારણભૂત છે એ આપણે ભારે શરમ અને ગ્લાનિ સાથે કબૂલ કરવું જોઈએ. અસ્તુ.

આપણી પાસે માત્ર હવે ગણ્યાં ગાંઠ્યાં ૧૦-૨૦ મંદિરો કે ૫-૧૦ તેવા બીજાં ખંડેરો સિવાય, એ પ્રાચીન યુગની સ્થાપત્ય વિભૂતિનું નિદર્શક બીજું કશું વિશિષ્ટ સાધન રહ્યું નથી. પણ જે છે તે બહુ અમૂલ્ય અને અજોડ છે, એટલે એ નિરાશાના રણમાં આશ્વાસનનું અમૃતબિન્દુ છે, એમાં શક નથી. મોઢેરાનું સૂર્યમંદિર, આબૂ અને આરાસણનાં જૈનમંદિર, સિદ્ધપુરનો ખંડિત રુદ્રમહાલય, વીરમગામનું મિનલસરોવર, પાટણની રાણકી વાવ, કપડવંજ અને વડનગરનાં તોરણો તથા ઝીંઝુવાડા અને ડભોઈના દુર્ગદ્વાર – વગેરે ગૂજરાતની પ્રાચીન શિલ્પકળાનાં સર્વોત્તમ આભૂષણો છે. પુરાવિદોના મતે ગૂર્જર સંસ્કૃતિની વિભૂતિના આ અણમોલ કીર્તનમણિઓ છે. એ કીર્તનોનો એક એક પથ્થર અને તેમાં કોતરેલી એક એક રેખા અને એક એક આકૃતિ આપણને તત્કાલીન પ્રજાજીવનના ચિતારનો એક્કો પાઠ આપે છે.

□ □ □

# ઉપસંહાર

ગૂજરાતની પુરાતન સંસ્કૃતિના જ્ઞાનની આ પ્રકારની બહુવિધ સામગ્રી છે. તેનું અન્વેષણ-સંશોધન સંપાદન-પ્રકાશન આદિ યોગ્ય પદ્ધતિએ થાય તો તેથી આપણને આપણા ગૌરવભર્યા ભૂતકાળનું બહુ સ્પષ્ટ અને સ્વચ્છ દર્શન થાય. મદ્રાસ, મહારાષ્ટ્ર અને બંગાલ આદિ દેશોના વિદ્વાનો પોતાના પૂર્વજોની એ પુરાતન સમૃદ્ધિનો ઉદ્ધાર અને સંસ્કાર કરવા જેટલો શ્રમ વેઠી રહ્યા છે તેના પ્રમાણમાં આપણે ત્યાં તો શૂન્ય જ છે. કલકત્તા અને મદ્રાસની યુનિવર્સિટીઓ પોતાના પ્રાંતની પુરાતન સંસ્કૃતિને વિવિધ રૂપે પ્રકાશમાં આણવા જે પ્રયત્નો કરી રહી છે તેના મુકાબલામાં મુંબઈ યુનિવર્સિટીએ કશું જ નથી કર્યું, તે, એ યુનિવર્સિટીને તેમજ એ યુનિવર્સિટીના જૂના નવા સૂત્રધારોને ઓછું શરમાવનારું નથી.

ગૂજરાતના પુરાણયુગથી સમસુખદુઃખભાગી અને ગાઢ સંબંધી એવા મહારાષ્ટ્ર પ્રદેશના, જેટલા સરસ્વતીપુત્રોએ , મહારાષ્ટ્રના પુરાતન સાહિત્ય, ઈતિહાસ, ભાષા અને સ્મારકોનાં સંશોધન, સંપાદન અને સંરક્ષણ માટે જે જાતનું ઉત્કટ વાઙ્મયતપ આદર્યું છે; રાનડે, તેલંગ, ભાંડારકર, રાજવાડે, પાઠક, વૈદ્ય આદિ સમર્થ વિદ્વાનોએ જે જાતની પોતાની માતૃભૂમિની સારસ્વત ઉપાસના કરી છે; તેના મુકાબલામાં, ગૂજરાતના કયા વિદ્યાનિરત વિદ્વાન પુરુષનું નામ સ્મરણ કરવાનું આપણે અભિમાન લઈ શકીએ ? પૂનાની ડેક્કન કૉલેજે મહારાષ્ટ્રમાં જ્ઞાનજ્યોતિ ફેલાવનારા જેટલા જ્ઞાનદીપકો પ્રકટાવ્યા તેના મુકાબલામાં અમદાવાદની ગૂજરાત કૉલેજે, ગૂજરાતની જ્ઞાનસમૃદ્ધિ કે ગૌરવસ્મૃતિના એકાદા આવરણને પણ દૂર કરનાર કોઈ મંદપ્રકાશી પણ દીપક પ્રકટાવ્યો છે

ખરો ? પુરાતન ગૂજરાતના ગુણગૌરવથી મુગ્ધ થઈ ગૂર્જરમિત્ર ફાર્બસ સાહેબે નવેક દાયકા પહેલાં, રાસમાલા નામે ગૂજરાતના ગતજીવનની જે કાંઈ અવિશદ અને અપૂર્ણ કથા આલેખી ગયા; કે ૪ દાયકા પહેલાં, મુંબઈ ગેઝેટિયરના પ્રથમ ભાગ માટે, સરકારી ખાતાએ પોતાના નોકરોને સામાન્ય રાજ્યદ્વારી જ્ઞાન માટે મી. જેકસન દ્વારા પં. ભગવાનલાલ ઇન્દ્રજીએ ભેગા કરેલાં સાધનો ઉપરથી જે કાંઈ ગૂજરાતના જૂના ઇતિહાસનું એક હાડપિંજર ગોઠવી લેવડાવ્યું. તેનાં ખોડખાંપણને દૂર કરવાં કે તેનાં અંગોપાંગોને સંપૂર્ણ કરવા માટે આજસુધીમાં એક પણ કોઈ ગૂજરાતીએ ફાર્બસ કે જેક્સન જેટલી પણ કશી વિશિષ્ટ જ્ઞાનોપાસના કરી છે ખરી ?

અલબત્ત, આ કહેતી વખતે મને ગૂજરાતના સર્વશ્રેષ્ઠ પુરાતત્ત્વવેત્તા એવા સદ્‌ગત પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનું વિસ્મરણ થતું નથી, એ મારે આપને જણાવવું જોઈએ એટલું જ નહિ, પણ સાથે એ પણ કહેવું જોઈએ કે માત્ર તેમની જ સમર્થ પ્રતિભાને લીધે ગૂર્જરભૂમિ સમર્થ પુરાવિદ્ પુત્રવતીના સૌભાગ્યફળને ધારણ કરવા સમર્થ થઈ શકી છે અને વન્ધ્યત્વના કલંકથી મુક્ત રહી શકી છે.

પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીએ ભારતીય પુરાતત્ત્વના અનુસન્ધાન કાર્ય માટે ઘણું મોટું કામ કર્યું હતું. એ વિષયની તેમની શક્તિ અને પ્રતિભા અપૂર્વ હતાં. તેમના કાર્યનું મહત્ત્વ જનરલ કનિંગહામના કાર્યથી જરાયે ઓછું નથી. તેમની સાથે સમાનાસને બેસી શકે એવો પુરાવિદ્ ભારતમાં બીજે ક્યાંએ જન્મ્યો નથી, એ ગૂજરાત માટે ખરેખર અભિમાન લેવા લાયક છે; પણ ગૂજરાતીઓએ એવા સ્મરણીય પુરુષની કીર્તિને સાચવવા માટે કયું સ્મારક બનાવી પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરી એ પ્રશ્ન પણ આપણા માટે શું ખરેખર વિચારણીય નથી ?

□ □ □

# વિશેષ નામો અને વિશિષ્ટ ઉલ્લેખોની અકારાદિ અનુક્રમણી

(સંખ્યા પૃષ્ઠાંક સૂચવે છે.)


**અ**

અંબદેવ સૂરિ ૨૫
અંબાદેવી ૪૭
અજયદેવ ૧૨
અજયપાલ ૧૧
અજાયુબુલ્ હિંદ ૬૨
અજૈન કૃતિ ૩૪
અણહિલપુર
(જુઓ અણહિલવાડ તથા પાટણ) ૯, ૧૧, ૧૪, ૨૫, ૩૩, ૪૧, ૪૬, ૫૫, ૬૫
અણહિલવાડ
(=અણહિલપુર) ૪૬, ૬૪, ૬૫
અપભ્રંશ ૭
અફગાનીસ્થાન ૫
અબુલ હસનઅલી ૬૧
અબૂ ઈસહાક ઈબ્રાહિમ મુહમ્મદ ફારસી ૬૨
અબૂ જૈદ ૬૧
અબૂ દલ્ફ મુસઈર બિન મુહલહિલ યંબૂઈ ૬૨
અબ્બાસી ખલીફા ૫૭
અભદેવસૂરિ ૧૯, ૨૨, ૨૭
અભેરાજ ૪૨
અમદાવાદની ગુજરાત કૉલેજ ૬૮
અમરચંદ્ર સૂરિ ૩૦
અમરેલી ૨૫
અમીરે શિકાર
(તુરુષ્ક સેનાપતિ) ૧૫
અરબ ૬૨
અરબી ગ્રંથકાર
અલ્બેરૂની ૨
અરબી ભાષા ૬૦
અરિસિંહ કવિ ૧૪,૧૬
અર્જુનદેવ ૫૦
અર્જુનવર્મા ૪૩
અર્ણોરાજ ૩૭
અર્બુદાચળ (જુઓ આબુ) ૧૩
અલફખાન ૨૫
અલાઉદ્દીન ખીલજી ૨૪, ૪૨
અલ્બેરૂની ૨, ૬૪, ૬૫
અવંતીનાથ ૫૩, ૫૫
અવધ ૨૩

ના શાહનું પુસ્તકાલય ૬૪

**આ**

આંધ્રવંશીય રાજા સાતવાહન ૨૭
આંબાના ઝાડ ઉપર
રાજકરનો અભાવ ૨૮
આક્ષપટલિકના
હાથનાં લખેલાં પુસ્તકો ૫૨
આચારોપદેશ ૩૬
આદિનાથનું મંદિર ૩૨
આદેશપત્ર-રાજાનો ૩૯
આનંદ અમાત્ય ૪૭
આનંદપુર ૫૯
આફ્રિકા ૬૨, ૬૩
આબુ
(જુઓ અર્બુદાચલ) ૧૫, ૩૨, ૫૧
આભડ ૩૦
આભૂ ૫૧
આમ રાજા ૩૫
આમણ ૪૯
આરમિનીયા ૬૩
આરાસરનાં જૈન મંદિરો ૬૭
આર્કિઓલોજીકલ
ખાતું ૨૯
આર્યાવર્તનો મહાન્ સમ્રાટ્ ૧૩
આલિગ ૩૭
આશરાજ ૪૦
આશાપલ્લી ૪૬
નો શ્રીમાળી શેઠ નાગિલ ૪૬
આશુક મંત્રી ૧૫, ૫૪
આહવમલ્લ ૧૦

**ઇ**

ઇંગ્રેજી સલ્તનત ૫
ઇતિહાસ (જુઓ ઐતિહાસિક) ૫
ઇતિહાસકાર ૫
ઇતિહાસની
દૃષ્ટિ-ગૂજરાતના-
સમુચ્ચય ભારતના ૫
ઇત્સીંગ ૫૯
ઇન્દ્રહંસ ૩૩
ઇન્દ્રાચાર્ય ૮
ઇરાક ૬૪
ઇસ્લામનો ઇતિહાસ ૬૩
ઇસ્લામી સત્તાનું
સ્થાયી શાસન ૨૩
ઇસ્લામી સૈન્ય ૪૨

**ઈ**

ઈબ્ન નદીમ બગદાદી ૬૪
ઈબ્ન હૌકલ ૬૩, ૬૪
ઈબ્નરસ્તા ૬૫
ઈબ્ને ખુર્દા જબા ૫૮
નું બંદર ૬૧
ઈરાન ૬૩
ઈસ્તખરી ૬૩

**ઉ**

ઉદયપ્રભ સૂરિ ૧૫, ૧૬
ઉદયરાજ-ગૂર્જરજ્ઞાતીય
મંત્રી ૪૮
ઉદયસુંદરી કથા
(સોડ્ઢલકવિકૃત) ૭
ઉદ્યોતન સૂરિ ૬
ઉપદેશ તરંગિણી
(રત્નમંદિરકૃત) ૩૨, ૩૬
ઉપદેશ સપ્તતિ ૩૬

ઉરંગલ શહેર ૨૬

**એ**

એશિયા ૬૪

**ઐ**

ઐતિહાસકિ કથાઓ ૩૬
ઐતિહાસિક નાટક
(-મુદ્રિતકુમુદચંદ્ર) ૧૧
ઐતિહાસિક નાટક
(-હમીરમદમર્દન) ૧૬
ઐતિહાસિક પુરાવા ૨૨
ઐતિહ્ય તથ્ય ૩૯

**ઓ**

ઓડિસા ૧
ઓસવાલ ૫૨

**ક**

કક્ક સૂરિ ૨૬
કચ્છ ૨૧
કદામા બિન જાફર ૬૫
કનિંગહામ, જનરલ ૬૭
કનોજ ૧૮, ૪૫
કપડવંજનું તોરણ ૬૭
કર્ખ ૬૩
કર્ણ વાઘેલો ૩૫, ૪૩
કર્ણદેવ-(ચાલુક્ય) ૯, ૨૪, ૨૭, ૪૭, ૫૧
કર્ણસુંદરીનાટિકા
(બિલ્હણ કવિકૃત) ૯
કર્ણાટક ૧, ૨૩
કર્નલ ફાર્બસ ૨૨
કલકત્તા યુનિવર્સિટી ૬૮
કલ્યાણનો ચૌલુક્ય
રાજા આહવમલ્લ ૯
કલ્હણ ૩૧
કવિશિક્ષા
(વિનયચંદ્રસૂરિકૃત) ૧૯
કાઠિયાવાડ ૨૩
કાદંબરી ૭
કાનૂન મસઊદી ૬૫
કાન્હડદે પ્રબંધ (પદ્મનાભકૃત) ૪૨
કાન્હા ૫૦
કાબુલ ૬૨
કાબુલિસ્તાન ૬૩
કાયસ્થ ૫૨
કવિ સોઢલ ૭
કાવ્યાનુશાસન
(વાગ્ભટ કૃત) ૩૭
કાવ્યમીમાંસા
(રાજશેખરકૃત) ૬, ૧૯
કાશ્મીર ૬૨
નોઇતિહાસ ૨૨
કાશ્મીરી કવિ જયાનક ૪૧
બિલ્હણ ૯
કિતાબુલ્ અકાલિમ ૬૩
કિતાબુલ્ તમ્બીહ
વલ્ અશરાફ ૬૩
કિતાબુલ્ ફેહરિસ્ત ૬૫
કિતાબુલ્ મસાલિક
વલ્ મમાલિક ૬૦, ૬૩
કિતાબુલ્ હિંદ ૨, ૬૪, ૬૫
કીર્તન મણિઓ ૬૭
કીર્તિકૌમુદી
(સોમેશ્વરકવિકૃત) ૧૩

કીલ્હોર્ન ૫૦
કુતૂહૂલ બુલ્દાન ૬૪
કુમારકવિ
(વરિષ્ઠ ન્યાયાધીશ) ૪૯
કુમારદેવી
(વસ્તુપાલ તેજપાલની માતા) ૩૧
કુમારપાલ ૧૦, ૧૧,
૧૨, ૧૯, ૨૮, ૩૬, ૪૧, ૪૭
કુમારપાલ પ્રતિબોધ
(સોમપ્રભસૂરિકૃત) ૧૨
કુમારપાલ પ્રબંધ
(જિનમંડનોપાધ્યાયકૃત) ૩૧
કુમારપાલ પ્રિય
(નામનો ટંક) ૫૮
કુમારવિહારશતક
(રામચંદ્રકવિકૃત) ૧૧
કુલાચાર ૪૦
કુવલયમાલા કહા
(ઉદ્યોતનસૂરિકૃત) ૬, ૪૫
કૃષ્ણ વાસુદેવને
લગતું જૈન પુરાણાત્મક
ચરિત્ર ૪૮
કૃષ્ણકવિ ૩૪
કોંકણ પ્રદેશ ૮
કોંકણપતિ મલ્લિકાર્જુન ૪૧
કોલમબંદર ૬૨
કૌટુંબિક સમાચારપત્રો ૩૮

ખ

ખંડિયા રાજા ઉપર
આદેશપત્ર ૩૯
ખંભાત ૧૪,૨૭, ૬૦, ૬૩
ખતપત્રો ૩૮, ૩૯
ખત્રી ૩૮
ખેંગાર-સોરઠનો રાજા ૪૬
ખેડા ૫૯
ખેરાલુ ૨૦
ખ્યાતોનું સાહિત્ય ૩૪

ગ

ગચ્છ ૧૯
ગજની ઉપર ચઢાઈ
(કર્ણે કરેલી) ૯
ગણધરસાર્ધશતકબૃહદ્વૃત્તિ
(સુમતિગણિકૃત) ૧૯
ગણરત્નમહોદધિ
(વર્ધમાનસૂરિ કૃત) ૩૭
ગાંગેય ૩૧
ગાંધા ૨૫, ૫૧, ૬૦
ગાંધારાધિપગન્ધ
દ્વિપકૂટપાકલ ૫
ગાયકવાડ સીરીઝ ૩૮
ગિરનાર ૧૪, ૨૪, ૫૧
ગુણમતિ ૬૦
ગુપ્ત સામ્રાજ્ય ૪
ગુપ્તવંશનો પતનકાળ ૫
ગુપ્તોના પ્રમુખ સામંતો
(સ્થાનેશ્વરના વૈસવંશીઓ) ૫
ગુરુપરંપરાનો નિર્દેશ ૪૫
ગૂજરાત ૮, ૨૩; ૪૧
ગૂજરાત પુરાતત્ત્વમંદિર ૩
ગૂજરાતી ભાષા
(મરાઠીશાહી) ૨૫
ગુજરાતી રાસા ૩
ગૂર્જર જ્ઞાતીય
મંત્રી-ઉદયરાજ ૪૯

ગૂર્જર દેશ ૬
ગૂર્જરત્રા ૪
ગૂર્જરદેશભૂપાવલી
(રંગવિજયકૃત) ૩૫
ગૂર્જરેશ્વર સિદ્ધરાજ
જયસિંહ ૫૩
ગૂર્જરો ૫, ૬,
ગોધરાના એક
લેખનો ભ્રમપૂર્ણ
અર્થ ૪૬
ગોહિલખંડના રાણા ૨૫
ગ્રંથ નકલ કરાવનારની
પ્રશસ્તિઓ ૪૪
ગ્રંથ પ્રશસ્તિ ૪૮
ગ્રંથરચનાના સમયનો
નિર્દેશ ૪૪
ગ્રંથરચનાસ્થાનનિર્દેશ ૪૪
ગ્વાલિયરનો રાજા
ભુવનપાલ ૪૫

**ચ**

ચંડસિંહ ૧૫
ચંદ બરદાઈ ૧૮
ચંદનાચાર્ય ૮
ચંદ્રસૂરિ ૪૫
ચંદ્રાવતી ૪૭
ચક્રવર્તી હર્ષ ૧૩
ચતુર્મુખ પ્રાસાદ ૩૮
ચતુર્વિંશતિ પ્રબંધ
(જુઓ પ્રબંધકોષ) ૩૨
ચાંડસિંહ ૨૪
ચાલુક્ય (=ચૌલુક્ય)
ભીમદેવ બીજો ૧૨, ૪૩
ચાલુક્યો (દક્ષિણના) ૭, ૫૬
ચાલુક્યોની સાલવારી ૩૬
ચાવડા ૩૫
ચિત્તોડ ૨૮
ચિમનલાલ ડાહ્યાભાઈ ૩૮
ચીન ૬૧, ૬૨, ૬૩
ચીની પ્રવાસીઓ -
બૌદ્ધધર્મના ૬૨
ચીની રાજદૂત ૬૨
ચૈતન્યપ્રસાદ દીવાનજી ૧
ચૈમુર ૬૨
ચૌલુક્ય (=ચાલુક્ય જુઓ) ૩૫
ચૌલુક્યો ૨૨, ૫૮
ચૌલુક્યવંશોત્કીર્તન
મહાકાવ્ય
(હેમચંદ્રાચાર્યકૃત) ૧૦
ચૌહાણ રાજા અભેરાજ ૪૨
ચૌહાણકુલતિલક કાન્હડદે ૪૨
ચૌહાણવંશ ૪૧

**છ**

છંદોનુશાસન ૩૭

**જ**

જંગનો મુલક ૬૩
જંબૂ ૨૪
જંબૂનો ઝાલા ૨૪
જંબૂસર ૨૦
જગડૂ ચરિત્ર
(સર્વાનંદસૂરિકૃત) ૨૧
જગડૂ શાહ ૨૧
જગદેવ - બાલકવિ ૪૯
જજર ૬૧

જયન્તચંદ્ર
(કનોજનો રાજા) ૧૮
જયન્તસિંહ
(જુઓ
વસ્તુપાલનોપુત્ર ૧૪,
૧૬, ૧૮
જયશિખરી ચાવડા ૩૪
જયસિંહ સૂરિ ૧૫, ૧૬, ૩૦
જયાનક-કાશ્મીરી કવિ ૪૧
જર્મનીની સાહિત્યિક સંસ્થાઓ ૩
જવા આવવાના
માર્ગોનું વિવર ૬૦
જાલોરનું રાજ્ય ૪૨
જાવાલિપુર (=ઝાલોર) ૧૮
જિનદત્ત સૂરિ ૧૯
જિનભદ્ર ૧૮
જિનમંડન ઉપાધ્યાય ૨૯, ૩૧
જિનવલ્લભ સૂરિ ૧૯
જિનહર્ષ સૂરિ ૩૧
જિનેશ્વર સૂરિ ૧૯
જીરાવલા ૫૧
જીવદેવ સૂરિ ૩૦
જીવનવૃત્તાન્ત -
વ્હેન્ત્સાંગનો ૬૨
જૂના સિક્કાઓ ૨૯
જેકસન ૬૯
જેસલમેરનો પુસ્તકસંગ્રહ ૫૦
જૈન તીર્થસ્થાનો ૨૩
જૈન ભંડારો પાટણ,
પાલીતણા, પૂના,
ભાવનગર ૫૧
જૈન મંદિરો
આબુ આરાસણ ૬૭
જૈન યતિઓ ૫૩
જૈન લેખકો ૫૨
જૈન વિદ્વાન્ ૧
જૈન વિદ્વાનો અને
અગ્રગણ્ય બ્રાહ્મણ
વિદ્વાનોમાં
મિત્રતા ૪૯
જૈન સંઘના ભંડાર ૩
જૈન સૂરિઓની કથા ૧૯
જૈનસૂરિ નામે ઉદ્યોતન ૬
જૈનેતર લેખક ૩૪
જ્ઞાતિઓ વગેરેનું વર્ણન
(વિમલચરિત્રમાં) ૩૩
જ્ઞાન ભંડાર ૪૯, ૫૧
જ્ઞાન ભંડારો -
ચાર પેથડે સ્થાપ્યા ૫૧

ઝ

ઝાલોર
(=જાવાલિપુર) ૬
ઝીંઝુવાડાનું
દુર્ગદ્વાર ૬૭

ટ

ટંકિત સામગ્રી ૬૬

ઠ

ઠક્કુર નિશ્ચય ૪૭
ઠાઈઆ-મંડલિકનો
પુત્ર ૫૧
ઠાણા ૮

ડ

ડભોઈનું દુર્ગદ્વાર ૬૭

ડાભલનગર ૨૪
ડામર નાગર ૩૬
ડીસાવાલ ૫૨
ડૂંગર ૫૧
ડેક્કન કૉલેજ ૬૮

**ત**

તપાગચ્છની પટ્ટાવલી ૩૯
તવારીખો લખવાનો
    રીવાજ ૩
તાંબાનાં શિક્કા ૫૮
તાડપત્ર ૫૨
તાડપત્રની પ્રતિ ૫૦
તાડપત્રાદિ ૪૮
તામ્રપત્રો ૪૪, ૫૩, ૫૭
તિબ્બત ૬૨, ૬૩
તિલંગદેશ ૨૬
તીર્થકલ્પ (જિનપ્રભસૂરિ કૃત) ૨૩
તુરુષ્કો ૧૯
તુર્કિસ્તાન ૬૨
તેજપાલ
(જુઓ વસ્તુપાલ તેજપાલ) ૧૭, ૩૯
તેલંગ ૬૮
તોરણ કપડવંજનું
    વડનગરનું ૬૭
તોરમાણ ૪૪
ત્રિપોળીયો દરવાજો ૩૮
ત્રિભુવનગંડ ૫૩
ત્રૈલોકયમલ્લ ૧૭

**થ**

થંભણા ગામ ૨૭
થરાદ ૧૧
થાણા (જુઓ ઠાણા) ૬૨
થારાપદ્ર (=થરાદ) ૧૧

**દ**

દંડનાયકના હાથનાં
    લખેલાં પુસ્તકો ૫૩
દક્ષિણ ૨૩
દર્ભાવતી ૨૦
દસ્તાવેજો ૩૮
દારાનું સરસ્વતી મંદિર ૪૩
દાસીનું વેચાણ ૪૦
દિલ્લીનો અંતિમ
હિંદુ સમ્રાટ્
    પૃથ્વીરાજ ૪૧
દિલ્લીનો બાદશાહ ૪૩
દુકાળ (સં. ૧૪૬૮માં) ૫૨
દુર્લભરાજ ચૌલુકય ૪૭
દેદ- નામનો સુભટ ૨૪
દેવગિરિ ૨૩
દેવદત્ત ભાંડારકર ૪૭
દેવપાલ-માલવાનો
પરમાર રાજા ૧૫
દેવસૂરિ ૨૨
દેશપટ્ટો ૨૪
દેશ્ય-અપભ્રંશ ૧૫
દ્વ્યાશ્રય મહાકાવ્ય ૧૦
દ્વિસપ્તતિપ્રબંધ ૩૨

**ધ**

ધંધુકા ૪૬
ધનાઢય કુટુંબનો
    ત્રણસો કરતાં
    વધારે વર્ષનો

સંક્ષિપ્ત ઈતિહાસ
(પ્રશસ્તિમાં) ૫૨
ધર્મસાગરોપાધ્યાય ૩૬
ધર્માભ્યુદય કાવ્ય
(ઉદયપ્રભસૂરિકૃત) ૧૬
ધર્મારણ્ય પુરાણ ૩૬
ધવલ (કર્ણદેવનો અમાત્ય) ૪૭
ધવલ (ભરૂચનો શેઠ) ૪૬
ધાકડ ૫૨
ધારનો કિલ્લો ૩૮
ધારાધ્વંસ પ્રબંધ ૪૫
ધાલકા ૪૬
ધોળક્કા ૨૦

ન

નકશો-ગૂજરાતનો
સૌથી પ્હેલો) ૬૪
નગરી (=માધ્યમિકા) ૨૯
નરચંદ્રસૂરિ ૧૭, ૪૨
નરનારાયણાનન્દ
મહાકાવ્ય
(વસ્તુપાલ મંત્રિકૃત) ૧૩
નરનારાયણાનન્દ
મહાકાવ્ય
(વસ્તુપાલ મંત્રિકૃત) ૪૮
નરબદ ૫૧
નરસ સામાની ૬૨
નરેન્દ્રપ્રભ સૂરિ ૧૭
નાગર ૫૨
નાગલપુર ૨૪
નાગિલ (આશાપલ્લીનો
શ્રીમાળી શેઠ) ૪૬
નાડૂલા લાખણ ૩૨
નાડોલ ૧૮
નાનાપ્રબંધાવલી
(જિનભદ્ર કૃત) ૧૮
નામાંકિત નાગરિકોનો
નિર્દેશ ૪૬
નાહડરાય પ્રબંધ ૩૨
નિન્નય ઠક્કુર ૪૭
નિર્દેશ ગુરુપરંપરાના
ગ્રંથરચના સમય
ગ્રંથરચનાસ્થાન ૪૪
નિર્નય બ્રાહ્મણ ૪૮
નેઢ મંત્રી (ભીમદેવનો
મહામાત્ય) ૩૩
નેઢ મંત્રી
(ભીમદેવનોમહામાત્ય) ૪૭
નેમિકુમારસુત વાગ્ભટ ૩૭
નેમિનાથ ચરિત્ર
(હરિભદ્ર સૂરિકૃત) ૪૬

પ

પંજાબ ૫
પચાસેક સ્થાનો
(તીર્થકલ્પમાં) ૨૩
પડવાણ ૨૦
પતંજલિ ભાષ્યકાર ૨૯
પદ્મનાભ-અભેરાજનો
રાજકવિ ૪૩
પરબત ૫૦
પરમાર
રાજા-અર્જુનવર્મા ૪૩
પરિણીત સ્ત્રીના

છૂટાછેડા ૪૦
પર્વત-વિજીતાનો
પુત્ર ૫૧
પલ્લીવાલ ૫૨
પાટણ
(જુઓ
અણહિલપુરવાડ) ૨૦
૨૨, ૨૭, ૨૮, ૩૨, ૫૩
પાદલિપ્ત સૂરિ ૩૦
પારસનો મહાસાગર ૬૩
પારિજાતમંજરી નાટિકા
(મદનકવિકૃત) ૪૩
પાર્શ્વચંદ્ર સૂરિની
રસાત્મક કૃતિ ૩૪
પાર્શ્વનાથ ચરિત્ર ૧૯
પાલણપુર ૨૬
પાલીતણા ૨૪, ૫૧
પાવાગઢ ૪૩
પીંપલાઈ ૨૪
પીટર્સન ૫૦
પીલુઆણા ૨૪
પુંજાભાઈ હીરાચંદ શેઠ ૩
પુનલગ્ન
(કુમારદેવી આશરાજનું) ૩૧
પુરાતન પ્રબંધો ૩૨
પુરાવિદ્દ ૬૨
પુષ્પિકાલેખો ૫૩, ૫૪
પુસ્તકપ્રશસ્તિઓ ૪૮, ૫૦, ૫૨
પૂના ૨, ૫૦
પૃથ્વીપાલ મંત્રી ૪૭
પૃથ્વીપાલ મંત્રી ૪૮
પૃથ્વીરાજ
(શાકંભરીનો રાજા) ૪૫
પૃથ્વીરાજ ચાહમાન ૧૮, ૪૧, ૪૨
પૃથ્વીરાજ પ્રબંધ ૩૨
પૃથ્વીરાજ રાસોના
કર્તૃત્વ ઉપર
નવીન પ્રકાશ ૧૮
પૃથ્વીરાજવિજયકાવ્ય ૪૧
પેટલાદ્ર ૨૦
પેથડ ૨૪, ૫૧
પેથડરાસ ૨૪
પોરવાડ ૨૪, ૫૨
પ્રકીર્ણ પ્રબંધાવલી ૨૭
પ્રકીર્ણ સાહિત્ય ૩૬
પ્રતાપશીલ ૧૩
પ્રતિહારવંશની
રાજધાની ૪૫
પ્રબંધ ૨૨, ૩૨, ૪૩, ૫૫
પ્રબંધકોષ
(=ચતુર્વિંશતિ પ્રબંધ)
(રાજશેખર સૂરિકૃત) ૩૦, ૩૨
પ્રબંધચિંતામણિ ૨૨, ૨૭, ૩૨
પ્રબંધસંગ્રહ ૩૨
પ્રબંધાવલી ૧૮
પ્રભાકરવર્ધન ૫
પ્રભાચંદ્ર ૨૧
પ્રભાવકચરિત્ર
(પ્રભાચંદ્રકૃત) ૨૧
પ્રભાસ ૨૫
પ્રવચનપરીક્ષા
(ધર્મસાગરોપાધ્યાયકૃત) ૩૬
પ્રવાસવૃત્તાન્ત -
વ્હેન્ત્સાંગનો ૩૯, ૬૨

પ્રશસ્તિ ૩૩, ૪૫, ૪૬, ૪૮

પ્રશસ્તિઓના
બે પ્રકાર ગ્રંથ
નકલ કરાવનારની
ગ્રંથ રચનારની ૪૪

પ્રાકૃત ભાષાનો
જૈન કથાગ્રંથ
(કુવલયમાલા) ૬

પ્રાચીન ગૂજરાત ૪
પ્રાચીન ગૂર્જર
દેશની બીજી
રાજધાની જાવાલિપુર
(=ઝાલોર) ૬

**ફ**

ફારસની ખાડી ૬૧

ફાર્બસ સાહેબ ૬૯

**બ**

બંગાલ ૧, ૩

બગદાદ ૬૦, ૬૨, ૬૩, ૬૪

બપ્પભટ્ટિ ૧૯, ૩૦

બર્બર ૫૪

બલહરા
(=વલ્લભરાય) ૬૧

બલુચીસ્તાનથી ગૂજરાત
સુધીનું સિંધનામ
(કિતાબુલ મસાલિકવલ્
મમાલિકમાં) ૬૦

બાણ - મહાકવિ ૪, ૫, ૭

બાલ મૂલરાજ ૧૨

બાલકવિ - જયદેવ ૪૮

બાલચંદ્ર સૂરિ ૧૪

બાહડ
(=વગ્ભટ પ્હેલો જુઓ) ૩૭

બિલાજુરી ૬૫

બિલ્હણના વંશમાં દેદ ૨૪

બિહાર ૧, ૨૩

બીજ નામનો ક્ષત્રિય ૫૧

બીજાપુર ૫૧

બુખારાનો શાહ
નસર સામાની ૬૨

બુજુર્ગ બિન શહરયાર ૬૨

બોંબે ગેઝેટિયર ૫, ૨૨

બૌદ્ધ આચાર્યો ૬૦

બૌદ્ધધર્મ ૬૦

બ્યુલ્હર (ડૉક્ટર) ૩, ૫૦

બ્રહ્મ (બ્રહ્મસિદ્ધાન્તનો કર્તા) ૬૫

બ્રહ્મસિદ્ધાન્ત ૬૫

**ભ**

ભંડાર ૩

ભગવન્તરાય ખત્રી ૩૮

ભગવાનલાલ ઇન્દ્રજીનું
કાર્ય ૬૯

ભટ્ટ સૂદન ૪૮

ભટ્ટાર્ક ૫૮

ભડકૂ ૨૪

ભદ્રનો બુર્જ ૫

ભદ્રેશ્વર ગામ ૨૧

ભરૂચ ૭, ૮, ૧૭, ૩૫, ૪૯, ૫૯, ૬૦

ભરૂચના ગૂર્જર લોકો ૫૬

ભાંડારકર ૫૦, ૬૮
ભાંડારકર ઓરિએન્ટલ
રિસર્ચ ઇન્સ્ટીટયુટ ૨
ભાટશાહી વર્ણન -
યુદ્ધનું ૩૪
ભારત ૬૩
ભારત-ચીનનો
સમુદ્ર અને ભૂમધ્ય
સાગર ૬૨
ભારતની મુખ્ય ભાષાઓનું
સોદાહરણ સૂચન
(કુવલયમાલા કથામાં) ૬
ભારતયાત્રાનાં પુસ્તકો ૬૨
ભાલિજ્જ ૨૦
ભાવનગર ૫૧
ભાષા અને ઈતિહાસની
દૃષ્ટિએ ઉપયોગિતા
(સમરારાસની) ૨૬
ભાષાવિકાસના
ઈતિહાસની દૃષ્ટિ ૧૫
ભાસ્કર્ય ૬૫
ભિલ્લોની પલ્લી /
ભિલ્લમાલ ૪, ૩૩, ૬૨, ૬૫
ભીમદેવ પ્હેલો ૧૯, ૩૯, ૪૭
ભીમદેવ બીજો ૧૨
ભીમપ્રિય (ટંક) ૫૮, ૩૨, ૫૦
ભીમેશ્વર દેવનો ઉત્સવ ૧૬
ભુવનપાલ-ગ્વાલિયરનો
રાજા ૪૫
ભૂમિ ૧૩
ભૂમિદાનનું શાસન
દેવસ્થાનને બ્રાહ્મણને
ધર્માચાર્યને ૩૯
ભોગપુર ૨૦
ભોજ (પ્રતિહારવંશીય ? ૩૫
ભોજ-ગાંગેય પ્રબંધ ૩૨
ભોજપત્ર ૪૦
ભોજરાજ ૭
ભૌગોલિક અને
ઐતિહાસિક દૃષ્ટિએ
તીર્થકલ્પનું
ઉપયોગિપણું ૨૩
ભૌગોલિક પ્રકરણ
(કવિશિક્ષામાં) ૨૦
ભૌગોલિક હકીકત ૩૭

**મ**

મંડણદેવ
(પેથાવાડાનો જાગીરદાર) ૨૪
મંડલિક - પેથડનો
વંશજ ૫૧
મંડલિક કવિ ૨૫
મંત્રીના હાથે લખેલાં
પુસ્તકો ૫૩
મંત્રીશ્વર વસ્તુપાલ પ્રશસ્તિ
(રેન્દ્રપ્રભસૂરિ કૃત) ૧૭
મદન - રાજકવિ ૪૩
મદનવર્મ-જયસિંહદેવ
પ્રીતિ-પ્રબન્ધ ૩૨
મદ્રાસ ૧, ૨૬, ૬૮
મધ્યભારત ૨૩
મધ્યમાપુરી ૨૯

મયગલપુર ૨૪
મયણલ્લા-કર્ણની
પટ્ટરાણી
(મિનળદેવી જુઓ) ૯
મયલગિરિ સૂરિ ૩૭
મરાઠીશાહી ગૂજરાતી ૨૫
મરુભૂમિ ૪
મલ્લવાદી સૂરિ ૧૯, ૩૦
મલ્લિકાર્જુન ૪૧
મસઊદી ૬૨
મહમદશાહ બાદશાહ ૨૪
મહમૂદ ગજનવી ૨૪, ૩૮, ૬૪
મહાકીર્તિ ૮
મહાનંદ ૪૯
મહામાત્યોને ઇનામ ૩૯
મહારાષ્ટ્ર ૧, ૬૮
મહાવીર જિનમંદિર ૧૧
મહીપાલ ૭
મહેન્દ્ર સૂરિ ૨૨
મહેન્દ્રપાલ ૭
માંડલ ૪૬
માઘ-મહાકવિ ૧૩
માતર ૨૦
માધવ નાગર ૪૩
મારવાડ ૨૬
માલવ ૫
માલવલક્ષ્મીલતાપરશુ ૫
માલવા ૫૫
મિનલ સરોવર ૬૭
મિનળદેવી
(=મણલ્લા જુઓ) ૫૩
મિહિરકુલ ૪૫
મુંબઈ ગેઝેટિયર
(=બૉમ્બે ગેઝેટિયર જુઓ)
૫, ૨૨
મુંહતા નૈણસીની ખ્યાત ૩૪
મુખ્ય દસ્તાવેજ ૩૯
મુદ્રા ૫૮
મુદ્રિતકુમુદચંદ્ર નાટક
(યશશ્ચંદકવિ કૃત) ૧૦
મુનિરત્ન સૂરિ ૪૮
મુનિસુવ્રતજિન ચરિત્ર
(ચંદ્રસૂરિકૃત) ૪૫
મુરુજુજ જહબવ
મઆદનુલ્ જૌહર ૬૩
મુલ્તાન ૬૨, ૬૫
મુસલમાનોનો સંસર્ગ ૩
મુસલામની સાહિત્ય ૬૫
મૂલરાજ - બાલ ૧૨
મૂળરાજ ૧૦, ૬૭
મેઢ ૫૨
મેરુતુંગસૂરિ - કયા ? ૨૨
મેરુતુંગાચાર્ય ૨૨, ૩૧
મેરુતુંગાચાર્ય બીજા ૨૭
મેવાડ ૨૯
મેવાડ-માલવા
ઉપર ગૂજરાતનું
આધિપત્ય ૪૩
મૈત્રક ૫
મોડાસા ૨૦
મોઢેરા ૩૬, ૬૭
મોહરાજપરાજય નાટક
(યશઃપાલકવિ કૃત) ૧૧
મ્લેચ્છો ૨૪

**ય**

યશઃપટહ નામનો પટ્ટહસ્તી ૩૮
યશઃપાલ ૧૧
યશશ્ચન્દ્ર ૧૦
યશોધવલ (કુમારપાલનો મહામાત્ય) ૪૮
યશોવર્મા ૫૫
યુધિષ્ઠિર ૪
યુરોપ ૬૫

**ર**

રણથંભોર ૪૧, ૪૯
રત્નમાળ (કૃષ્ણકવિ કૃત) ૩૪
રસિકલાલ પરીખ ૩
રા'ખેંગારનો પ્રસંગ ૪૫
રાજકીય આજ્ઞાપત્રો ૩૮
રાજતરંગિણી ૨૨, ૩૧
રાજપૂતાના ૨૩, ૪૫
રાજવાડે ૬૮
રાજશેખર - કવિ ૬, ૧૯
રાજશેખર સૂરિ ૩૦
રાજાનો આદેશપત્ર ૩૯
રાણકીવાવ ૬૭
રાણપુર ૨૪
રાણા ૩૯
રાનડે ૬૮
રામ ૪
રામચંદ્ર - કવિ ૧૧
રાષ્ટ્રકૂટ ૫૬
રાસ
રાસમાલા ૨૨, ૬૯
રુદ્રમહાલય ૩૮, ૬૭
રુદ્રશર્મા (કુમારપાલનો રાજજ્યોતિષી) ૪૮
રૂમ ૬૩
રેવંતગિરિરાસુ (વિજયસેન સૂરિકૃત) ૧૭
રોહાગામ ૪૭

**લ**

લક્ષ્મણ ગણી ૪૬
લક્ષ્મીસાગરસૂરિની રાસાત્મકકૃતિ ૩૪
લહર ૪૭
લાખણરાવ ચોહાણ (નાડોલ) ૧૮
લાટ ૪, ૫, ૭, ૮, ૫૬, ૬૨
લાટ પાટવપાટચ્ચર ૫
લાવણ્યસમય પંડિત ૩૨
લિખિત સામગ્રી ૬૬
લિપિકાર ૫૩
લૂણસાપ્રિય (ટંક) ૫૮
લેખનકળાનું વર્ણન ૫૨
લેખપદ્ધતિ ૩૮, ૩૯
લોકસમાજની રીતભાત ૫૯
લોકો ગંધાર ગૂર્જર લાટ સિંધુ હૂણ ૫
લોલીઆણા ૨૪

**વ**

વડનગરનું તોરણ ૬૭
વડૂ ૨૦
વઢવાણ ૨૨

વણથલી ૪૫
વત્સરાજ -
લાટદેશનો સ્વામી ૫, ૭
વનરાજ ચાવડા ૧૪, ૩૩, ૩૪, ૪૭, ૬૭
વનરાજ વિષેનો
પહેલો ઉલ્લેખ ૪૭
વર્ધમાન ૨૪
વલભી ૫, ૭, ૫૯
વલભીવંશ ૫૬, ૬૧, ૬૨, ૬૩
વસંતવિલાસકાવ્ય
(બાલચંદ્રસૂરિકૃત) ૧૪
વસ્તુપાલ
(જુઓ વસ્તુપાલ તેજપાલ) ૧૩, ૧૫, ૧૭, ૩૧, ૩૪, ૩૬, ૪૮
વસ્તુપાલ ચરિત્ર
(જિનહર્ષકૃત) ૩૧
વસ્તુપાલ તેજપાલ પ્રશસ્તિ
(જયસિંસૂરિકૃત) ૧૭
વસ્તુપાલ ધર્મગુરુ
આચાર્ય વિજયસેન સૂરિ ૧૫
વાગ્ભટ
(=બાહડ જુઓ)
(કુમારપાલનો મંત્રી) ૧૫
વાગ્ભટ - નેમિકુમારસુત ૩૭
વાગ્ભટાલંકાર ૩૭
વાઘેલા ૩૫, ૫૮
વાણિયો - ખંભાતનો
મુખ્ય અધિકારી ૬૩
વાયડા ૫૨
વારાહી ગામ ૪૮
વાર્ષિક રાજકર ૩૯
વાલભ કાયસ્થ
(સોઢલ) ૭
વાલ્મીકિ ૪
વિક્રમના છઠ્ઠા
સૈકાનો ઉત્તરાર્ધ ૫
વિક્રમાંકદેવ ૯
વિચારશ્રેણી ૨૭, ૩૫
વિજયસિંહાચાર્ય ૮
વિજયસેન સૂરિ ૧૪
વિજિતા - ઠાઈયાના
પુત્ર ૫૧
વિદેશી સાહિત્ય ૫૯
o વિધ્યાચળમાંથી
સેંકડો હાથી
(લાવનાર લહર) ૪૭
વિમલ (=વિમલશાહ
પોરવાડ જુઓ) ૪૭
વિમલચરિત્ર
(ઇન્દ્રહંસ પંડિત કૃત) ૩૩
વિમલપ્રબંધ
(લાવણ્યસમયકૃત) ૩૨
વિમલમંત્રી વિષેની
પ્હેલી નોંધ ૪૮
વિમલશાહ પોરવાડ ૩૩, ૪૭
વિવિધ તીર્થકલ્પ
(જિનપ્રભસૂરિ કૃત) ૨૩
વિષ્ણુ (બ્રહ્મનો પિતા) ૬૫
વીર નામે પ્રધાન ૪૭
વીરદેવગણી ૨૨
વીરધવલ ૨૮

વીરમગામનું
  મિનલ સરોવર ૬૭
વીરસૂરિ ૨૧
વૈદ્ય ૬૮
વૈશ્ય જાતિ ૫૨
વૈસવંશીઓ ૫
વ્હેન્ત્સાંગ ૫૯, ૬૦

**શ**

શંખરાજ ૧૪
શકુનિકા વિહાર ૧૭
શતાર્થિક કાવ્ય
  (સોમપ્રભસૂરિકૃત) ૧૨
શત્રુંજય ૧૪, ૨૬, ૫૧
શત્રુંજયમહાતીર્થોદ્ધાર
  પ્રબંધ
  (કક્કસૂરિકૃત) ૨૬
શબ્દ પ્રયોગો-મારાઠી
  શાહી ગૂજરાતીના
  કીયલે ઠવિયલે તમ્હચિ
  દીઠલ્લામાડયલેલા
  ગલ્લા ૨૫
શહાબુદ્દિન ઘોરી ૧૯, ૪૧
શાંતિ સૂરિ ૨૨
શાંતિનિકેતન ૩
શાકંભરીનો રાજા
  પૃથ્વીરાજ ૪૫
શામ ૬૩
શારદા લિપિ ૪૧
શિક્કાઓ ચાંદી જસત
તાંબા સોનો ૫૮
શિલા ઉપર
  કોતરેલા પારિજાત
  મંજરીના
  બે અંકો-મસ્જિદની
  દીવાલમાં ૪૩
શિલાલેખો ૪૪, ૫૬
શિલાહારવંશીય રાજાઓ ૭
શિલ્પકળા ૬૬
શિશુપાલવધ ૧૩
શેઠ પુંજાભાઈ હીરાચંદ ૩
શ્રાદ્ધ વિધિ ૩૬
શ્રીનાર ૨૦
શ્રીમાલ ૩૩, ૫૨

**સ**

સંગ્રહ કરનાર ૩૯
સંઘ ૨૫, ૫૧
સંડેર ગામ ૫૦, ૫૧
સંપત્કર મહામાત્ય
  (=સાંતૂ જુઓ) ૯
સંયુક્ત પ્રાંત ૨૩
સંસ્કૃતનો અભ્યાસ
  (અલ્બેરૂનીએ કરેલો) ૬૪
સંસ્કૃતવ્યાકરણ
  (મલયગિરિકૃત) ૩૭
સમર રાસ
  (અંબદેવ ઉપાધ્યાયકૃત) ૨૫
સમરા શાહ ૨૯, ૩૦
સમુચ્ચય ભારતના
  ઇતિહાસની દૃષ્ટિ ૫
સરંદીપ ૬૩
સરસ્વતી કંઠાભરણ
(ભોજરાજકૃત) ૭

સરસ્વતીભંડારો ૪૯
સર્વાનંદ સૂરી ૨૧
સાંતૂ
(=સંપત્કર જુઓ) ૯, ૪૬, ૫૪
સાંધિવિગ્રહિક
ડામર નાગર ૩૬
સાંપ્રદાયિક ૪૪
સાક્ષ્ય ૪૧
સાગરચંદ્ર ૪૯
સાચોર ૪૬
સામંત ૩૯
સામંતો ઉપર
આદેશપત્ર ૩૯
સામગ્રી ટંકિત
લિખિત ૬૬
સારંગદેવ ૫૦
સાવણવાડા ગામ ૪૭
સાહિત્ય સભા ૩
સિંધ ૫, ૪૨, ૬૧, ૬૨, ૬૩
સિંધુ - લોકો ૫
સિંધુરાજજ્વર ૫
સિદ્ધચક્રવર્તી
(સિદ્ધરાજ જુઓ) ૫૪
સિદ્ધપુર ૩૮
સિદ્ધરાજ ૧૨
સિદ્ધરાજ જયસિંહ ૯, ૧૦, ૨૮, ૩૭, ૩૮, ૪૨, ૪૫, ૪૭, ૫૦, ૫૩, ૫૫, ૬૬
સિદ્ધસેનાદિપ્રબંધ ૧૯
સિદ્ધહેમશબ્દાનુશાસન ૧૦
સિલસિલતુત્તવારિખ ૬૧
સિહણ-દેવગિરિનો
યાદવ રાજા ૧૫
સીયા-આણહિલપુરનો
મહાજન ૪૬
સીસિલી ૬૪
સીસ્તાન ૬૪
સુકૃતકીર્તિકલ્લોલિની
(ઉદયપ્રભસૂરિકૃત) ૧૬
સુકૃતસંકીર્તન કાવ્ય
(અરિસિંહ કવિકૃત) ૧૪, ૧૬
સુપાસનાહચરિય ૪૬
સુમતિગણિ ૧૯
સુરથોત્સવ
(સોમેશ્વર કવિકૃત) ૪૮
સુલેમાન સૌદાગર ૬૧
સૂડાન ૬૩
સૂદન ભટ્ટ ૪૮
સૂરાચાર્ય ૨૨
સૂર્પારક ૮
સૂર્યમંદિર-મોઢેરાનું ૬૭
સેઢી નદી ૨૭
સૈરાફ ૬૧, ૬૨
સોઢલ-કાયસ્થ કવિ ૭
સોપારા ૬૨
સોમતિલક સૂરિ ૩૦
સોમનાથ (તીર્થ) ૧૭, ૨૫, ૬૫
સોમપ્રભ સૂરિ ૧૨
સોમસુત કવિ બાહડ ૩૭
સોમેશ્વર - પૃથ્વીરાજનો પિતા

સિદ્ધરાજ જયસિંહનો
દૌહિત્ર ૪૧
સોમેશ્વર કવિ
(કીર્તિકૌમુદીનો કર્તા) ૧૩, ૪૮
સોરઠનો રાજા - ખેંગાર ૪૬
સૌરાષ્ટ્ર ૫૯
સ્કંદ પુરાણ ૩૭
સ્થંભનક પાર્શ્વનાથ
ચરિત્ર ૨૭
સ્થળમાર્ગે ભારતની
મુસાફરી કરનાર
પ્રથમ આરબ
અબૂ દલ્ફ ૬૨
સ્થવિરાવલી ૨૬
સ્થાનેશ્વર ૫
સ્થાપત્ય ૬૬
સ્થિરમતિ ૬૦
સ્પેન ૬૪

**હ**

હમીર ૧૫
હમીર મહાકાવ્ય
(નરચંદ્ર સૂરિકૃત) ૪૩
હમીરદેવ ૪૨
હમીરમદમર્દન નાટક
(જયસિંહસૂરિકૃત) ૧૫, ૧૭
હરિભદ્રસૂરિ ૩૦, ૪૬
હરિભદ્રસૂરિ - કુમારપાલ
સમયના ૪૬
હરિહર કવિ ૩૦
હર્ષ કવિ ૩૦
હર્ષ ચક્રવર્તી ૫
હર્ષકાલીન - રાજકીય
સામાજિક અને
ધાર્મિક પરિસ્થિતિ ૫
હર્ષચરિત્ર
(બાણકવિકૃત) ૪, ૧૨
હર્ષપુર ૨૦, ૪૬
હસ્તપ્રતો ૫૧
હિંદુ રાજસત્તાનો
છત્રભંગ ૫
હિંદુ રાજ્યોનું
સામૂહિક પતન ૨૩
હિંદુસ્થાન ૬૨
હિંદુસ્થાનના
જલ-સ્થલના
વ્યાપારી માર્ગો ૬૧
હીરુયાણી ૨૦
હૂંબડ ૫૨
હૂણ ૫
હેમચંદ્ર-આચાર્ય ૧૨, ૨૨, ૪૯


□ □ □

# સાલવારી-પ્રસંગો સાથે


| સાલ | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|
| વિ. સં. ૮૩૫ | ઉદ્યોતનસૂરિકૃત કુવલયમાલા કહાની રચના, જાવાલિપુરમાં | ૬ |
| ,, ૮૪૫ | વલભીનો નાશ,-મ્લેચ્છોના હાથે | ૨૪ |
| ,, ૮૭૪ (હિ.સ. ૨૩૭)માં | સિલસિલતુત્તવારિખની રચના | ૬૩ |
| ,, ૯૧૬ (હિ.સં. ૨૭૯) | બિલાજુરી | ૬૭ |
| ,, ૯૨૭ (હિ.સં. ૨૯૦) | ઈબ્ન રસ્તા. | ૬૭ |
| ,, ૯૩૩ (હિ.સં. ૨૯૬) | કદામા બિન જાફર. | ૬૭ |
| ,, ૯૩૭ (હિ.સં. ૩૦૦) | મસઉદી મુસાફર મળ્યો. | ૬૪ |
| ,, ૯૩૭ (હિ.સં. ૩૦૦) | બુજુર્ગ બિન સહરયાર. | ૬૪ |
| ,, ૯૪૦ (હિ.સં. ૩૦૩) | મસઉદી. | ૬૫ |
| ,, ૯૫૦ થી ૯૮૦ | કાવ્યમીમાંસાકાર રાજશેખરનો સમય | ૭ |
| ,, ૯૬૮-૭૪ (હિ.સં. ૩૩૧-૩૭) | અબૂ દલ્ફ મુસઈર. | ૬૪ |
| ,, ૯૬૯-૯૫ (હિ.સં. ૩૩૧-૫૮) | ઈબ્ન હૌકલ | ૬૬ |
| ,, ૯૭૭ (હિ.સં. ૩૪૦) | ઇસ્તખરી. | ૬૫ |
| ,, ૧૦૦૭ (હિ.સં. ૩૭૦) | ઇબ્નનદીમ બગદાદી. | ૬૭ |
| ,, ૧૦૩૭ (હિ.સં. ૪૦૦) | અલ્બેરૂની. | ૬૬ |
| વિ. સં. ૧૧૩૯ | જિનવિજયજીના સંગ્રહમાં સૌથી જૂની પુસ્તકપ્રશસ્તિની સાલ | ૫૦ |
| ,, ૧૧૫૦ | સિદ્ધરાજ ગાદીએ બેઠો. | ૫૫ |

| સાલ | | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|---|
| ,, | ૧૧૫૭ | માં લખેલા તાડપત્રમાં 'શ્રીજયસિંહદેવરાજ્યે' એવો ઉલ્લેખ. | ૫૩ |
| ,, | ૧૧૬૪ | માં લખેલા પુસ્તકના પુષ્પિકાલેખમાં 'સમસ્તરાજાવલીવિરાજિતમહારાજાધિરાજપરમેશ્વરશ્રીજયસિંહદેવ' એવો ઉલ્લેખ. | ૫૪ |
| ,, | ૧૧૬૬ | ના પુષ્પિકાલેખમાં '૦ મહારાજાધિરાજત્રૈલોક્યગણ્ડ ૦' એવો ઉલ્લેખ. | ૫૪ |
| વિ. સં. | ૧૧૭૯ | ના ફાગણ માસના પુષ્પિકાલેખમાં 'સમસ્તરાજાવલીવિરાજિત મહારાજાધિરાજશ્રીમત્ત્રિભુવનગંડ' એવો ઉલ્લેખ | ૫૪ |
| ,, | ૧૧૮૧ | સિદ્ધરાજની સભામાં, જૈનધર્મના શ્વેતાંબર અને દિગંબર પક્ષો વચ્ચે વાદવિવાદ. | ૧૫ |
| ,, | ૧૧૯૧ | ભાદ્રપદ શુદિ ૮ મંગળવાર તથા ફાલ્ગુન વદિ ૧ શનિવારના પુષ્પિકાલેખોમાં ૧૧૭૯ પ્રમાણે સિદ્ધરાજ વિષે ઉલ્લેખ. | ૫૪ |
| ,, | ૧૧૯૧ | ફાલ્ગુન-૧૧૯૨ જેઠ માસ દરમ્યાન સિદ્ધરાજની માલવા ઉપર જીત | ૫૫ |
| ,, | ૧૧૯૨ | જેઠ માસના પુષ્પિકાલેખમાં સિદ્ધરાજ વિષે 'અવંતીનાથ'નું વિશેષણ. | ૫૫ |
| ,, | ૧૧૯૩ | ચંદ્રસૂરિકૃત 'મુનિસુવ્રતજિનચરિત્ર'ની રચના. | ૪૫ |
| ,, | ૧૧૯૮ | કાર્તિક વદિ ૧૩નો સિદ્ધરાજ વિષે છેલ્લો પુષ્પિકાલેખ. | ૫૫ |

| સાલ | | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|---|
| ,, | ,, | સિદ્ધરાજે આલિગને કેટલાક ગ્રામોનો ગ્રાસ આપ્યો. | ૪૦ |
| ,, | ૧૧૯૯ | માર્ગ માસનો કુમારપાલ વિષે પુષ્પિકાલેખમાં ઉલ્લેખ. | ૫૫ |
| ,, | ,, | કુમારપાલ ગાદીએ બેઠો. | ૪૬ |
| ,, | ,, | લક્ષ્મણગણિકૃત સુપાસનાહચરિયની રચના | ૪૬ |
| ,, | ૧૨૦૦ | દેવદત્ત ભાંડારકરના મત પ્રમાણે કુમારપાલ ગાદીએ બેઠો. | ૪૬ |
| વિ. સં. | ૧૨૧૬ | હરિભદ્રસૂરિકૃત નેમિનાથ ચરિત્રની રચના-અણહિલપુરમાં. | ૪૬ |
| ,, | ૧૨૧૮ | કુમારપાલ વિષયક લેખ. | ૪૯ |
| ,, | ૧૨૪૧ | માં સોમપ્રભસૂરિએ કુમારપાલપ્રતિ-બોધની રચના કરી, અણહિલપુરમાં. | ૧૨ |
| ,, | ,, | મુનિરત્ન સૂરિકૃત શ્રીકૃષ્ણવાસુદેવ-ચરિત્રની રચના. | ૪૮ |
| ,, | ,, | ના અરસામાં કવિકુમાર ગૂજરાતનો વરિષ્ઠ ન્યાયાધીશ. | ૪૯ |
| ,, | ૧૨૭૦ | ની આસપાસ જયંતસિંહ નામધારી રાજવંશી ભીમદેવની વિરુદ્ધ પોતાને મહારાજાધિરાજ જાહેર કરી રાજ્ય ચલાવતો હતો. | ૪૩ |
| ,, | ૧૨૮૦ | ની લગભગ સોમેશ્વરકૃત કીર્તિકૌમુદીની રચના. | ૨૦ |
| ,, | ૧૨૮૫ | ના અરસામાં દક્ષિણના દેવગિરિનો યાદવ રાજા સિંહણ, માલવાનો પરમાર રાજા દેવપાલ, અને તુરુષ્ક સેનાપતિ અમીરે શીકારનું ગૂજરાત ઉપર આક્રમણ. | ૨૨ |

| સાલ | | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|---|
| ,, | ૧૨૮૮ | લેખપદ્ધતિના જૂના ભાગની રચનાનો સમય. | ૪૧ |
| ,, | ૧૨૯૦ | જિનભદ્રકૃત નાનાપ્રબંધાવલીની રચના. | ૨૪ |
| ,, | ૧૨૯૨ | સિદ્ધસેનાદિપ્રબંધની તાડપત્રની પ્રતિ લખાયાનો સમય | ૨૫ |
| ,, | ૧૨૯૫ | સુમતિગણિકૃત ગણધરસાર્ધ-શતકબૃહદ્‌વૃત્તિની રચના. | ૨૫ |
| વિ. સં. | ૧૩૦૦ | ની લગભગ બાલચદ્ર સૂરિકૃત વસન્તવિલાસ મહાકાવ્યની રચના. | ૨૧ |
| ,, | ૧૩૧૩-૧૫ | ગૂજરાતમાં ત્રણ વર્ષનો દુકાળ. | ૨૬ |
| ,, | ૧૩૩૪ | પ્રભાચંદ્રકૃત પ્રભાવકચરિત્રની રચના. | ૨૬ |
| ,, | ૧૩૬૦ | ની આસપાસ પેથડરાસની રચના. | ૨૯ |
| ,, | ,, | પેથડે છ ભાઈઓ સાથે શત્રુંજય ગિરનાર વગેરેનો સંઘ કાઢ્યો. | ૫૧ |
| ,, | ,, | કર્ણદેવનો અમલ સારી રીતે ચાલતો હતો. | ૫૧ |
| ,, | ,, | પાર્શ્વનાથની મૂર્તિ ખંભાતમાં લાવવામાં આવી. | ૩૨ |
| ,, | ૧૩૬૧ | મેરુતુંગાચાર્ય કૃત પ્રબંધચિંતામણિની રચના, વઢવાણમાં. | ૨૭ |
| ,, | ૧૩૬૮ | કર્ણ વાઘેલાનું રાજ્ય ચાલવાનો ગૂર્જરદેશભૂપાવલીમાં ઉલ્લેખ. | ૩૮ |
| ,, | ૧૩૬૯ | અલફખાનના સૈન્યે પાટણ ઉપર આક્રમણ કર્યું. | ૩૦ |

| સાલ | | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|---|
| ,, | ૧૩૭૨ | સમરાસાહ ઓસવાલ સંઘ લઈ શત્રુંજય ગયો અને મંદિર તથા મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા કરી. | ૩૦ |
| ,, | ૧૩૭૭ | ગૂજરાતમાં મોટો દુકાળ. | ૫૧ |
| ,, | ૧૩૮૫ | કુમારપાલચરિત્રની પ્રતિ લખાયાનો સમય. | ૩૨ |
| ,, | ૧૩૮૯ | જિનપ્રભસૂરિકૃત વિવિધતીર્થકલ્પની સમાપ્તિ, દેવગિરિમાં. | ૨૮ |
| ,, | ૧૩૯૨ | કક્કસૂરિકૃત શત્રુંજયમહાતીર્થોદ્ધાર પ્રબંધની સમાપ્તિ. | ૩૦ |
| ,, | ૧૪૦૦ | ની આસપાસ બીજા મેરુતુંગાચાર્યનો સમય. | ૩૧ |
| વિ. સં. | ૧૪૦૦ | ની આસપાસ ‘પ્રકીર્ણ પ્રબંધાવલી’ની પ્રતિ લખાયાનો સમય. | ૩૨ |
| ,, | ,, | ની આસપાસ નરચંદ્રસૂરિકૃત હમ્મીર મહાકાવ્યની રચના. | ૪૩ |
| ,, | ૧૪૦૫ | રાજશેખરસૂરિકૃત પ્રબંધકોષની રચના, દિલ્લીમાં. | ૩૩ |
| ,, | ૧૪૨૨ | સોમતિલકસૂરિ તથા જયસિંહસૂરિએ કુમારપાલચરિત્રોની સંસ્કૃતમાં શ્લોકબદ્ધ રચના કરી. | ૩૪ |
| ,, | ૧૪૩૭ | ધનરત્નકૃત ગદ્યપદ્યમિશ્રિત કુમારપાલ-ચરિત્રની રચના. | ૩૪ |
| ,, | ૧૪૬૮ | ગૂજરાતમાં દુકાળ | ૫૧ |

| સાલ | | ઉલ્લેખ | પૃ. |
|---|---|---|---|
| ,, | ૧૪૭૭ | મંડલિકે સંઘ કાઢી શત્રુંજય વગેરેની યાત્રાઓ કરી. | ૫૧ |
| ,, | ૧૪૯૨ | જિનમંડનોપાધ્યાયકૃત કુમારપાલપ્રબંધની રચના | ૩૧ |
| ,, | ૧૫૧૨ | પદ્મનાભકવિકૃત કાન્હડદે પ્રબંધની રચના. | ૪૨ |
| ,, | ૧૫૫૯ | પર્વત અને ડુંગરે એક વિદ્વાનને ઉપાધ્યાય પદવી આપવાનો સમારંભ કર્યો. | ૫૧ |
| ,, | ૧૫૬૦ | પર્વત અને ડુંગરે જીરાવાલા અને આબુ વગેરેની યાત્રા કરી. | ૫૧ |
| ,, | ૧૫૬૮ | લાવણ્યસમયકૃત વિમલપ્રબંધની રચના | ૩૨ |
| ,, | ૧૫૭૧ | પરબત અને કાન્હાએ જ્ઞાનભંડાર સ્થાપિત કર્યો. | ૫૦ |
| ,, | ૧૫૭૮ | ઇંદ્રહંસકૃત વિમલચરિત્રની રચના | ૩૩ |
| ,, | ૧૮૬૫ | રંગવિજયકૃત ગૂર્જરદેશભૂપાવલીની રચના, ભરૂચમાં. | ૩૫ |

□ □ □